રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકભારતી ગ્રામવિદ્યાપીઠ વાર્ષિકોત્સવ અને
## સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા

વિષય : સંતવાણી અને જીવનમૂલ્યો

વક્તા : શ્રી નિરંજનભાઈ રાજ્યગુરુ




સ્થળ: સારસ્વત ભવન, લોકભારતી

તારીખ: ૩૧-૧૨-૨૦૨૧, શુક્રવાર

ધર્મ એક વ્યવસ્થા છે અને અધ્યાત્મ અવસ્થા છે.

- નિરંજનભાઈ રાજ્યગુરુ

વર્ષ: ૭૫

અંક : ૦૭

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૨

# લોકભારતી ગ્રામવિદ્યાપીઠ વાર્ષિકોત્સવની એક ઝલક



સંચાલન
શ્રી વિશાલભાઈ ભાદાણી






સંચાલન
શ્રી વિશાલભાઈ જોશી



સંદેશાવાચન
શ્રી કાંતિભાઈ ગોઠી



સંતવાણી અને જીવનમૂલ્યોના સૂર રેલાવતા
નિજાનંદી નિરંજનભાઈ રાજ્યગુરુ



વાર્ષિક અહેવાલ
શ્રી હસમુખભાઈ દેવમુરારિ





મહેમાનશ્રીનું અભિવાદન
શ્રી હસમુખભાઈ પટેલ અને શ્રી રામચંદ્રભાઈ પંચોળી

# કોડિયું

વર્ષ : ૭૫ ફેબ્રુઆરી : ૨૦૨૨ અંક : ૦૭

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા વાર્ષિક અહેવાલ**<br>હસમુખભાઈ દેવમુરારિ | ...૩૯૧ |
| ૦૨ | **ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ, આંબલા–મણાર વાર્ષિક અહેવાલ**<br>સુરસંગભાઈ ચૌહાણ | ...૪૧૪ |
| ૦૩ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૪૨૯ |


**..ક્ષમા યાચના..**

'ટાળો, ટાળો તોય ગોટાળો!' જેવો ઘાટ છેલ્લા 'સર્વોદય' વિશેષાંકના થયો. સમગ્ર કોડિયું ટીમે અથાક પ્રયત્ન સાથે જાગૃતિપૂર્વકનું સંપાદન કાર્ય કર્યું. ટેક્નિકલ ખામીને કારણે 'ફોન્ટ' અદલા-બદલી દરમિયાન સંસ્કૃત શ્લોકમાં અને અન્યત્ર થોડી ભૂલો રહી ગઈ!! શુભેચ્છકોનો માર્ગદર્શક પ્રેમાળ ઠપકો માથે ચડાવીને ક્ષમા ચાહીએ છીએ. અને ઘણું શીખ્યા તેટલો ફાયદો ગણી શકાય!

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)

**સંપાદક-મંડળ:**

વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


◆ **સૂચના** ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-

## તંત્રી સ્થાનેથી...

**થેન્ક યૂ, મારા નાથ!**

તા.૩૧ ડિસેમ્બર-૨૦૨૧ના રોજ બારશોત્સવ સંપૂર્ણ ગુણવત્તાસભર ઉજવાયો. મારો માંહ્યલો એક અનોખો રોમાંચ-ધન્યતા-રાજીપો અનુભવતો હતો! હું કોઈને તે દિવસે મારી લાગણી અભિવ્યક્ત કરી શક્યો નહીં, આજે તંત્રીનોંધ લખવા બેઠો ત્યારે આ રાજીપાની અનરાધાર વર્ષાએ હૃદય અને મનને તરબતર કરી મૂક્યાં. આપ સૌને મારા પરિવારજન સમજીને પૂરી કૃતજ્ઞતા સાથે આ રાજીપો વ્યક્ત કરું છું!

આ આપણો વાર્ષિકોત્સવ મારા માટે પચાસમો હતો!!! આમ તો જન્મ-ઉછેર-વિકાસ બધું અહીં જ, પણ સક્રિય કાર્યકર, જવાબદાર, ફરજદાર અને વડા તરીકે ૧૯૭૨થી ૨૦૨૨ના સમયમાં જે ભાવથી ભાગીદારી કરી છે, તેણે મને ભાવુક કર્યો છે. દાદાઓના ખોળામાં અને સારસ્વતભવનના પાયામાં રમતાં રમતાં નિયતિએ આજે મને 'પાયો' બનાવી દીધો છે.

એક સર્વે પ્રમાણે વિશ્વમાં માત્ર એક ટકા લોકો જ એવા છે કે જેમનો જીવનશોખ અને આજીવિકા એક હોય. જે નસીબદાર હોય તેને જ ઋષિવર્યોની પાવનભૂમિ, તપોભૂમિ, સ્વર્ગસમી લોકભારતીમાં કામ કરવાનું સદ્‌ભાગ્ય મળે. હું આથી મોટું સુખ હવે ઈશ્વર પાસે શું માગું? થેન્ક યૂ, મારા નાથ...

એક સદ્‌વિચારના જીવનમૂલ્યને સામૂહિક રૂપે જીવવાની કોશિશ કરતી આપણી વહાલી લોકભારતીને મેં તેના વિવિધ પડાવોમાં પડતી, આખડતી, ચડતી, અકળાતી અને સોળે કળાએ ખીલતી જોઈ છે. મેં તો, જરાક સમજણો થયો ત્યારથી આજ સુધીની મારી આ નિજાનંદી લોકભારતી સફર દરમિયાન જોયું છે કે લોકભારતીનું અનેક ક્ષેત્રે 'ઘડતર' થયું છે અને કામ કરતાં કાર્યકરોનું 'ઉઘડતર' થયું છે!

દેશી નળિયાંના સ્થાને સ્લેબ, સમૂહ શૌચાલયોના સ્થાને 'અટેચ્ડ ટોઈલેટ' સુવિધા, કાચા ગાડા-કેડાના સ્થાને પાકા રસ્તા, ચિઠ્ઠીઓથી થતો વ્યવહાર ઈ-મેઈલ અને વોટ્સએપથી થઈ રહ્યો છે, ગાંધીવિચાર આધારિત કેળવણીના અભ્યાસ, પ્રચાર, પ્રસાર માટેનાં સાધનો પણ બદલાયાં છે. કાર્યકરોને નોકરિયાત થતાં પણ જોયા છે. આ બધા વચ્ચે આજે પણ આપણું શિક્ષણ, સંશોધન અને વિદ્યાવિસ્તરણ દ્વારા સ્થાયી ગ્રામવિકાસનું સાધ્ય નથી બદલાયું, એ વડીલોનાં આશીર્વાદ જ ગણવા રહ્યાં.

પચાસ વર્ષમાં હું નીચેની પાંચ બાબતો સંદર્ભે સ્પષ્ટ થયો છું કે જેણે મને ઊજળા ભવિષ્યનું શમણું દેખાડી બળવત્તર કર્યો છે.

(૧) નઈ તાલીમ પ્રત્યેની શ્રદ્ધા ક્યારેય ઓછી થવી ન જોઈએ. ક્યારેય થાકવા-હારવાનું નથી.

(૨) વૈશ્વિક કક્ષાની તમામ સમસ્યાઓનો ઉકેલ નઈ તાલીમ શિક્ષણ પ્રણાલી ધરાવતા 'શિક્ષણ' નામના સાધન પાસે જ છે. એ જ રામબાણ ઈલાજ છે.

(૩) સંપૂર્ણ નિસ્વાર્થ ભાવે સાતત્યપૂર્ણ કામ કરીશું તો બ્રહ્માંડને મદદ કર્યા સિવાય છૂટકો જ નથી.

(૪) જે તે કાળની વાસ્તવિક ધરાને નજર સામે રાખી જરૂરિયાત પ્રમાણેની પરિવર્તનની પાંખે ઊડવાની નૈતિક હિંમત જ આપણને ઝંઝાવાતો સામે ટકાવી રાખશે.

(૫) સર્જનહાર-રચિયતામાં પૂર્ણ શ્રદ્ધા રાખી 'અમે'ના ડસ્ટરથી 'હું'ને જેટલો ભૂંસી શકીશું, તેટલી સંસ્થા વધારે ઓજસ્વી-તેજસ્વી થશે.

ઘણું જીવો આપણી લોકભારતી!

—

## આદ્યતંત્રીઓની કલમે...

**ધર્માર્થકામમોક્ષાય**

માનવીના વ્યક્તિગત જીવનનો હિંદુ ધર્મશાસ્ત્રોએ ઘણો બારીકાઈથી અભ્યાસ કર્યો છે.

સૌ પ્રથમ તો માનવજીવનનું પ્રયોજન શું છે, તે સૌ ધર્મશાસ્ત્રોએ નક્કી કર્યું. એ પ્રયોજન મોક્ષ જ છે. આ પ્રયોજન નક્કી કરવામાં ધર્મશાસ્ત્રો માત્ર લાગણીથી કે ભાવનાથી પ્રેરાયાં નથી, પરંતુ એ વસ્તુ તેમણે લાંબા વખતના અનુભવથી નર્યા સત્ય તરીકે સ્વીકારી છે. કોઈપણ છોડ ગમે ત્યાં ઊગી નીકળે, તે સૂર્યપ્રકાશ તરફ જ વળે છે, તેમ માનવી ગમે તે સ્થાને હોય તે સીધી કે આડકતરી રીતે મોક્ષના માર્ગ તરફ વળ્યા સિવાય રહી શકતો નથી.

આપણા ધર્મશાસ્ત્રકારોએ મોક્ષ તરફ લઈ જનારા બીજા ત્રણ પુરુષાર્થ ગણ્યા છે, એ છે ધર્મ, અર્થ અને કામ. કામ એ માનવીના ઐહિક જીવનમાં મુખ્ય પુરુષાર્થ છે. માનવી જન્મે ત્યારે પોતાની સાથે અનેક જન્મજન્માંતરોની અતૃપ્ત વાસનાઓ અને અતૃપ્ત મનોરથો લાવે છે અને એને તૃપ્ત કરવા માટે પ્રયત્ન કરે છે. તેને પહોંચવું તો છે મોક્ષ સુધી, પણ મોક્ષ સુધી પહોંચવાનો સીધો માર્ગ તેને હાથ લાગે ત્યાં સુધી તે આડોઅવળો કુટાય છે. કોઈપણ જાતની એષણા, પરિએષણા એ કામ. એ સ્થૂળ પણ હોય, સૂક્ષ્મ પણ હોય. આ કામ માનવીના મનમાં અંદર રહ્યો રહ્યો ધક્કો મારતો હોય છે, આ ધક્કાના બળે માનવી જીવનમાં પ્રવૃત્તિ કર્યા કરે છે.

પરંતુ, સૃષ્ટિમાં આ કરવું કે આ ન કરવું તે વિવેકબુદ્ધિ માત્ર માણસને જ મળી છે. બિલાડીને ઉંદર દેખાય પછી તે તેને મારવો જોઈએ કે નહીં તે વિચારવા ઊભી નથી રહેતી, કારણ કે એ વિચારવાની શક્તિ તેને ઈશ્વરે આપી નથી. પણ હિટલર યહૂદીઓની કતલ કરે ત્યારે તે અધર્મ બને છે, કેમ કે જન્મજન્માંતરના સંસ્કાર ગમે તેવો ધક્કો મારે, કયા સંસ્કારને આગળ આવવા દેવો અને કેવા સંસ્કારને રોકવો તેની વિવેકશક્તિ ઈશ્વરે મનુષ્યને તો આપી જ છે. તેથી તેણે સારી પ્રવૃત્તિઓ માટે પુરુષાર્થ કરવાનો છે.

આમ, કામ જીવનનું પ્રેરણાબળ છે પરંતુ આ પ્રેરણાબળને કાર્ય કરવાને માટે કેટલીક બાહ્ય સામગ્રીની જરૂર પડે છે. આને આપણે અર્થ એવું નામ આપીએ છીએ. અર્થ એ પ્રધાન પુરુષાર્થ નથી, પણ કામની સાથે સંકળાયેલો અવાંતર પુરુષાર્થ છે. અર્થ વિના કામની સિદ્ધિ સંભવ નથી અને માનવીએ અર્થનો સદંતર ત્યાગ કરવો એ જીવનના સામંજસ્ય માટે હિતાવહ પણ નથી.

પરંતુ, કામ અને અર્થ બન્નેએ ધર્મની મર્યાદા સ્વીકારીને જ ચાલવું જોઈએ. માણસ કામનાને, મહેચ્છાને દાબી, કચડી કે બાળી શકતો નથી, પરંતુ કામને ધર્મબુદ્ધિથી ભોગવી નિર્મળ કરી શકે છે. અર્થ પણ કોઈ પણ કામની તૃપ્તિ અર્થે ન હોય તો તે જીવનનો પુરુષાર્થ ગણાવાને લાયક નથી. જે બાવાવૈરાગીઓ વિવેક વિના અર્થનો સદંતર ત્યાગ કરે છે, તેઓ માનવજીવનને વેડફી નાખે છે એમ જ કહી શકાય. એટલે કામની માફક અર્થની ઉપાસના પણ ધર્મની મર્યાદામાં રહીને માણસે કરવી જોઈએ.

- નાનાભાઈ ભટ્ટ

## ૦૧. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા વાર્ષિક અહેવાલ (તા. ૨૩-૧૨-૨૦૧૯થી તા.૩૦-૧૨-૨૦૨૧)

### હસમુખભાઈ દેવમુરારિ

---

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વાર્ષિકોત્સવ કાર્યક્રમના અધ્યક્ષ અને આજની સ્વ.પૂ.નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળાના વક્તા સંતવાણીના મર્મજ્ઞ અને અભ્યાસી આ. શ્રી ડૉ. નિરંજનભાઈ રાજ્યગુરુ, આ.શ્રી અરુણભાઈ, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, અમારા નિમંત્રણને માન આપી પધારેલા સૌ મુરબ્બીઓ અને મિત્રો, ગ્રામજનો, સર્વે કાર્યકરો અને પરિવારજનો અને વહાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો.

**-: શ્રદ્ધાંજલિ :-**

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં પહેલાં બૃહદ લોકભારતી પરિવારમાંથી દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. શ્રી ભરતભાઈ દવે-લાઇબ્રેરીનાં માતુશ્રી અનસૂયાબહેન દવે, ભાનુપ્રસાદજી ટુંડિયાના પિતાશ્રી ચતુરદાસજી, લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી શ્રી જમુબહેન ચૌધરી, ગ્રાદમૂ-આંબલાના કાર્યકર શ્રી રવિભાઈ પંડ્યાનાં માતુશ્રી જ્યોત્સ્નાબહેન પંડ્યા, પૂર્વ કાર્યકર શ્રી મનુભાઈ શાહનાં ધર્મપત્નીશ્રી કલ્યાણીબહેન, લોકસેવાના કાર્યકર શ્રી મગનભાઈ ગોહેલ, લો.ભા.ના શુભેચ્છક શ્રી કુંદનિકાબહેન કાપડિયા, શ્રી મનસુખભાઈ માંડવિયાના પિતાશ્રી લખમણભાઈ માંડવિયા, શ્રી રઘુવીરભાઈ ચૌધરીનાં ધર્મપત્નીશ્રી પારુલબહેન ચૌધરી, શ્રી મનોજભાઈ અગ્રાવતનાં માતુશ્રી સવિતાબહેન, પૂર્વકાર્યકર શ્રી દયાળભાઈ પટેલ, દાતાશ્રી વલ્લભભાઈ સવાણીનાં ધર્મપત્ની શ્રી અંજવાળીબહેન, શુભેચ્છક શ્રી અશોકભાઈ કનુભાઈ વ્યાસ, શુભેચ્છક શ્રી સુરેશભાઈ પરીખ, પૂર્વવિદ્યાર્થી શ્રી મોહનભાઈ દાંડીકર, પૂર્વવિદ્યાર્થી શ્રી પ્રતાપભાઈ પંડ્યા, પૂર્વવિદ્યાર્થી શ્રી કિશોરભાઈ ત્રિવેદી, પૂર્વનિયામકશ્રી કુમુદભાઈ ઠાકર, શુભેચ્છક શ્રી મણિભાઈ ગાંધી, શુભેચ્છક શ્રી કીર્તિભાઈ પંડ્યા, શુભેચ્છક શ્રી ધ્રુવભાઈ આત્મારામભાઈ ભટ્ટ, શુભેચ્છક શ્રી છેલભાઈ શુક્લ, પૂર્વનિયામક શ્રીદલપતભાઈ દાણીધારિયાનાં પત્ની શ્રી નીલાબહેન, શુભેચ્છક શ્રી જયંતભાઈ મેઘાણી, શ્રી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ ત્રિવેદી, શ્રી રાજુભાઈ નૈયાનાં માતુશ્રી મોંઘીબહેન નૈયા, શ્રી રાણાભાઈ લવતુકાના પિતાશ્રી સાદુળભાઈ લવતુકા, ગ્રા.દ.મૂ-આંબલાના ચોકીદાર શ્રી ગવુભાઈ ગોહિલ, શ્રી વિક્રમભાઈ દેસાઈના પિતાશ્રી રામજીભાઈ દેસાઈ, સ્વ.શ્રી દલસુખભાઈ ગોધાણીનાં ધર્મપત્ની શ્રી અજવાળીબહેન ગોધાણી, પૂર્વવિદ્યાર્થી શ્રી મનુભાઈ ચૌધરી, શ્રી પ્રકાશભાઈ રાઠોડના પિતાશ્રી માવજીભાઈ રાઠોડ, પૂર્વવિદ્યાર્થી શ્રી ધનંજયભાઈ પંડ્યા, એગ્રોસેલના શ્રી મનોજભાઈ ગોહિલ, નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણનાં પુત્રવધૂ શ્રી સોનલબહેન પ્રફુલ્લભાઈ ચૌહાણ, શ્રી ભાવેશભાઈ ડાંગરના પિતાશ્રી બાલાભાઈ ડાંગર, શુભેચ્છક શ્રી કિશનભાઈ ગોરડિયા, શુભેચ્છક શ્રી અરવિંદભાઈ દેસાઈ, પૂર્વનિયામકશ્રી પ્રવીણભાઈ ઠક્કરનાં ધર્મપત્ની શ્રી દીપાબહેન ઠક્કર, શ્રી હસમુખભાઈ સુથારના પિતાશ્રી ભોગીભાઈ સુથાર, શુભેચ્છક શ્રી વેલજીભાઈ દેસાઈ, શુભેચ્છક શ્રી બદ્રીભાઈ જોશી, શુભેચ્છક શ્રી ધીરુભાઈ ડોબરિયા, શુભેચ્છક શ્રી રાજેશભાઈ ત્રિવેદી, શુભેચ્છક શ્રી ઇન્દુકુમાર જાની, શુભેચ્છક શ્રી ઉદયસિંહજી ગોહિલ, શુભેચ્છક શ્રી વિનુભાઈ સાંકળિયા, શુભેચ્છક શ્રી સિદ્ધાર્થભાઈ વરમોરા, શુભેચ્છક શ્રી પ્રફ્લલભાઈ સરૈયા, શુભેચ્છક શ્રી દીપકભાઈ ત્રિવેદી, શુભેચ્છક શ્રી ગોવિંદભાઈ ચૌહાણ, શુભેચ્છક શ્રી પ્રેમજીભાઈ મકવાણા, શુભેચ્છક શ્રી બાલુભા ગોહિલ, શુભેચ્છક શ્રી ચંદ્રિકાબહેન ઉમરાળિયા, શુભેચ્છક શ્રી ધનજીભાઈ

બારડ, શુભેચ્છક શ્રી નાનબા લાલુબાપુ ગોહિલ, શુભેચ્છક શ્રી રતિભાઈ દવે, શુભેચ્છક શ્રી અબ્દુલભાઈ માથકિયા, શુભેચ્છક શ્રી રમાબહેન વંદ્રા, શુભેચ્છક શ્રી સમરસિંગભાઈ ચૌહાણ, શુભેચ્છક શ્રી ચતુરભાઈ ગોહેલ, શુભેચ્છક શ્રી રામજીભાઈ પટેલ, શુભેચ્છક શ્રી પરેશભાઈ પંડ્યા, શુભેચ્છક શ્રી હર્ષદભાઈ પંડિત, શુભેચ્છક શ્રી રણમલસિંહજી જાદવ, શુભેચ્છક શ્રી ચંપાબહેન પંડિત, શુભેચ્છક શ્રી જ્યોતિષભાઈ વોરા, શુભેચ્છક શ્રી લાભશંકરભાઈ જોશી, શુભેચ્છક શ્રી પ્રતાપભાઈ શાહ, પૂર્વવિદ્યાર્થી શ્રી બાલુભાઈ ચૌધરી, શુભેચ્છક શ્રી સવિતાબહેન વિઠ્ઠલભાઈ કોઠારી, શુભેચ્છક શ્રી કુમારભાઈ ભટ્ટ, શુભેચ્છક શ્રી પુનીબાઈ દેસાઈ, પૂર્વ ટ્રસ્ટીશ્રી કાંતિસેનકાકા શ્રોફ, શુભેચ્છક શ્રી ભરતભાઈ બાલકૃષ્ણ દવે, શુભેચ્છક શ્રી ભગતભાઈ શેઠ, પૂર્વકાર્યકર શ્રી ભરતભાઈ પટેલ, શ્રી રમેશભાઈ વીરમગામીનાં માતુશ્રી લીલાવતીબહેન વીરમગામી, શુભેચ્છક શ્રી અનિલભાઈ પરશોત્તમભાઈ ઝાલાવડિયા, શ્રી પ્રવીણભાઈ દામાભાઈ ગાંધી, શુભેચ્છક શ્રી દયાબેન ધનસુખભાઈ શેઠ, પૂર્વવિદ્યાર્થી શ્રી પોપટભાઈ જાંબુચા, શુભેચ્છક શ્રી મંજુલાબહેન જગદીશભાઈ શાહ, પૂર્વકાર્યકર શ્રી ત્રંબકભાઈ વ્યાસ, શુભેચ્છક શ્રી મનુભાઈ મહેતા, લો.ભા.ના પૂર્વ ટ્રસ્ટીશ્રી હસમુખભાઈ શાહ, શુભેચ્છક ડૉ. જયભાઈ સંઘવી, શુભેચ્છક શ્રી પ્યારેભાઈ હાલાણી, શુભેચ્છક શ્રી ઉષાબેન પટેલ સહિતના આપણા બૃહદ્ પરિવારના દિવંગત આત્માઓને વંદન સાથે આપણ સૌ વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**-: સેવાનિવૃત્તિ માટે શુભેચ્છાઓ :-**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી વીરાભાઈ ચૌહાણ | અધ્યાપક | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૨ | શ્રી નીલિમાબેન વ્યાસ | અધ્યાપિકા | M.R.S. |
| ૦૩ | શ્રી ભૂપતભાઈ સોલંકી | સેવક | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૪ | શ્રી ભાવનાબહેન પાઠક | આચાર્ય | અધ્યાપન મંદિર |
| ૦૫ | શ્રી છગનભાઈ સોલંકી | સેવક | અધ્યાપન મંદિર |
| ૦૬ | શ્રી રમેશભાઈ ખેર | ઉપનિયામક<br>અધ્યાપક | લો.ભા. ગ્રામવિદ્યાપીઠ<br>અધ્યાપન મંદિર |

**-: નવનિયુક્તોને આવકાર :-**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી વિશાલભાઈ ભાદાણી | નિયામક | ગાંધીભારતી |
| ૦૨ | શ્રી સોનલબહેન પરીખ | સંયોજક | કોડિયું અને ગાંધીભારતી |
| ૦૩ | શ્રી ચિરાગભાઈ કંટારિયા | અધ્યાપક | B.Voc. |
| ૦૪ | શ્રી દિશિતાબહેન ધમસાણિયા | અધ્યાપક | B.Voc. |
| ૦૫ | શ્રી કિશોરભાઈ હીરાણી | સંશોધન | મદદનીશ લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૬ | શ્રી મિલનભાઈ કેરશિયા | ગૃહપતિ | છાત્રાલય વિભાગ |

**-: સંસ્થાના વિભાગોનો વિભાગવાર અહેવાલ આપું તે પહેલાં કેટલાક સમૂહના સમાચારોની એક ઝલક :-**

● ગત વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન અને સ્વ.પૂ.નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાના સત્તાવનમા મણકાનાં બે વ્યાખ્યાન પ્રસિદ્ધ લેખક માનનીયશ્રી દીપકભાઈ સોલિયાએ 'હિંદસ્વરાજ અને કેળવણી' સંદર્ભે આપ્યાં. લોકભારતીના નિયામકે સંસ્થાનો અહેવાલ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન સાથે રજૂ કર્યો.

● કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાની આગેવાની તળે ગત સાલ ગાંધી-૧૫૦ નિમિત્તે યોજાયેલ પદયાત્રાને એક વર્ષ પૂર્ણ થતાં તેની સ્મૃતિ તરીકે ગ્રામદક્ષિણામૂર્તિ-મણારથી પ્રારંભ થયેલી સ્મૃતિયાત્રા લોકભારતી પહોંચી. લોકભારતીની સાયં પ્રાર્થનામાં સમાપન કાર્યક્રમ યોજાયો.

● પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સવારે પરેડ, ધ્વજ વંદન કાર્યક્રમ પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-જસદણના સંયોજક શ્રી સુમનભાઈ રાઠોડના હસ્તે કરવામાં આવ્યો. જેમાં શ્રી સુમનભાઈ રાઠોડે અને શ્રી રીટાબહેન રાઠોડે પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં, બપોર પછી રમત-ગમતનો કાર્યક્રમ રહ્યો.

● ગાંધીનિર્વાણ દિન નિમિત્તે વહેલી સવારે પ્રાતઃ પ્રાર્થના અને ૦૮-૩૦ કલાકે ગાંધી નિર્વાણ દિન સંમેલનમાં વીરમપુર બાજુના ઊંડાણના આદિવાસી વિસ્તારને કાર્યક્ષેત્ર બનાવી કાર્યરત શ્રી મુસ્તુખાનભાઈ સુખ અને શ્રી મુમતાઝબહેને પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યાં. બપોરથી સાંજ સુધી વિદ્યાર્થીઓ આપણે ત્યાં ચાલતા 'અહિંસાની કેળવણી' કાર્યક્રમ અંતર્ગત લોકભારતીની આજુબાજુનાં વીશેક ગામોમાં જુદી જુદી ટુકડીઓમાં ગયા અને જઈને અહિંસાને લગતા વિભિન્ન કાર્યક્રમો કર્યા.

● પૂ. મોરારિબાપુ તા.૦૭મી જાન્યુઆરીના રોજ ઓચિંતા જ આંદામાન-નિકોબારની કથામાંથી પાછા ફરતાં થોડી વાર માટે લોકભારતી આવી પહોંચ્યા. સાયં પ્રાર્થના પછી સૌ તેમના દર્શન કરવા મહેમાનઘરની પાસે એકઠા થઈ ગયા અને સૌએ થોડી પવિત્ર પળો માણી.

● ABP અસ્મિતા ચેનલ દ્વારા અમદાવાદ મુકામે ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે શ્રી રઘુવીરભાઈ ચૌધરીનું તથા શ્રી અરુણભાઈ દવેનું સન્માન કરવામાં આવ્યું. બંને વડીલોને શુભેચ્છાઓ.

● પ્રસિદ્ધ વૈજ્ઞાનિક શ્રી વિક્રમ સારાભાઈની જન્મ શતાબ્દી નિમિત્તે ISRO(Indian Space Research Organization) દ્વારા લોકભારતીના આંગણે લોકવિજ્ઞાન કેન્દ્ર અને લોકભારતી અધ્યાપન મંદિરના સંયુક્ત આયોજનમાં એક વિશાળ સ્પેસ એક્ઝીબિશન યોજાઈ ગયું. લો.ભા. અધ્યાપન મંદિરનાં તાલીમાર્થીઓએ સમગ્ર વ્યવસ્થાઓ સંભાળી. એક્ઝીબિશનમાં તાલીમાર્થીઓએ એક્ઝીબિશનના એક-એક ઇન્સ્ટ્રુમેન્ટ્સ વિશે મુલાકાતીઓને બહુ ઊંડાણપૂર્વક સમજણ આપી. ઉપરાંત સ્પેસ અંગેની વીડિયો ક્લિપ્સ, વૈજ્ઞાનિકો સાથેની પ્રશ્નોત્તરી, ચિત્ર સ્પર્ધા, વૈજ્ઞાનિક રમતો, મોજીલા શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ વગેરે પણ સમાંતરે ચાલ્યાં. લો.ભા. અધ્યાપન મંદિરનાં આચાર્યા શ્રી ભાવનાબહેન પાઠકની નિગરાનીમાં પૂરી ટીમે ટીમસ્પીરીટથી આ કાર્ય પાર પાડ્યું. આજુબાજુની ૧૨૯ શાળાઓના ૬૪૫૨ વિદ્યાર્થીઓએ આ એક્ઝીબિશન બહુ રસપૂર્વક નીહાળ્યું. આની સાથે એક ફરતું અંતરિક્ષ બસ-પ્રદર્શન(Exhibition on Wheels)પણ રાખવામાં આવેલું, જેને આજુબાજુના ચાર તાલુકાઓની ૫૫ શાળાઓના લગભગ ૮૦૦૫ વિદ્યાર્થીઓએ આ ફરતું પ્રદર્શન/ એક્ઝીબિશન બહુ રસપૂર્વક નીહાળ્યું.

● સાહસ દોડ આ વર્ષે લોકભારતીથી મુનિ આશ્રમ-હડમતિયા સુધીની યોજાઈ ગઈ. તેમાં બધા વિભાગોનાં વિદ્યાર્થીઓ, કાર્યકરો અને પરિવારજનોએ ઉત્સાહપૂર્ણ ભાગ લીધો.

● તા.૧૬મી માર્ચ-૨૦૨૦થી વિશ્વવ્યાપી મહામારી કોરોનાને કારણે પૂરા દેશમાં સામાજિક અંતર જાળવી રાખવા લોકડાઉન જાહેર કરવામાં આવતા ગોશાળા-ખેતી-બાગાયત-છાત્રાલય કોઠાર જેવાં આવશ્યક અને અનિવાર્ય કાર્યો જ શરૂ રહ્યાં, બાકીની મોટાભાગની બધી જ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સ્થગિત રહી.

● 'દર્શક' જન્મ તિથિ, સ્થાનિક રીતે જ સાયં પ્રાર્થનાના અનુસંધાને ઊજવવામાં આવી. શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ પ્રાસંગિક વાત કરી, પછી સરપ્રાઇઝ રૂપે એક પ્રેઝન્ટેશન રજૂ કરીને આપણે સૌ 'દર્શક'ને જન્મદિનની રીટર્ન ગિફ્ટ તરીકે B.Voc. કોર્સ શરૂ કરતાં હોઈએ તેવું વ્યક્ત કર્યું. કારણ કે B.Voc. કોર્સ એટલે 'દર્શક' અને આપણા સૌ દાદાઓની કલ્પના પ્રમાણેનો વિદ્યાર્થીને સરકારી નોકરીની રાહ જોવાને બદલે આત્મનિર્ભર બનાવે તેવો આ કોર્સ છે.

● લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓના મુખપત્ર 'કોડિયું'ને નવાં નવાં સ્વરૂપે મૂકવા આપણે સૌ સતત પ્રયત્નશીલ છીએ. એમાં એક વિશેષ ઉમેરો કર્યો. 'કોડિયું'ના દરેક લેખ અવાજના સ્વરૂપે પણ હવે મૂકવા શરૂ કરીએ છીએ. ઑડિયો રેકોર્ડિંગથી દરેક લેખ કોઈ ઇચ્છે તો સાંભળી શકે તેની લિંક તૈયાર કરીને આપણી વેબસાઇટ પર તથા સોશિયલ મીડિયા ઉપર મૂકી દેવાનો શુભારંભ પણ આ કાર્યક્રમ સાથે જ ગોઠવાયો.

● ત્રણ દિવસની જીસીઈઆરટીના નેજા નીચે ડાયેટ-ભાવનગરના આયોજન તળે ત્રણ દિવસનો વાર્તાલેખનનો એક ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો. તે કાર્યક્રમમાં શ્રી રક્ષાબહેન દવે, શ્રી સાંઈરામ દવે અને શ્રી અરુણભાઈ દવેએ માર્ગદર્શક ભૂમિકા ભજવી. સમાપન કાર્યક્રમમાં જીસીઈઆરટીના ડાયરેક્ટર શ્રી ટી.એસ. જોશી સાહેબ ઉપસ્થિત રહ્યા. ગુજરાતભરમાંથી લગભગ ૪૪ જેટલાં શિક્ષક-શિક્ષિકાઓએ સક્રિય ભાગીદારી કરી. સારસ્વતભાવનમાં વાર્તાલેખન શિબિરમાં પધારેલા અને જાણીતા લોકસાહિત્યકાર અને શિક્ષણવિદ શ્રી સાંઈરામ દવેનો લોકસાહિત્યનો એક નાનકડો મનોરંજન કાર્યક્રમ યોજાઈ ગયો.

● પ્રજાસત્તાકદિન નિમિત્તે કોવિડ-વોરિયર પ્રતિનિધિ અને મહિલા પ્રતિનિધિ તરીકે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-સણોસરાના પૂર્વ આરોગ્ય અધિકારી ડૉ. હેતલબહેન લીંબાણીના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. ધ્વજવંદન બાદ તેઓએ પ્રસંગને અનુરૂપ ટૂંકું વક્તવ્ય રજૂ કર્યું. સારસ્વતભવનમાં ગણતંત્ર દિવસ કાર્યક્રમમાં સમૂહમાં ગીતગાન પછી શ્રી વિશાલભાઈ ભાદાણીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રજાતંત્ર વિશેની સમજણ આધુનિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી.

● ગાંધીનિર્વાણ દિન નિમિત્તે સમગ્ર લોકભારતી પરિવાર સંસ્થાના જુદાજુદા વિસ્તારમાં સફાઈકાર્યમાં લાગ્યો. સાંજે ગાંધીનિર્વાણ દિન કાર્યક્રમ સારસ્વતભવનમાં ૦૪-૧૫થી યોજાયો, તેમાં બે વિદ્યાર્થી પ્રતિનિધિઓએ પોતાનો પ્રાસંગિક સ્વાધ્યાય રજૂ કર્યો. ગાંધીજી અંગેની બેએક વીડિયો ક્લિપ્સ બતાવવામાં આવી.

● ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નૉલૉજીના ગુજરાતભરનાં લોકવિજ્ઞાન કેન્દ્રોના કો-ઓર્ડીનેટર્સનો એક ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો. શ્રી અરુણભાઈ દવેએ પ્રારંભિક ભૂમિકા રજૂ કરી, ગુજકોસ્ટના ડાયરેક્ટરશ્રી નરોત્તમ સાહૂજીએ વર્ચ્યૂઅલ મોડથી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો. ચારુસેટ યુનિવર્સિટીના કુલપતિ અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રસિદ્ધ ખગોળ વિજ્ઞાની ડૉ. પંકજ જોશીએ બહુ જ રસપ્રદ રીતે 'વિજ્ઞાન, ભવિષ્ય અને ગાંધી' વિષય અન્વયે ચાવીરૂપ વ્યાખ્યાન રજૂ કર્યું.

● જાણીતા લેખક અને લોકભારતીની શુભેચ્છક શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની લોકભારતીમાં રહેવા માટે આવી ગયા. તેઓના આ નિવાસ દરમિયાન તેઓએ વિભાગવાર વ્યાખ્યાનો અને તા.૦૫ના રોજ લોકભારતીના સમગ્ર કાર્યકરો સાથે સાંજે ૦૪-૩૦થી ૦૬-૦૦ દરમિયાન 'સંવાદ' નામે બેઠક અને સાયં પ્રાર્થનામાં પણ વિદ્યાર્થીઓ સમક્ષ તેઓએ સરસ રીતે વક્તવ્યો રજૂ કર્યાં.

● દર વર્ષે લોકભારતી ખાતે યોજાતી જી.સી.ઈ.આર.ટી.ના ગુજરાતભરના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના બી.એડ્.ના તાલીમાર્થીઓની ચાર-ચાર દિવસની તાલીમ શિબિરો 'હું શિક્ષક છું' ITOWEના આયોજન તળે શરૂ થઈ. ગુજરાતના કુલ ૧૧૦૩ તાલીમાર્થીઓએ આ શિબિરનો લાભ લીધો.

● જાણીતા લેખક અને પત્રકાર શ્રી ઉર્વીશભાઈ કોઠારીની સાયં પ્રાર્થનાના અનુસંધાને 'સંવાદ' બેઠક યોજવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ લગભગ સવા-દોઢ કલાક સુધી રસપ્રદ રીતે તેઓને સાંભળ્યા અને સારી એવી પ્રશ્નોત્તરી પણ થઈ.

● તા.૧૭ અને ૧૮ના રોજ 'તાઉતે' વાવાઝોડાએ સૌરાષ્ટ્રના દરિયાકાંઠે જે તારાજી સર્જી તેમાં લોકભારતીનો વારો પણ આવી ગયો. સંસ્થામાં લગભગ બસ્સોએક જેટલાં વૃક્ષો ધરાશાયી થઈ ગયાં, કેટલાંક છાપરાંઓ વગેરેનું સારું એવું નુકશાન થયું છે. અઠવાડિયા સુધી વીજપુરવઠો અને સંદેશાવ્યવહાર ખોરવાયેલો રહ્યો. લોકભારતીનું સૌંદર્ય છિન્નભિન્ન થઈ ગયું. પણ સૌ કાર્યકરોએ એક ગજબના જુસ્સાથી કાર્ય ઉપાડીને અઠવાડિયામાં તો લોકભારતીને ચોખ્ખી-ચણાક બનાવી દીધી. બને તેટલાં વૃક્ષોને ઊભાં કરી બચાવી લેવાનો પણ પ્રયત્ન કર્યો છે.

● લોકભારતીના પૂર્વ વિદ્યાર્થીઓએ સ્વયંભૂ રીતે લોકભારતીમાં વાવાઝોડાને કારણે પડી ગયેલાં વૃક્ષોની સામે નવાં વૃક્ષો વાવી ઉછેરી દેવા સુધીની એક યોજના 'લોકભારતી ભૂતપૂર્વ વિદ્યાર્થી હરિત-સ્મૃતિ યોજના' બનાવી એક વૃક્ષ દીઠ રૂપિયા એક હજાર લેખે લોકભારતીના બેંક ખાતામાં ઓનલાઇન પદ્ધતિથી રકમ ટ્રાન્સફર કરવાની હાકલ કરી અને તેમાં વળી પૂ. મોરારિબાપુ જેવાના આશીર્વાદ સાંપડ્યા. આમ, બહુ સારી એવી મદદ આવી.

● સ્વાતંત્ર્યદિન નિમિત્તે સવારે કોરોનાકાળને અનુલક્ષીને બધા જ પ્રકારની આચારસંહિતા સાથે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો, જેમાં શ્રી મનોહરભાઈ ત્રિવેદીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.

● રક્ષાબંધન કાર્યક્રમ પૂરેપૂરી પરેજી/કાળજી રાખીને તા.૨૨ ઑગસ્ટના રોજ ઉજવવામાં આવ્યો. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી સોનલબહેન પરીખે પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું. બપોરના બહેનોના રસોડે બધા જ વિદ્યાર્થીઓનું સમૂહ ભોજન રહ્યું.

● દર્શક પુણ્યતિથિ નિમિત્તે રાત્રે ૦૮-૩૦ એક વર્ચ્યૂઅલ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. આ વ્યાખ્યાનની વિશેષતા એ રહી કે તે અમેરિકા, યુરોપ અને ભારત એમ બધા દેશોમાં વસતા લોકભારતીના શુભેચ્છકો અને 'દર્શક'ના ચાહકો જોઈ શકે તે સારુ સૌને અનુકૂળ પડે તે માટે આવો સમય રાખવામાં આવ્યો હતો. અમેરિકાસ્થિત સાહિત્યના જાણીતા અભ્યાસી શ્રી મધુસૂદનભાઈ કાપડિયાએ 'સૌ સૌના કર્ણઃ ઉમાશંકર, રવીન્દ્ર, દર્શક અને બીજા' વિષય ઉપર અમેરિકાથી બહુ જ ઊંડાણપૂર્વકના અભ્યાસ સાથેનું વ્યાખ્યાન રજૂ કર્યું. પછીથી એ જ લિંક પર આ વ્યાખ્યાનનું રેકોર્ડિંગ ઉપલબ્ધ હોવાથી દુનિયાભરના અંદાજે પાંચસોએક જેટલા લોકોએ આ વ્યાખ્યાન સાંભળ્યું. અંતે યુ.કે.થી શ્રી વિપુલભાઈ કલ્યાણીએ સમાપન અને આભારદર્શન કર્યું.

● આ વરસે પણ સારા વરસાદથી સીંદરી નદીમાં પાણીની આવક થઈ અને સાતેય તળાવડાં છલકાયાં અને પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર પાસે પાણી નીકળી ગયું. લોકભારતી માટે આ ઘણા શુભ સમાચાર ગણાય છે.

● કોવિડ-૧૯ની પરિસ્થિતિ પછી મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહજી ગોહિલના માર્ગદર્શન હેઠળ લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની સમગ્ર પ્રક્રિયા આટોપીને તા.૨૫ના રોજ મંત્રીમંડળની શપથવિધિનો કાર્યક્રમ સારસ્વત ભવનમાં સંપન્ન કરવામાં આવ્યો. અને એ જ રીતે બીજા સત્રની વિદ્યાર્થી મંત્રીમંડળની સમગ્ર પ્રક્રિયા પણ કરી લેવામાં આવી. હાલ વાર્ષિકોત્સવ દરમિયાન બંને મંત્રીમંડળ સંયુક્ત રીતે કાર્યરત છે.

## -: સંસ્થાકીય પ્રવૃત્તિઓનો વિભાગવાર અહેવાલ :-
## -: લોકભારતી અધ્યાપન મંદિર :-

**કાર્યકર સંખ્યાઃ-**

| ક્રમ | શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|---|
| ૦૧ | ૦૫ | ૦૦ | ૦૫ |

**ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સ્થિતિ :-**

| વર્ષ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૧૧ | ૨૭ | ૩૮ |
| દ્વિતીય વર્ષ | ૨૫ | ૫૦ | ૭૫ |

● આ વર્ષે વયમર્યાદાને કારણે અધ્યાપન મંદિરના આચાર્યા ડૉ. શ્રી ભાવનાબેન પાઠક અને સેવક તરીકે ફરજ બજાવતા શ્રી છગનભાઈ સોલંકી નિવૃત્ત થયા. તેમ જ અધ્યાપક શ્રી રમેશભાઈ ખેર નિવૃત્ત થયા.

● લોકભારતી અધ્યાપન મંદિરની પરંપરા મુજબની ઓળખ જેનાથી ઊભી થઈ રહે તેવા નોંધપાત્ર-ધ્યાનાકર્ષક કાર્યક્રમો આ વર્ષે કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે મર્યાદિત પ્રમાણમાં થયા છે. ઓનલાઈન અભ્યાસ કાર્ય અનેકવિધ રીતે થયું. વીડિયો ટ્યૂટોરિયલ તૈયાર કરવામાં આવ્યા. GOOGLE MEET, YOUTUBE LIVE, ZOOM, CLOUD APP , WHATSAPP વિવિધ પ્લેટફોર્મ દ્વારા તાલીમાર્થી સાથે સેતુ રચાયો.

**અધ્યાપન મંદિર દ્વારા યોજાતા કાર્યક્રમોઃ-**

● ખજાનાની શોધ, ઉત્સવોની ઉજવણી, પ્રાયોગિક પાઠ, કમ્પ્યૂટર પાઠ, યોગ-સંમેલન, મંત્રીમંડળ, વાલીમિલન, ભાષાદિનની ઉજવણી, વગેરે જેવા ક્ષમતાવર્ધન કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ આયોજન-અમલની તાલીમ લીધી.

● નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અન્વયે સુઘડ મુકામે યોજાયેલ કાર્યશાળામાં શ્રી અજયભાઈ પંડ્યા તથા શ્રી અમિતભાઈ સાસાણી જઈ આવ્યા.

● શ્રી સાંઈરામ દવે અને જી.સી.ઈ.આર.ટી. આયોજિત વાર્તા શિબિરમાં શ્રી કવિતાબેન વ્યાસ તથા શ્રી જગદીશગિરિ ગોસાઈ જોડાયાં.

**સજ્જતા–વિસ્તરણ કાર્યક્રમોઃ-**

બાલવાડી શિબિરઃ- આ વર્ષનો બાલવાડી શિબિર તા.૦૬/૧૨/૨૦૨૧થી તા.૧૧/૧૨/૨૦૨૧ દરમ્યાન યોજાઈ ગયો, જેમાં તાલીમાર્થીઓએ સાત દિવસ પૂર્વતૈયારીમાં વિશ્વશાંતિની ગુરુકિલ્લી, દીવાસ્વપ્ન, તોતોચાનનો સ્વાધ્યાય રજૂ કર્યા. તેમ જ છ કાર્યશાળાની સંચાલક ટુકડીએ સઘન પૂર્વતૈયારી કરી. શિબિર દરમ્યાન F.Y.D.El.Ed. શિબિરાર્થીઓ તરીકે અને S.Y.D.El.Ed.ના તાલીમાર્થીઓ સંચાલકની ભૂમિકામાં રહ્યા. શિબિર દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમો રહ્યા.

**જીવન કૌશલ તાલીમઃ-**

આ વર્ષે પણ ચિંતન સાબુ બનાવવાની તાલીમ વિદ્યાર્થીઓને મળી. જીવનકૌશલ પ્રવૃત્તિ અંતર્ગત ઊભો સાવરણો બનાવવો, સાબુ બનાવવા, અગરબત્તી બનાવવી, ધૂપ બનાવવો, મીણબત્તી બનાવવી, ચોકલેટ બનાવવી, જામફળની જેલી, છાણમાંથી કૂંડાં બનાવવાં વગેરે જેવી તાલીમ મળી. હજુ પગલૂછણિયાં બનાવવાં, ચોક બનાવવાની તાલીમનું આયોજન કરેલ છે.

**મુલાકાતી અધ્યાપકશ્રીઓઃ-**

અધ્યાપન મંદિરના પૂર્વ આચાર્યશ્રી, અધ્યાપક તથા પૂર્વ વિદ્યાર્થી અધ્યાપન મંદિરમાં નિયમિત સેવાઓ આપી રહ્યાં છે.

(૧) શ્રી મહેશભાઈ પરમાર, (૨) શ્રી ભૂપેન્દ્રસિંહજી ગોહિલ

## -: લોકસેવા મહાવિદ્યાલય :-

**સ્ટાફઃ-**

| આસિ. પ્રોફેસર | એડમીની. | એડહોક | કુલ |
|---|---|---|---|
| ૧૫ | ૫ | ૪ | ૨૪ |

**વિદ્યાર્થી સંખ્યાઃ-**

| વિભાગ | લોકસેવા મહાવિદ્યાલય | | કુલ સંખ્યા |
|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | |
| પ્રથમ વર્ષ બી.આર.એસ. | ૩૫ | ૩૪ | ૬૯ |
| દ્વિતીય વર્ષ બી.આર.એસ. | ૩૭ | ૩૩ | ૭૦ |
| તૃતીય વર્ષ બી.આર.એસ. | ૪૧ | ૩૦ | ૭૧ |
| કુલ | ૧૧૩ | ૯૭ | ૨૧૦ |

**વૈધાનિક બેઠકોઃ-**

● બોર્ડ ઓફ સ્ટડીઝ બેઠકમાં આગામી પરીક્ષાના વાઈવાની પેનલનાં નામો નક્કી કરવામાં આવ્યાં.

● જીવનવિદ્યા શિબિર યોજાઈ, જેના પ્રબોધક આત્મીય કૉલેજ રાજકોટના પ્રો. જિગરભાઈ રત્નોતર હતા.

શૈક્ષણિક પ્રવાસ/મુલાકાતઃ-

● પ્રવાસ રાજકોટ ગોપાલ ડેરી, ગોપાલ નમકીન, ગાંધી મ્યુઝિયમ, સરધાર મંદિર, તરઘડિયા ખેતીવાડી ફાર્મ ખાતે શ્રી મનોજભાઈના સંકલન હેઠળ ગોઠવાયો, જેમાં વિષય અંતર્ગત અનુબંધ કરવામાં આવ્યો.

● મુખ્ય વિષય પશુપાલનના બીજા વર્ષના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસના ભાગ રૂપે ગૌચર મુલાકાતે ચોરવડલા ગયા અને શ્રી નાગજીભાઈએ ગૌચર વિશે વાતો કરી.

● પ્રથમ વર્ષ સેમ-૧ના વિદ્યાર્થીઓને બાગાયત વિષય અંતર્ગત પ્રત્યક્ષ નિદર્શન માટે સિહોર તાલુકાના વળાવડ, આંબલા વગેરે નર્સરીઓમાં શ્રી યોગેશભાઈ લઈ ગયા. તેમને આ નર્સરીઓમાં રોપ ઉછેર, વાવણી અને તેનું આર્થિક ઉપાર્જન વગેરે વિશે સમજાવવામાં આવ્યા.

**અધ્યાપકો દ્વારા બહારના સેમિનાર/વર્કશોપમાં ભાગીદારીઃ-**

● ડૉ. શ્રીધરભાઈ ગજ્જર રૂરલ ફેકલ્ટીના વિદ્યાર્થીઓનો પ્રોસેસ રીપોર્ટ, ક્રોસવર્ડ વગેરે કાર્યક્રમો સંસ્થામાં ગોઠવાયા, તેમાં, તેમ જ સોમનાથ મંદિર ટ્રસ્ટ, જિ.ગીર સોમનાથ ખાતે સોમનાથ મંદિરની પશુ ચિકિત્સક અધિકારીના ઇન્ટવ્યૂમાં નિષ્ણાત તરીકે તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રૂરલ ફેકલ્ટી માટેની DRC બાહ્ય પરીક્ષકની મિટિંગમાં અને ગઢડા તાલુકાના

ખેડૂતોના ખેડૂત સંમેલનમાં પશુપાલન વ્યવસાયમાં આધુનિકતા ઉપર વ્યાખ્યાન આપવા જઈ આવ્યા.

● ડૉ. હસમુખભાઈ સુથાર દ્વારા યુટ્યૂબર તરીકે વ્યક્તિત્વ વિકાસ, કૃષિ વિકાસ, શીખવા શીખવવાની પદ્ધતિઓ વગેરે વિષયો પર ૨૦-૨૫ જેટલા વીડિયો પોતાની ચેનલ દ્વારા પબ્લિશ કર્યા. યુટ્યૂબ દ્વારા પણ એપ્રેસીએશન પત્ર મોકલવામાં આવ્યો. તેઓએ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત આનન્દાલય કાર્યક્રમમાં 'ઉત્તમ શું? વિષય આધારિત શિક્ષણ કે ઘટના આધારિત શિક્ષણ?' વિષય પર માર્ગદર્શક વક્તા તરીકે તા.૧૩/૦૯/૨૧ના રોજ વર્ચ્યૂઅલ માર્ગદર્શન આપ્યું.

● શ્રી વિશાલભાઈ જોશીએ યુવા દિન નિમિત્તે ચ.મો.વિદ્યાલય-પાલીતાણા દ્વારા આયોજિત fb live ઉપર એકગ્રતા અને વ્યક્તિત્વ વિકાસ ઉપર અને પી.એન.આર. શાહ આર્ટ્સ અને કૉમર્સ કોલેજ-પાલીતાણા દ્વારા આયોજિત ગૂગલ મીટ દ્વારા યોજાતી વ્યાખ્યાનમાળા અંતર્ગત યુજીન યુનેસ્કોના નાટક rhinoceros ઉપર વાર્તાલાપ આપ્યો. અને તેઓએ GTTP (ગ્લોબલ ટુરિઝમ એન્ડ ટ્રાવેલ પાર્ટનરશીપ) દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય વર્ચ્યૂઅલ શિક્ષકની તાલીમમાં ભાગ લીધો.

**વિસ્તરણ પ્રવૃત્તિઃ-**

● લોકસેવા બીજા વર્ષનાં ભાઈ—બહેનો દ્વારા લંગાળા, ગઢુલા, ભૂતિયા, ઝૂરિયા ગામે મતદાન જાગૃતિ અંગે લોકોમાં જાગ્રતતા આવે તેવાં કાર્યો કર્યાં.

● હાર્ટ ફૂલનેસ(યોગ) શિબિરમાં શ્રી રામભાઈ ત્રિવેદી(રામ કૃષ્ણ મિશન-અમદાવાદ)એ માર્ગદર્શન આપ્યું.

● પાંચતલાવડા, ભૂતિયા, ઝરિયા, લંગાળા, ગઢુલા, મુકામે ખેડૂતોના પ્રશ્નો/સમસ્યા અને કમોસમી વરસાદ અને વાવાઝોડાથી થયેલ નુકશાન સંદર્ભે સર્વેની કામગીરી કરી અને સાંઢીડા, ઢાંકણકુંડા, ચોરવડલા, કૃષ્ણપરા, સણોસરા ગામે અભ્યાસના ભાગ રૂપે ગામ પરિચય અને નિરીક્ષણ કર્યું.

**પ્લેસમેન્ટઃ-**

આ વર્ષે ઓક્ટોબર ૨૦૨૧માં Digital Technology Company, Rajkot દ્વારા કેમ્પસ ઇન્ટરવ્યૂ ગોઠવવામાં આવ્યા.

**-: બી.વોક. :-**

● લોકભારતીની સ્થાપના મૂળે તો ગામડાંનો સ્થાયી વિકાસ સાધવાના હેતુસર થઈ છે. ખેતી અને પશુપાલન ક્ષેત્રે સશક્ત ગ્રામીણ યુવાનો તેના વાહકો છે. આથી, લોકસેવા મહાવિદ્યાલય અંતર્ગત ગત વર્ષ ૨૦૨૦માં ફૂડ પ્રોસેસિંગ અને પ્રાકૃતિક ખેતી વિષયમાં 'Bachelor of Vocation' નામનો એક નવો સ્નાતક કક્ષાનો યુ.જી.સી. માન્ય અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો. B.Voc.ના વિદ્યાર્થીઓ દરરોજ બે કલાક સૈદ્ધાંતિક અને ૪-૬ કલાક પ્રત્યક્ષ તાલીમ મેળવે છે. આખો દિવસ ભણાવીને સતત એક મહિનામાં સમગ્ર થિયરીનો ભાગ પૂરો કરીને બાકીના પાંચ મહિના માટે ઓન-ધ-જોબ ટ્રેનિંગમાં મોકલવાની લૌચિકતા આ કોર્સમાં છે.

**B.Voc. અભ્યાસક્રમનું માળખુંઃ-**

- અભ્યાસક્રમનો પ્રકારઃ Bachelor of Vocation
- મુખ્ય વિષયોઃ ફૂડ પ્રોસેસિંગ અને પ્રાકૃતિક ખેતી
- સમય અવધિઃ ૩ વર્ષ

● પાત્રતા: ૧૨ પાસ અને તેને સમકક્ષ

● UGC, Govt. of India and affiliated to Maharaja Krishnakumarsinhji Bhavnagar University. (https://www.ugc.ac.in/pdfnews/8508026_Guidelines-on-B-Voc_Final.pdf)

**પ્રાકૃતિક ખેતીઃ-**

અભ્યાસક્રમ માટેની કમિટીઃ

૧. શ્રી ખીમજીભાઈ ચંદ્રવાડિયા, આસિસ્ટંટ પ્રોફેસર, શારદાગ્રામ, માંગરોળ, જૂનાગઢ

૨. ડૉ. રમેશ સાવલિયા, રિટાયર્ડ ડાયરેક્ટર, પશુપાલન વિભાગ, જૂનાગઢ

૩. શ્રી પ્રફુલ્લભાઈ સેંજલિયા, કો-ઓર્ડીનેટર, સજીવ ખેતી મૂવમેન્ટ, ગુજરાત રાજ્ય

૪. શ્રી વીરાભાઈ ચાવડા, આસિસ્ટંટ પ્રોફેસર, B.Voc., લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરા

**ફૂડ પ્રોસેસિંગઃ-**

અભ્યાસક્રમ માટેની કમિટીઃ

૧. ડૉ. સુનીતા ચાંદોરકર, એસોસિયેટ પ્રોફેસર, સ્જી યુનિવર્સીટી, વડોદરા

૨. ડૉ. ડી. એમ. વ્યાસ, ફોર્મર ડીન, ફૂડ પ્રોસેસિંગ ટેક્નૉલૉજી, જુનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સીટી, જુનાગઢ

૩. શ્રી ચિરાગભાઈ કંટારિયા, આસિસ્ટંટ પ્રોફેસર, B.Voc., લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરા

Expert Sessions for Students : મહામારીને કારણે, વિવિધ વિષયોનાં નિષ્ણાતોના ઓનલાઈન લેક્ચર ગોઠવવામાં આવ્યા હતા.

## - : સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલય :-

**સ્ટાફ માહિતીઃ-**

| ક્રમ | શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|---|
| ૦૧ | ૦૩ | ૦૨ | ૦૫ |

**પ્રશિક્ષણાર્થીઓની સંખ્યાઃ-**

| ક્રમ | પ્રથમ વર્ષ | | દ્વિતીય વર્ષ | | કુલ |
|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | ભાઈઓ | બહેનો | |
| | -- | -- | -- | -- | -- |

● અપૂરતા શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફને કારણે ૨૨ જૂન-૨૦૧૮થી નેશનલ કાઉન્સીલ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા વિદ્યાર્થી પ્રવેશ સ્થગિત કરવામાં આવેલ છે.

● અધ્યાપકોની ખાલી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગ તરફથી ૪ અધ્યાપકોની એન.ઓ.સી આપવામાં આવેલ છે. પરંતુ આજ સુધી તે ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા પૂરી થયેલ નથી.

● આચાર્યની તથા અધ્યાપકોની ખાલી જગ્યા ભરવા અંગે માહિતી આપવા શ્રી ધીરૂભાઈ રાઠોડ તથા રિતેશભાઈ પંડ્યા ગાંધીનગર જઈ આવ્યા.

● અધ્યાપકોની ખાલી જગ્યાની એન.ઓ.સી. અંગે માનનીય મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે તથા ઈન્ચાર્જ

આચાર્ય શ્રી ધીરુભાઈ રાઠોડ મા. શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીને દરખાસ્ત કરવા રૂબરૂ ગાંધીનગર જઈ આવ્યા.

- હિન્દી અધ્યાપક શ્રી રણજિતભાઈ સોલંકીએ 'ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમની હતાશા અને આક્રમકતાનો અભ્યાસ' વિષય ઉપર પીએચ.ડી.ની ઉપાધિ મેળવી.

## - : પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર :-

**કાર્યકરોની વિગતોઃ-**

| શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|
| ૦૩ | ૦૨ | ૦૫ |

આ અહેવાલના સમયગાળા દરમ્યાન નીચે મુજબના ઓપવર્ગો ચલાવવામાં આવેલ છેઃ-

| ક્રમ | સમયગાળો | ભાવનગર | સુરેન્દ્રનગર | અમરેલી | રાજકોટ | બોટાદ | મોરબી | દે. દ્વારકા | જામનગર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૬/૦૧/૨૦થી ૨૯/૦૧/૨૦ | ૦૭ | ૦૬ | ૦૬ | ૦૬ | ૦૭ | ૦૬ | - | - |
| ૨ | ૦૫/૦૨/૨૦થી ૧૮/૦૨/૨૦ | ૦૬ | ૦૨ | ૦૭ | ૦૮ | ૦૭ | ૦૭ | - | - |
| ૩ | ૨૬/૦૨/૨૦થી ૧૦/૦૩/૨૦ | ૦૪ | ૦૫ | ૦૬ | ૦૩ | ૦૭ | ૦૭ | - | - |
| | કુલ | ૧૭ | ૧૩ | ૧૯ | ૧૭ | ૨૧ | ૨૦ | - | - |

આમ, ૭ જિલ્લાના તાલીમાર્થીઓ માટે વિકાસ કમિશ્નરશ્રીના આદેશ અનુસાર આ સમયગાળા દરમ્યાન ત્રણ ઓપ વર્ગો ચલાવવામાં આવેલ, જેમાં બહેનો—૩૮ તથા ભાઈઓ— ૬૯ મળી, કુલ ૧૦૭ તાલીમાર્થીઓને તાલીમ આપવાની કામગીરી કરવામાં આવી.

**સંસ્થાગત મહાનુભવો તથા વિભાગીય વડા—કાર્યકરોઃ-**

(૧) શ્રી અરુણભાઈ દવે — મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, લોકભારતી
(૨) શ્રી રામચંદ્રભાઈ પંચોળી — ટ્રસ્ટીશ્રી, લોકભારતી
(૩) શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ — ટ્રસ્ટીશ્રી, લોકભારતી
(૪) શ્રી હસમુખભાઈ દેવમુરારિ — નિયામકશ્રી, લોકભારતી
(૫) શ્રી કાન્તિભાઈ ગોઠી — નિયામકશ્રી, લોકભારતી લો.સે.મહાવિદ્યાલય
(૬) શ્રી ભાવનાબેન પાઠક — આચાર્યાશ્રી, લોકભારતી અધ્યાપન મંદિર
(૭) શ્રી નિગમભાઈ શુક્લ — વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
(૮) શ્રી જગદીશભાઈ ગોસાઈ — અધ્યાપકશ્રી, લોકભારતી અધ્યાપન મંદિર
(૯) શ્રી અર્ચનાબેન દવે — લોક વિજ્ઞાન કેન્દ્ર
(૧૦) શ્રી વિનીતભાઈ સવાણી — વિષય નિષ્ણાતશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

| | |
|---|---|
| (૧૧) શ્રી શ્રીધરભાઈ ગજ્જર | અધ્યાપકશ્રી, લોકભારતી લો.સે.મહાવિદ્યાલય |
| (૧૨) શ્રી અશ્વિનીકુમાર | ઘઉં સંશોધન વિભાગ, લોકભારતી |

**સરકારી અધિકારીઓ તથા કર્મચારીઓઃ-**

| | |
|---|---|
| (૧) શ્રી અશોકભાઈ પંચાલ | સર્કલ ઇન્સપેકટરશ્રી, વલ્લભીપુર |
| (૨) શ્રી સુરેશભાઈ ભટ્ટ | નિવૃત્ત સર્કલ ઇન્સપેકટરશ્રી, વલ્લભીપુર |
| (૩) શ્રી બટુકસિંહજી ગોહિલ | નિવૃત્ત ગ્રામસેવકશ્રી, ભાવનગર |
| (૪) શ્રી દિલીપભાઈ મહેતા | તલાટી-કમ-મંત્રીશ્રી, સિહોર |
| (૫) શ્રી યાકુબભાઈ કોઠારિયા | તલાટી-કમ-મંત્રીશ્રી(રાષ્ટ્રીય પ્રવકતા) |
| (૬) શ્રી ખેંગારસિંહજી | નિવૃત્ત સર્કલ ઇન્સપેકટરશ્રી |
| (૭) શ્રી ડીમ્પલબેન તેરૈયા | ડી. પી. ઓ.શ્રી, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, કલેક્ટર કચેરી |
| (૮) શ્રી કુણાલભાઈ | હિસાબી શાખા, જિલ્લા પંચાયત, ભાવનગર |
| (૯) શ્રી મુકેશભાઈ પંડિત | પૂર્વ સરપંચશ્રી, ગ્રામ પંચાયત, ઈશ્વરિયા |

## -: કૃષિ વિજ્ઞાન કેન્દ્ર :-

**હાથ ધરેલ પ્રવૃતિઓઃ-**

***૧. વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકઃ-***

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક તા.૦૫-૩-૨૦૨૧ના રોજ યોજાઈ. આ બેઠકમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સહવિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એચ.સી. છોડવડિયા, ભાવનગર જિલ્લાના અગ્રગણ્ય કૃષિ વૈજ્ઞાનિકો, જિલ્લા પંચાયતના ખેતીવાડી, પશુપાલન, જિલ્લા જળસ્રાવ વિકાસ એકમના વિસ્તરણ કાર્યકરો, જિલ્લાના અગ્રણી પ્રગતિશીલ ખેડૂતો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો વગેરે મળીને કુલ ૨૪ સભ્યોએ ભાગ લઈ બેઠકને સફળ બનાવી.

***૨. અગ્રહરોળ નિર્દશનઃ-***

અગ્રહરોળ નિર્દશન માટે વિવિધ ગામોમાં કુલ ૬૫ હેકટરમાં ૩૧૦ લાભાર્થી ખેડૂતોને મગફળી, તલ, કપાસ, ચણા, ઘઉં, બાજરો, મરચી, પશુઆહાર, જૈવિક નિયંત્રકો, ઓટોમેટિક વાવણિયો, ચાફકટર, હાથ કરબડી વગેરે ભલામણ થયેલ વસ્તુઓનું નિદર્શન આપવામાં આવ્યું.

***૩. ખેત અખતરાઃ-***

સંશોધનના ભાગરૂપે આંબળાનું મૂલ્યવર્ધન અને ડુંગળીની જાતોનું પરીક્ષણ માટે અલગ-અલગ ખેત અખતરા ગોઠવવામાં આવ્યા.

***૪. તાલીમ કાર્યક્રમઃ-***

વર્ષ દરમ્યાન ૩૨ જેટલાં ગામોનાં કુલ ૨૧૫૩ ખેડૂતો, ખેત-મહિલાઓ, વિસ્તરણ કાર્યકર્તાઓ વગેરેની વિવિધ વિષયો પર કેમ્પસ ઉપર તથા કેમ્પસ બહાર ૬૮ જેટલી તાલીમ ગોઠવવામાં આવી, જે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| તાલીમની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | | કુલ | આવરી લીધેલ ગામો |
|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | | |
| ૬૮ | ૧૩૦૭ | ૮૪૬ | ૨૧૫૩ | ૩૨ |

***૫. ખેત પરીક્ષણ મુલાકાતઃ-***

કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન ખેત અખતરા, નિદર્શનોની માહિતી મેળવવા, ખેતી અને પશુપાલનના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે કુલ ૫૧ વખત વિવિધ ખેતરોની મુલાકાત લેવામાં આવી અને તે દરમિયાન કુલ ૪૧૭ ખેડૂત ભાઈઓ-બહેનોનો સંપર્ક કરવામાં આવ્યો.

***૬. વિવિધ વિષયો પર વ્યાખ્યાનઃ-***

જિલ્લાની વિવિધ સંસ્થાઓ જેવી કે આત્મા પ્રોજેક્ટ, કૃષિ મહોત્સવ, ખેતીવાડી ખાતું, પશુપાલન ખાતું, ફાર્મર ટ્રેનિંગ સેન્ટર, કોટન કનેક્ટ વગેરે દ્વારા ગોઠવાતા કાર્યક્રમોમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ વિષયો ઉપર કુલ ૯૬ વ્યાખ્યાનો યોજાયાં.

***૭. તકનિકી બેઠકોઃ-***

ભાવનગર જિલ્લામાં આવેલ વિવિધ સરકારી, અર્ધસરકારી, એન.જી.ઓ. વગેરે સંસ્થાઓ દ્વારા ખેતીવાડીના વિસ્તરણ કાર્યક્રમના આયોજન માટે યોજેલ કુલ ૧૭ બેઠકોમાં ભાગ લઈ વિસ્તરણ કાર્યક્રમોના આયોજનમાં સાથ-સહકાર આપી તકનિકી જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું.

***૮. કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ મુલાકાતીઓઃ-***

વર્ષ દરમ્યાન ખેતીના વિવિધ વિષયો પર ચર્ચા કરવા તથા માર્ગદર્શન મેળવવા કુલ ૨૭૭૪ ખેડૂત ભાઈ-બહેનોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી.

***૯. અન્ય વિસ્તરણ પ્રવૃતિઓઃ-***

- વર્ષ દરમિયાન ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ જંતુનાશક દવાના વિક્રેતાઓ માટે ૧૨ અઠવાડિયાના તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા, જેના દ્વારા જિલ્લાના કુલ ૩૦૯ વિક્રેતાઓને તાલીમ આપવામાં આવી.
- વર્ષ દરમિયાન જમીન ચકાસણી એકમ દ્વારા કુલ ૬૭ જમીનના નમૂનાની ચકાસણી કરી ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ(જમીન આરોગ્ય પત્રક) આપવામાં આવ્યાં.
- વર્ષ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા ટેલીફોનિક હેલ્પલાઇનની મદદથી ૩૨૯૫ ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું, કુલ ૧૦ જેટલા મોબાઇલ એસ.એમ.એસ. દ્વારા અંદાજિત ૩૫૦૦૦ ખેડૂતોને હવામાન, રોગ-જીવાત તથા યોજનાકીય માહિતી આપવામાં આવી.

તદુપરાંત, કેન્દ્ર દ્વારા વર્ષ દરમિયાન આંતરરાષ્ટ્રીય મહિલાદિવસ, વિશ્વ જળદિવસ, વિશ્વ દૂધદિવસ, વિશ્વ પર્યાવરણદિવસ, ગાજરઘાસસપ્તાહ ઉજવણી, પોષણમાહ ઉજવણી, પોષણવાટિકા મહાઅભિયાન, સ્વચ્છતા અભિયાન, વિશ્વ ખાદ્યદિવસ, મહિલા કિસાનદિવસ, જમીન સ્વાસ્થ્યદિવસની ઉજવણી કરવામાં આવી.

***૧૦. કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં એકમોઃ-***

| | | |
|---|---|---|
| (૧) | નિદર્શન ફાર્મ | (૨) ફાર્મ મશીનરી એકમ |
| (૩) | ટપક સિંચાઈ પદ્ધતિ એકમ | (૪) છતના વરસાદી પાણીના સંગ્રહનું એકમ |

| | | | |
|---|---|---|---|
| (૫) | અઝોલા ઉત્પાદન એકમ | (૬) | નાડેપ પદ્ધતિ દ્વારા સેન્દ્રિય ખાતર બનાવવાનું એકમ |
| (૭) | પ્લગ નર્સરી એકમ | (૮) | કૃષિ તક્નિક પ્રદર્શન એકમ |
| (૯) | વર્મી કમ્પોસ્ટ નિદર્શન એકમ | (૧૦) | પાક કૌતુકાલય |
| (૧૧) | ગંગામા વર્તુળ(કિચન ગાર્ડન સર્કલ) | (૧૨) | જમીન ચકાસણી એકમ |
| (૧૩) | મધમાખી ઉછેર એકમ | | |

**-: પ્લગ નર્સરી એકમ :-**

વર્ષ દરમિયાન પ્લગ નર્સરી એકમ દ્વારા જિલ્લાના ખેડૂતોને ફળપાકો તેમ જ શાકભાજીના ધરુવાડિયા માટે નર્સરી શરૂ કરવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. તેમ જ વિવિધ મુલાકાતી ખેડૂતોને નર્સરીની કાર્ય પદ્ધતિ સમજાવવામાં આવી. સંસ્થાના વિદ્યાર્થીઓને નર્સરી દ્વારા રોજગારીની માહિતી મળી શકે તે હેતુથી શ્રમ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક તક્નિકો અંગે માર્ગદર્શન તેમ જ ઉત્પાદક શ્રમ ગોઠવવામાં આવ્યો.

| ક્રમ | ધરું/રોપા | નંગ |
|---|---|---|
| ૦૧ | પપૈયા | ૧૦૦૦ |
| ૦૨ | નાળિયેરી | ૩૫ |
| ૦૩ | આંબા | ૫૦૦ |
| ૦૪ | ચીકુ | ૧૦૦ |
| ૦૫ | જામફળ | ૨૦૦ |
| ૦૬ | લીંબું | ૩૦૦ |

| ક્રમ | ધરું/રોપા | નંગ |
|---|---|---|
| ૦૭ | સીતાફળ | ૧૫૦ |
| ૦૮ | સુશોભનના રોપા | ૧૨૦૦ |
| ૦૯ | મગફળી બિયારણ | ૧૪ ટન |
| ૧૦ | ચણા બિયારણ | ૨૮ ટન |
| ૧૧ | ઘઉંનું બિયારણ | ૧૦ ટન |

**-: ગાંધીભારતી :-**

**યોજાયેલ વિવિધ તાલીમ**

- ગાંધીભારતી વિભાગ દ્વારા વિવિધ તાલીમ અને મિટિંગોનું આયોજન અને સંચાલન કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧માં થયેલી વિવિધ તાલીમ અને મિટિંગો ગોઠવવામાં આવી.
- Workshop on Science, Future & Gandhi
- Launched online course on ‘Gandhian Methods to Sustainable Living & Happiness with 1116 students from 92 countries.
- અહિંસાની કેળવણી કાર્યક્રમ:-

સાબરમતી આશ્રમ પ્રિઝર્વેશન એન્ડ મેમોરીઅલ ટ્રસ્ટના સહયોગથી શરૂ કરેલા ‘અહિંસાની કેળવણી’ કાર્યક્રમ સણોસરા, આંબલા અને માઈધારના ગ્રામ્ય વિસ્તારની સરકારી પ્રાથમિક શાળાના ધોરણ ૬થી ૮નાં બાળકો-શિક્ષકો અને ગામના યુવાનો તેમ જ ૨૦ શાળાઓ સાથે કામગીરી કરવામાં આવી રહી છે.

| | | | |
|---|---|---|---|
| ભાગીદાર શાળાની સંખ્યા | ૬૦ | ભાગીદાર વિદ્યાર્થીની સંખ્યા | ૪૯૦૦ |
| ભાગીદાર શિક્ષકોની સંખ્યા | ૪૬૦ | કાર્યક્રમ સાથે જોડાયેલ યુવાનોની સંખ્યા | ૩૬૬ |

## -: લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રઃ-

**લોકવિજ્ઞાન કેન્દ્રમાં મૂકવામાં આવેલાં નિદર્શનોઃ-**

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ પ્રકારના વિજ્ઞાન, પર્યાવરણ, સૌર ઊર્જાને લગતાં મોડેલો ગોઠવવામાં આવેલાં છે. જેમ કે... સામૂહિક શીફ્લર કુકર, પવનચક્કી, ઉચ્ચાલનનો નિયમ, ઉષ્માશોષક કલરો, ગતિમાન પદાર્થ પર લાગતું બળ, પરિભ્રમણ અને પરિક્રમણ, વક્ર અરીસામાં પ્રતિબિંબ, સાઈકલપંપ, સુર્યકુકર, પેરાબોલિક સુર્યકુકર, સોલારડ્રાયર, સોલાર વોટરહીટર, સોલારસ્ટીલ, સોલારપેનલ, વર્મિકમ્પોસ્ટ, વર્મિવોશ, બાયોગેસ પ્લાન્ટ, ફિલ્ટર વોટર સ્ટોરેજ ટેંક, ગેસીફાયર, ઔષધબાગ, આધુનિક ઊર્જાયંત્ર વગેરે મોડેલો લોકવિજ્ઞાન કેન્દ્રના પરિસરમાં ગોઠવવામાં આવ્યાં છે. આ ઉપરાંત ભાવનગર જુનિયર સાયન્ટીસ્ટમાંથી વિવિધ પ્રકારનાં નવાં મોડેલો પ્રયોગશાળામાં મૂકવામાં આવ્યાં છે. જે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના ભાગ રૂપે તેમ જ જીવાતા જીવનમાં વણાયેલા વિજ્ઞાનને સમજવામાં ઉપયોગી બને છે.

| ક્રમ | મહિનો | શાળાની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | ખેડૂતો તથા અન્ય વ્યક્તિઓ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી | ૦૧ | ૨૫ | ૦૩ | ૮૬ | ૧૧૪ |
| ૨ | ફેબ્રુઆરી | ૦૦ | ૧૯ | ૦૨ | ૨૨ | ૪૩ |
| ૩ | માર્ચ | ૦૩ | ૧૩૮ | ૨૩ | ૩૨ | ૧૯૩ |
| ૪ | એપ્રિલ | ૦૦ | ૦૦ | ૧૦ | ૧૨ | ૨૨ |
| ૫ | મે | ૦૦ | ૧૭ | ૦૨ | ૨૩ | ૪૨ |
| ૬ | જૂન | ૦૧ | ૫૬ | ૦૪ | ૭૦ | ૧૩૦ |
| ૭ | જુલાઈ | ૦૦ | ૧૭ | ૧૫ | ૪૯ | ૮૧ |
| ૮ | ઓગસ્ટ | ૦૧ | ૨૩૫ | ૦૮ | ૪૩ | ૨૮૬ |
| ૯ | સપ્ટેમ્બર | ૦૧ | ૭૪ | ૦૭ | ૪૨૮ | ૫૦૯ |
| ૧૦ | ઓક્ટોબર | ૦૦ | ૫૫ | ૦૮ | ૫૭૬ | ૬૩૯ |
| ૧૧ | નવેમ્બર | ૦૧ | ૮૩ | ૦૮ | ૪૩૩ | ૫૨૪ |
| ૧૨ | ડીસેમ્બર | ૦૨ | ૧૫૦ | ૦૩ | ૫૫૦ | ૭૦૫ |
| | કુલ | ૧૦ | ૮૬૯ | ૯૧ | ૨૩૨૪ | ૩૨૮૮ |

## -: લોક વિદ્યાલય, માઈધાર :-

સમગ્ર વિશ્વમાં કોઈપણ દેશનો કે સમાજનો વિકાસ સ્થાયી અને આનંદવર્ધક થયો હોય તો તેમાં શિક્ષણનો સિંહફાળો રહ્યો છે. ભારતવર્ષ ગામડાંઓનું બનેલું હોવાથી ગામડું તંદુરસ્ત બનશે તો દેશ આપોઆપ સમૃદ્ધ અને સમરસ બનશે. આવા મનોરથ સાથે આ વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી છે.

લોક વિદ્યાલય માતૃધારાની પરંપરા મુજબની ઓળખ જેનાથી ઊભી થઈ રહી છે, તેવા લોકોપયોગી નોંધપાત્ર કાર્યક્રમ અરુણભાઈ દવેના માર્ગદર્શન નીચે ચાલી રહ્યા છે.

**આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર**

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી આ પરિસરમાં જૂન-૨૦૧૯થી આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રનો

શુભારંભ થયો છે. ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાનાં ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ અહીંના વિજ્ઞાનકેન્દ્રમાં આવીને, આખો દિવસ રોકાઈને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના એકમોની પ્રવૃતિઓ જાતે કરીને, સમજીને વિજ્ઞાન વિષય ભણે છે. આ વિજ્ઞાન કેન્દ્રમાં અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તાલીમબદ્ધ તથા યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અનુભવી શિક્ષકો દ્વારા રાજય સરકારના અભ્યાસક્રમ મુજબ ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓને પ્રવૃતિ આધારિત વિજ્ઞાન વિષય શીખવામાં આવે છે.

માહામારીને કારણે આ વર્ષે પ્રાથમિક શાળાઓમાં શિક્ષણકાર્ય બંધ હોવાથી વિશિષ્ટ પરિસ્થિતિમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર દ્વારા શરૂશરૂમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માઈધારના શિક્ષકોએ મોબાઇલના માધ્યમથી ઓનલાઈન શિક્ષણકાર્યનો વૈકલ્પિક રસ્તો અપનાવ્યો પણ તેમાં ધારી સફળતા ન મળી એટલે ટ્રસ્ટના સૂચનથી HOMELEARNING દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમના 'ઘરે શીખીએ' શૈક્ષણિક સાહિત્ય સંપુટના આધારે માઈધાર ગામની આસપાસનાં ગામોમાં જઈને નાના નાના જૂથમાં(શેરી શાળાની જેમ) વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયનું શિક્ષણ કાર્ય ઓકટોબર-૨૦૨૦થી શરૂ કર્યું.

| માસ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૮૯૭ | ૭૦૫ | ૧૬૦૨ |
| ફેબ્રુઆરી | ૧૨૮૪ | ૮૭૭ | ૨૧૬૧ |
| માર્ચ | ૨૨૧ | ૧૫૭ | ૩૭૮ |
| એપ્રિલ | ૩૧૦ | ૧૬૫ | ૪૭૫ |
| મે | ૩૫ | ૧૨ | ૪૭ |
| જૂન | ૪૦૪ | ૨૯૫ | ૬૯૯ |

| માસ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| જુલાઈ | ૪૭૩ | ૩૫૨ | ૮૨૫ |
| ઓગસ્ટ | ૩૯૨ | ૨૩૮ | ૬૩૦ |
| સપ્ટેમ્બર | ૭૩૬ | ૫૪૦ | ૧૨૭૬ |
| ઓક્ટોબર | ૧૯૩ | ૧૪૮ | ૩૪૧ |
| નવેમ્બર | ૩૭૬ | ૨૭૦ | ૬૪૬ |
| ડીસેમ્બર | ૬૦૪ | ૪૫૩ | ૧૦૫૯ |

**મોજીલું શિક્ષણ યોજના**

મોજીલું શિક્ષણ કાર્યક્રમ નીચેના તાલુકાઓમાં અને શાળાઓમાં ચાલી રહ્યો છે. વર્ષ દરમ્યાન મોજીલું શિક્ષણ યોજના અંતર્ગત ભાગ લીધેલ શાળાઓની માહિતી નીચે મુજબ છે.

| માસ | શાળા | કુમાર | કન્યા | શિક્ષકો | કુલ |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૦૫ | ૨૬૧ | ૨૫૯ | ૦૦ | ૫૨૦ |
| ફેબ્રુઆરી | ૩૫ | ૯૭૬ | ૧૨૩૧ | ૨૯ | ૨૨૨૭ |
| માર્ચ | ૧૩ | ૨૭૯ | ૩૫૭ | ૪૪ | ૬૩૬ |
| એપ્રિલ | ૦૧ | ૨૪૩ | ૧૪૨ | ૦૨ | ૩૮૭ |
| મે | ૦૦ | ૪૦ | ૦૭ | ૦૦ | ૪૭ |
| જૂન | ૦૦ | ૩૨૯ | ૨૮૪ | ૦૦ | ૬૧૩ |
| જુલાઈ | ૦૦ | ૩૮૭ | ૨૬૪ | ૦૦ | ૬૫૧ |
| ઓગસ્ટ | ૦૦ | ૬૮૮ | ૪૫૧ | ૦૦ | ૧૧૩૯ |
| સપ્ટેમ્બર | ૪૮ | ૮૯૦ | ૫૯૨ | ૫૮ | ૧૫૪૦ |
| ઓક્ટોબર | ૪૮ | ૧૦૮૨ | ૮૫૪ | ૬૨ | ૧૯૯૮ |
| નવેમ્બર | ૧૫ | ૩૭૩ | ૨૭૨ | ૧૯ | ૬૬૪ |
| ડીસેમ્બર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**લોક કલ્યાણ વિદ્યાલય**

લોક કલ્યાણ વિદ્યાલય વિદ્યાર્થીઓની સંખ્યા વર્ષ- ૨૦૨૧

| ધોરણ | કુમાર | કન્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૯ | ૫૬ | ૧૭ | ૭૩ |
| ૧૦ | ૩૯ | ૨૦ | ૫૯ |
| ૧૧ | ૪૫ | ૨૬ | ૭૧ |
| ૧૨ | ૨૪ | ૦૬ | ૩૦ |
| કુલ સંખ્યા | ૧૬૪ | ૬૯ | ૨૩૩ |

**છાત્રાલય**

| | કુમાર | કન્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીની સંખ્યા | ૯૪ | ૨૬ | ૧૨૦ |

- છાત્રાલયમાં દર પૂનમે સમૂહ ભોજન અને ગરબીનું આયોજન કરવામાં આવે છે.
- છાત્રાલયના દરેક કાર્ય વિદ્યાર્થીઓના મંત્રી મંડળ દ્વારા કરવામાં આવે છે જેમ કે ભોજનમંત્રી, આરોગ્યમંત્રી, સફાઈમંત્રી, ઉત્સવમંત્રી, પ્રાર્થનામંત્રી, છાત્રાલયમંત્રી, ધ્વનિમંત્રી વગેરે મંત્રીઓ દ્વારા છાત્રાલયની સાર સંભાળ ગૃહપતિના માર્ગદર્શન હેઠળ રહીને રાખવામાં આવે છે.
- કુમાર છાત્રાલયનું લોકાર્પણ ઇફકો કંપનીના ચેરમેન દ્વારા કરવામાં આવ્યું હતું.

**કૃષિ કેન્દ્ર**

કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્ર- મણાર સંચાલિત માઈધાર કેન્દ્ર દ્વારા આસપાસના ૨૦ ગામના ખેડૂતો સાથે ખેતી વિષયક કાર્યક્રમો કરવામાં આવે છે.

**છાશ વિતરણ કેન્દ્ર**

- માઈધાર કેમ્પસ દ્વારા જરૂરિયાત ધરાવતા ૬૦ કુટુંબને મફતમાં છાશ કેન્દ્ર દ્વારા છાશ વિતરણ કરવામાં આવે છે. છાશ વિતરણ કાર્યક્રમ દર વર્ષે માર્ચથી જૂન દરમિયાન ચલાવવામાં આવ્યું.

**ખેતીવાડી**

- હરિત સ્મૃતિ અંતર્ગત માઈધાર કેન્દ્રમાં આમ્રકુંજમાં ૩૦૦ આંબાની રોપણી કરવામાં આવી.
- ચોમાસુ સિઝનમાં મગફળીનું વાવેતર કરવામાં આવેલ હતું અને મગફળી ખૂબ જ સારી હોવાથી આજુબાજુનાં ૨૦ ગામના ૧૫૦૦ ખેડૂત મિત્રોને યુ.પી.એલ કંપની દ્વારા અને પીડીલાઇટના સહયોગથી માર્ગદર્શન આપવામાં આવ્યું.
- શિયાળાની સિઝનમાં લોક-૧ ઘઉંની જાતનું બિયારણ તૈયાર કરવામાં આવ્યું.

**-: કલાભવનઃ-**

છેલ્લાં બે-ત્રણ વર્ષથી આપણે ત્યાં આ વિભાગ શરૂ થયો છે. કલા ભવન મારફતે સંગીત, નૃત્ય, ચિત્રકળા વગેરેના વર્ગો નિયમિત ચાલે છે.

## - : જળસંચય કાર્યક્રમ :-

લોકભારતીને જ્યારે વિશ્વભારતી માનવામાં આવી રહી છે ત્યારે વિશ્વભારતીનું દાયિત્વ તેના Mission & Vision મુજબ આસપાસના વિસ્તારોમાં લોકોની જરૂરિયાત મુજબ અને સમાજોપયોગી કાર્યો કરીને કેળવણીના પ્રયોગોને સફળ બનાવે છે. જીવાતા જીવન સાથે અનુબંધ કરીને વિદ્યાર્થીઓ અને સમાજને યોગ્ય જીવન રાહ બતાવે છે.

પાણીના પ્રશ્નને લઈને લોકભારતીએ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સહયોગથી ગુજરાત સરકારના ઇરીગેશન વિભાગ સાથે શરૂ કરેલાં કામો બીજા વર્ષમાં પ્રવેશ્યાં છે ત્યારે કામનો વ્યાપ અને વિસ્તાર વિસ્તર્યા છે. ભાવનગર જીલ્લાના સિહોર, પાલીતાણા, ગારિયાધાર, ઉમરાળા તાલુકામાં કામનો વ્યાપ વધાર્યો.

આ યોજનાના પાયાના ખ્યાલો ગત વર્ષ દરમ્યાન થયેલ કાર્યોમાં દશ્ય માન થયા, જેમાં,

- સરકાર દ્વારા ચાલતી યોજનામાં ૫૦% ભાગીદારી કરી ગુણવત્તાસભર કામો કર્યા.
- સરકારી કામોમાં લોકોની પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગીદારી વધે તે ઇચ્છનીય છે, તે મુજબ લોકફાળાથી કામો કર્યા.
- ગ્રામવિકાસની અન્ય પ્રવૃત્તિની જેમ આ યોજનાનાં કામોનો વિદ્યાર્થી કેળવણી સાથે અનુબંધ કર્યો.
- પાણી સંગ્રહની સાથેસાથે પાણી બચાવવાની પ્રવૃત્તિને પણ સામેલ કરી.

**પાણી સંગ્રહનાં થયેલ કામોની વિગત**

નવા ચેકડેમનું કામ

| ક્રમ | ગામ | તાલુકો | ક્ષમતા (ઘ.મિ.) |
|---|---|---|---|
| ૦૧ | હડમતિયા-૩ | ઉમરાળા | ૫૨૫૦ |
| ૦૨ | નાના ચારોડિયા | ગારિયાધાર | ૩૯૦૦ |
| ૦૩ | અમરગઢ-૧ | સિહોર | ૪૬૮૭ |
| ૦૪ | અમરગઢ-૨ | સિહોર | ૪૮૭૫ |

**ચેકડેમ ડીપનિંગનું કામ**

| ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|
| ૦૧ | વીરડી-૦૧ | ગારિયાધાર |
| ૦૨ | વીરડી-૦૨ | ગારિયાધાર |
| ૦૩ | મોરબા-૦૧ | ગારિયાધાર |
| ૦૪ | મોરબા-૦૨ | ગારિયાધાર |
| ૦૫ | પાંચટોબરા-૦૩ | ગારિયાધાર |
| ૦૬ | ગોલરામા | ઉમરાળા |

| ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|
| ૦૭ | પીપરાળી | ઉમરાળા |
| ૦૮ | હડમતિયા | ઉમરાળા |
| ૦૯ | બુઢાણા-૧ | સિહોર |
| ૧૦ | બુઢાણા-૨ | સિહોર |
| ૧૧ | સણોસરા | સિહોર |

**ચેકડેમ રીપેરિંગનું કામ**

| ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|
| ૦૧ | રંઘોળા-૦૧ | ઉમરાળા |
| ૦૨ | રંઘોળા-૦૨ | ઉમરાળા |
| ૦૩ | ચોગઠ | ઉમરાળા |
| ૦૪ | પીપળ | વલ્લભીપુર |

| ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|
| ૦૫ | મોરબા-૦૧ | વલ્લભીપુર |
| ૦૬ | મોરબા-૦૨ | વલ્લભીપુર |
| ૦૭ | સુરનિવાસ | ગારિયાધાર |
| ૦૮ | માંગુકા | ગારિયાધાર |

**સુજલામ-સુફલામ ડી-સીલ્ટિંગ કામ**

| ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|
| ૦૧ | વીરડી-૦૧ | ગારિયાધાર |
| ૦૨ | વીરડી-૦૨ | ગારિયાધાર |
| ૦૩ | મોરબા-૦૧ | ગારિયાધાર |
| ૦૪ | મોરબા-૦૨ | ગારિયાધાર |
| ૦૫ | પાંચ ટોબરા-૦૩ | ગારિયાધાર |
| ૦૬ | ગોલરામા | ઉમરાળા |
| ૦૭ | પીપરાળી | ઉમરાળા |
| ૦૮ | હડમતિયા | ઉમરાળા |
| ૦૯ | બુઢાણા-૧ | સિહોર |
| ૧૦ | બુઢાણા-૨ | સિહોર |
| ૧૧ | સણોસરા | સિહોર |

આ ઉપરાંત સંસ્થાના વિવિધ વિભાગો જેવા કે ખેતી વિભાગ, નર્સરી વિભાગ, ગૌશાળા વિભાગ, બાંધકામ વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વગેરેમાં જરૂરિયાત મુજબ JCB તથા Tractorનો ઉપયોગ કર્યો છે. લોકભારતી કેમ્પસમાં આવેલ ખેતીની જમીનમાં અંદાજે ૩૮૪૦ તથા ૨૨૯૦ Tractor માટી પૂરાણ કરીને નવસાધ્ય કરી,આ માટી તળાવોમાંથી અને Check Damમાંથી લીધી જેથી તેની પાણી સંગ્રહ ક્ષમતા ખૂબ જ વધી ગઈ.

## -: લોકભારતી ગ્રંથાલય :-

- હાલમાં ગ્રંથાલય પાસે હાલમાં નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબનાં પુસ્તકો છે.

| ક્રમ | ભાષા | વર્ષ ૨૦૨૦-૨૧ ઉમેરાયેલા પુસ્તક સંખ્યા | ૧૯/૧૧/૨૦૨૧ સુધી પુસ્તક સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૦૨ | ૧૯૯૭૭ |
| ૨ | હિન્દી | -- | ૫૭૧૧ |
| ૩ | અંગ્રેજી | -- | ૧૩૨૩૯ |
| ૪ | સંસ્કૃત | -- | ૧૪૪ |
| ૫ | બંગાળી | -- | ૧૩૨ |
| ૬ | મરાઠી | -- | ૨૫૬ |
| ૭ | સંદર્ભગ્રંથ | -- | ૭૨૦ |
| ૮ | રદ થયેલ | -- | ૪૭૨૬ |
| સામયિક ફાઈલો | | | |
| ૧ | ગુજરાતી | -- | ૨૪૮૩ |
| ૨ | હિન્દી | -- | ૧૦૮૦ |
| ૩ | અંગ્રેજી | -- | ૨૫૯૯ |
| | કુલ | -- | ૫૧૦૬૫ |

- કુલ સામયિક - ૧૧૨
- વર્ષ દરમ્યાન પુસ્તકાલયમાં આવેલ વાચકોની સંખ્યા ૭,૫૦૦

● વર્ષ દરમ્યાન ઇશ્યુ થયેલ પુસ્તકોની સંખ્યા

કાર્યકર – ૩૫૦, વિદ્યાર્થી સંખ્યા – ૬૭૦૦, કુલ – ૭,૦૫૦

● U.G.C. પુસ્તકોનો છેલ્લો અંક - ૭,૫૧૪

● લોકસેવા પુસ્તકોનો છેલ્લો અંક - ૫૦,૯૩૯

● કેન્દ્ર સરકાર પુસ્તકોનો છેલ્લો અંક - ૭૮૦

● પુસ્તકોની કુલ સંખ્યા - ૫૯,૨૩૩

### -: કૃષિ સંશોધન વિભાગ :-

● સંશોધન ૭૦%થી ૮૦% કામ લોકસેવા મહા વિદ્યાલય ના વિદ્યાર્થીઓ કરે છે. આ કારણે વિદ્યાર્થીઓમાં જ્ઞાનવૃદ્ધિ, આવડત, જવાબદારી, શિસ્ત, વ્યક્તિત્વ-વિકાસ અને ચોકસાઈ જેવાં કૌશલ્યોનો વિકાસ થાય છે. તેથી વિદ્યાર્થીને કારણે સંશોધનનું કામ વ્યવસ્થિત, સરળ અને ચોકસાઈથી થાય છે.

**ઘઉં**

● આ વર્ષે કુલ ત્રણ પ્રકારના પ્રયોગો(જાતોની સરખામણીના) હતા.

● લોકલ ટ્રાયલ – ૨૫ જાતો

● રાજ્ય કક્ષાના ટ્રાયલ - ૪૧ જાતો

● રાષ્ટ્રીય કક્ષાના ટ્રાયલ -૧૩ જાતો

● આ વર્ષે જુદી જુદી નર્સરીઓમાં બહાર થી ૪૧૬ જેટલી જાતો વાવવામાં આવી.

**ટ્રાયલ-૧**

૧. AVT-RI-TS-08 વેરાયટી-કરનાલથી - ૩ પિયત

૨. AVT-IR-LS-05વેરાયટી-કરનાલથી

૩. LST-RI-TS-06 વેરાયટી- વિજાપુર થી - ૩ પિયત

૪. SST-RI-LS-11 વેરાયટી વિજાપુર થી - ૩ પિયત

૫. LST-LS- 08 વેરાયટી વિજાપુર થી

૬. SST-LS - 16 વેરાયટી વિજાપુર થી

**ટ્રાયલ-૨**

૧. IYT-TS - 11 વેરાયટી સ્થાનિક

૨. IYT-LS - 14 વેરાયટી સ્થાનિક

નોંધઃ-દિવસે-દિવસે વરસાદનું પ્રમાણ ઓછું થવાથી અને પાણીની મુશ્કેલીને ધ્યાનમાં રાખી ઓછા પિયતે પાકતી વેરાયટી ઉપર ધ્યાન આપવામાં આવે છેઅને તેની વેરાયટી બનાવ્યાની મહેનત કરવામાં આવે છે.

**જમ્પ્લાઝમ**

● IPPSN માં -૦૫ વેરાયટી આપેલ છે.

● ક્રોસિંગ પ્રોગ્રામઃ-જેમાં નવા – ૨૪ ક્રોસ બનાવ્યા

● LOK-1 ન્યુક્લીયસ -૩૬.૮૦ ક્વિન્ટલ બનાવ્યું.

● LOK-1 બ્રીડર સીડ્સ ૬૩૪.૦ ક્વિન્ટલ બનાવ્યું. તેનું વેચાણ કરેલ છે.

**સોયાબીન**

*ટ્રાયલઃ-*

- F-3 જમ્પ્લાઝમ - ૫૨ એન્ટ્રી ઈન્દોરથી
- JS-20-29નું ન્યુક્લીયસ સીડ્સ બનાવ્યું -૧૦ ક્વિન્ટલ
- JS-20-29નું બ્રીડર સીડ્સ બનાવ્યું -૧૮૧ ક્વિન્ટલ
- સોયાબીનમાં નવી વેરાયટી બનાવવામાં માટે ક્રોસિંગ પ્રોગ્રામ કરેલ છે.
- ઘઉં અને સોયાબીન બ્રીડર સીડ્સનું મોનીટરિંગ કરાવ્યું.
- ડો.સી.પી. સિંગ સાહેબ અને ડો. અશ્વનીકુમાર વિજાપુર, કર્નાલ અને ઈન્દ્રોરમાં સોયાબીન અને ઘઉંના વર્કશોપમાં જઈ આવ્યા.

## -: ઉત્સવ વિભાગઃ-

**ફિલ્મ દર્શન**

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨૪/૦૨/૧૯ | સમગ્ર વિદ્યાર્થી | ફિલ્મ દર્શન(રાઝી) |
| ૨ | ૦૭/૦૪/૧૯ | સમગ્ર વિદ્યાર્થી | ફિલ્મ દર્શન |
| ૩ | ૦૩/૧૧/૨૧ | સમગ્ર વિદ્યાર્થી | ફિલ્મદર્શન (રોડ ટુ સંગમ) |

**સમૂહ ગરબી**

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧૩/૦૧/૧૯ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહ ગરબી |
| ૨ | ૨૦/૦૩/૧૯ | સમગ્ર વિદ્યાર્થી | હોળી – ધૂળેટી નિમિત્તે સમૂહ ગરબી |
| ૩ | ૨૫/૧૧/૨૧ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહ ગરબી |

## -: ગોશાળા :-

● વર્ષો પહેલાં લોકભારતી ગોશાળાની જમીનમાં જળ સંચયના હેતુસર આપણે એક તળાવડી બનાવી હતી. છેલ્લાં કેટલાંયે વર્ષોના નિરીક્ષણ/અનુભવ મુજબ એવું તારણ નીકળ્યું કે આ તળાવડીમાં વર્ષોથી બિલકુલ પાણી આવીને સંગ્રહિત થયું નથી. એટલે આવી રીતે આઠ-દસ વીઘા જમીન ઉપયોગ વિનાની રોકાયેલી પડી રહી છે. તળાવડીની રોકાયેલી આ જમીનને મોટા મોટા પાળા કાઢીને સમતળ કરવાનું એક મહાઅભિયાન હમણાં હાથ ધર્યું. શ્રી અરુણભાઈ દવેના સીધા માર્ગદર્શન તળે આપણી જળ સંચય વિભાગની પૂરી ટીમ નવરાશની પળામાં, પોતાની સાધન-સામગ્રી સાથે આ અભિયાનમાં લાગી અને તળાવડીને સમતળ કરીને લગભગ આઠ-દસ વીઘા જમીન નવાસાધ્ય કરવામાં આવી.

● વર્ષ ૨૦૨૦થી લોકભારતી ગોશાળા સ્વનિર્ભર યોજના અમલમાં મૂકવામાં આવી. આ યોજના અંતર્ગત મુખ્યત્વે ત્રણ પાસાંઓ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જેમાં ૧. વાછરડી ઉછેર ૨. વાછરડી જ જન્મે એવા કૃત્રિમ બીજદાનના ડોઝથી સંવર્ધન કરવું, ૩. ગુણવત્તાયુક્ત ઘાસચારા ઉત્પાદન સામેલ છે.

● વર્ષ દરમિયાન ૬૨૯૧૦ લિટર દૂધ ઉત્પાદન લેવામાં આવ્યું, જેમાં કોરોના કાળ દરમિયાન વિદ્યાર્થીઓ હાજર

ન હોવાથી મુખ્યત્વે દૂધનું ઘી બનાવી વેચવામાં આવ્યું. ઘાસચારા માટે થઈને પોષક તત્ત્વોથી સજ્જ એવું સુપર નેપિયર ઘાસ કે જેની ઉંમર ૮ વર્ષ જેટલી છે તેની ચોપણી કરવામાં આવી તથા આ પ્લોટમાંથી લગભગ ૨.૫ લાખ ઘાસના કટિંગ/કટકા જિલ્લાના ખેડૂતોને સહાયથી વિતરણ કરવામાં આવ્યા.

● ઉત્પાદક ધણને ધ્યાને લઈ નાની-મોટી ૨૫ વાછરડી-ગાયો તથા બધા જ પ્રકારની સંકર ઓલાદોનું વેચાણ કરવામાં આવ્યું.

● હાલની સ્થિતિએ લોકભારતી ગોશાળાનું ધણ નીચે મુજબ છે.

| ગાયની વિગત | ગીર | કુલ |
|---|---|---|
| ગાયો | ૩૪ | ૩૪ |
| વાછરડી ૧ વર્ષથી મોટી | ૧૪ | ૧૪ |
| વાછરડી ૧ વર્ષથી નાની | ૩૭ | ૩૭ |
| વાછરડા ૧ વર્ષથી મોટા | ૨ | ૨ |
| વાછરડા ૧ વર્ષથી નાના | ૧૨ | ૧૨ |
| બળદ | ૨ | ૨ |
| કુલ | ૧૦૧ | ૧૦૧ |

● લોકભારતી ગોશાળાની ગાયોનું એન.ડી.ડી.બી., આણંદ સંચાલિત INAPH-Softwareમાં રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું.

● વર્ષ દરમિયાન ફેરફાર કરેલ ઘાસચારા અને ખાણદાણથી સરેરાશ દૂધ ૯.૪ લિટર/ગાય/દિવસ સુધી લઈ જવામાં સફળતા મળી.

● રોગો કે જે ગાયોમાંથી માણસોમાં ફેલાઈ શકે એવા ટી.બી., જે.ડી. તથા બ્રુસેલોસિસ રોગોનું લોહીના નમૂના લઈ પરીક્ષણ કરવામાં આવ્યું, જેમાં ગોશાળાની એક પણ ગાય કે વાછરું સંક્રમિત થયેલ નથી એવું જણાવવામાં આવ્યું.

● વર્ષ દરમિયાન થયેલ કૃત્રિમ બીજદાનની વિગત :

કૃત્રિમ બીજદાન - ૬૬ ગાભણ ગાયો - ૨૮

## -: ખેતી વિભાગ સ્થાનિક :-

આ વર્ષે વરસાદ બહુજ સારો પડ્યો. જેથી દરેક પાક ખૂબ જ સારા થયા. શિયાળુ પાકો પણ પાણી પૂરતું છે, જેથી સારા થશે. વરસાદ અંદાજે ૨૫ થી ૩૦ ઇંચ પડ્યો. સાતેય તળાવ ભરાઈને પાણી પંચાયતીરાજ પાસે ઘણો સમય વહેતું રહ્યું. ૫ વર્ષે તળાવ ભરાયાં-બધા કૂવા અને ડારમાં પાણીનાં તળ ઊંચાં આવ્યાં.

● વરસાદ થતાં ખેતીમાં કપાસ, તલ, દિવેલા, સ્વીટકોર્ન મકાઇ, જુવાર, વગેરેનું વાવેતર થયું.

● ઉપરોક્ત પાકો વરસાદ સારો થવાથી સારા થયા, કપાસને, લીંબુ, આંબા, ચીકુ, એરંડા વગેરેને પાણી ડ્રીપથી આપવાનો પ્રયત્ન રહ્યો.

● બાગાયતી પાકોમાં પણ પાણી પૂરતું મળવાથી નીચે મુજબનો ઇજારો જાહેર હરરાજીથી આપવામાં આવ્યો. આંબા અને ચીકુનો ઇજારો હવે પછી આપવામાં આવશે.

● શિયાળુ પાકમાં ઘઉં લોક-૧નું ન્યુક્લિયસ બિયારણ -૪૦ વીઘા વાવ્યું. જે બ્રિડર લોક-૧ થશે.

● બળદ છપ્પરની બાજુમાં જે બે મોટા ખાડા હતા તેમાં માટીનું પૂરાણ કરી, જમીન ખેડવા લાયક બનાવી જે અંદાજે ૮ વીઘા જમીન છે, જેમાં ચોમાસું પાકમાં પહેલે વર્ષે જુવાર અને બીજે વર્ષે કપાસ વાવવામાં આવ્યો.

● તાઉતે વાવાઝોડાને કારણે બાગાયતી વૃક્ષોમાં સારું એવું નુકસાન થયું, પણ મોટા ભાગના બાગાયતી વૃક્ષોને ટેકા આપી ઊભાં કરી દેવામાં આવ્યાં.

● દયાળસર વર્ષોથી લિકેજ હોવાથી હવે તેને નહેરના પાણીથી બાયપાસ કરી, તેમાં પ્રગતિશીલ ખેડૂતોના માર્ગદર્શનમાં આમળાં વાવવામાં આવ્યાં.

● એકંદર વરસાદ સારો થવાથી એકંદરે ખેતીનું ચિત્ર સારું રહેશે.

### - : એસ્ટેટ વિભાગ :-

● B.Voc. વિભાગ નવો શરૂ થતાં M.R.S.ના મકાનમાં એક્સ્ટેંશન કરી સુવિધાઓ ઊભી કરવામાં આવી.

● 'તાઉતે' વાવાઝોડા પછી પરિસરની નવરચના કરવામાં આવી અને હાલના સમય માટે જરૂરી એવી ડીઝાઇન કરીને મુખ્ય રસ્તાનો ગેટઅપ આપવામાં આવ્યો. તેમ જ વીજળીના પોલ વગેરેનું નવીનીકરણ કરી રીડીઝાઇન કરવામાં આવ્યા.

● પરિસરના કેટલાક રસ્તાઓ ઉપર બ્લોક નાખવાની કામગીરી કરવામાં આવી.

● પરિસરના મુખ્ય દરવાજાથી સારસ્વતભવન સુધીનો મુખ્ય માર્ગ દ્વિમાર્ગી અને વચ્ચે લીલોતરી પ્લાન્ટેશન કરી આકર્ષક બનાવવામાં આવ્યો.

### - : લોકભારતી કાર્યકર કલ્યાણ નિધિ :-

● કલ્યાણ નિધિમાં પ્રમુખ તરીકે શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી ધીરુભાઈ રાઠોડ માનદ મંત્રી તરીકે સેવારત છે.

● તા. ૧૮/૦૩/૨૦૨૧નાં લોકભારતી કાર્યકર કલ્યાણનિધિ દ્વારા વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં કાર્યકરો શ્રી નીલિમાબેન વ્યાસ, શ્રી ભૂપતભાઈ સોલંકીઅને શ્રી હસમુખભાઈ જોષી(વૈદ્યરાજ)નો શુભેચ્છા કાર્યક્રમ મા.શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને યોજાયો.

● તા.૨૦/૧૦/૨૦૨૧ લોકભારતી કાર્યકર કલ્યાણનિધિની વાર્ષિક સાધારણ સભામાં કલ્યાણનિધિની પ્રવૃત્તિ તથા વાર્ષિક હિસાબો મંજૂર કરવામાં આવ્યા.

● તા. ૨૦/૧૦/૨૦૨૧ના રોજ 'શરદપૂનમ'ના દિવસે લોકભારતી સમગ્ર કાર્યકર પરિવારનું સમૂહભોજન મોટા રસોડે ગોઠવવામાં આવ્યું, જેમાં સૌ કાર્યકરોએ ફ્રૂટસ્લાડ, ભજિયાં, પૂરી-શાક ભોજનનો આનંદ માણ્યો હતો.

● તા.૩૧/૧૦/૨૦૨૧નાં રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાંથી નિવૃત્ત થતાં કાર્યકર શ્રી ડૉ. ભાવનાબેન પાઠક તથા શ્રી રમેશભાઈ ખેરનો શુભેચ્છા કાર્યક્રમ મા. શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

### - : કાર્યકરોની સહકારી મંડળી :-

● કો.ઓપ. સોસાયટીમાં પ્રમુખ તરીકે શ્રી ધીરુભાઈ રાઠોડ અને માનદ મંત્રી તરીકે શ્રી પિનાકિનભાઈ પંડ્યા સેવારત છે.

● સભાસદોની સંખ્યા ૧૦૨ છે.

● આ વર્ષે સભાસદો ને ૧૫% ડીવિડંડ ચૂકવવામાં આવ્યું

● નિવૃત્ત થયેલ સભાસદો મુક્ત થતાં તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

## - :કાર્યકર વીમા યોજના:-

● ૧૯૭૭થી શરૂ થયેલ આ વીમા યોજનામાં હાલ ૫૦ સભાસદો છે. પ્રમુખ તરીકે શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને મંત્રી તરીકે શ્રી વાસુદેવભાઈ મહેતા સેવાઓ આપી રહ્યા છે.

● કોઈ સભાસદનું અવસાન થાય તો રૂ.૨૧,૦૦૦થી લઈ રૂ. ૪૧,૦૦૦ સુધીની નિયમાનુસાર સહાય તેના પરિવારને આપવામાં આવે છે.

● ચાલુ વર્ષે સાત નવા સભ્યો જોડાયા, જે સભ્યોને આ યોજનામાં જોડાયાને પાંચ વર્ષ પૂરાં થયાં હોય તેવા સભ્યોને તેમણે ભરેલ રકમની ૫૦% રકમ પરત કરી.

● આ વર્ષે ત્રિવાર્ષિક ભેટ સ્વરૂપે દરેક સભ્યશ્રીઓને પ્રેશર કૂકર આપવામાં આવ્યાં.

## - : સમાપન :-

● હમણાં હમણાં લોકભારતીની મુલાકાત લેવા આવનાર શુભેચ્છકો તેમ જ નઈ તાલીમને સમજવાની કોશિશ કરનારા યુવાન મિત્રોની સંખ્યા પ્રમાણમાં ઘણી વધી છે. એ જ રીતે પૂર્વ વિદ્યાર્થીઓમાં પોતપોતાના લોટવાઈઝ ગ્રુપમાં માતૃસંસ્થાની મુલાકાતે આવવાની અને સંસ્થાને તેના ધ્યેયોને અનુરૂપ આગળ વધવામાં આર્થિક અને નૈતિક ટેકો આપવાની પ્રણાલિકા વધી રહી છે, જે સારી નિશાની ગણું છું, તેની આ તકે નોંધ પણ લઉં છું.

● સંસ્થા આજે અડસઠ વર્ષની લાંબી મજલ કાપી ઓગણસિત્તેરમા વર્ષમાં પ્રવેશી છે. આટલી લાંબી મંઝિલ કાપવામાં લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ ટ્રસ્ટના સૌ હોદ્દેદારો, મેનેજિંગ ટ્રસ્ટી માન. શ્રી અરુણભાઈ, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, વિભાગીય આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, કાર્યકર્તાઓ, પૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ, શુભેચ્છકશ્રીઓ વગેરેના સહયોગની આ તકે નોંધ લઉં છું. વિકાસનાં કાર્યો કરવામાં ઉદાર સહયોગ આપનાર સૌ દાતાઓના નામોલ્લેખ અહીં શક્ય નથી, સૌ દાતાઓનો વિશેષ આભાર માનું છું.

હસમુખ દેવમુરારિ
નિયામક
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ
(તા.૩૧-૧૨-૨૦૨૧ના રોજ વાર્ષિકોત્સવ નિમિત્તે રજૂ કરેલ અહેવાલ)

## ૦૨. ગ્રામ દક્ષિણામૂર્તિ ટ્રસ્ટ, આંબલા–મણાર વાર્ષિક અહેવાલ જાન્યુઆરી–૨૦૨૦થી ડિસેમ્બર–૨૦૨૧

**સુરસંગભાઈ ચૌહાણ**

---

ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા–મણાર સંસ્થાના વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન આદરણીય શ્રી ડૉ. અરુણભાઈ દવે, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, અમારા નિમંત્રણને માન આપી પધારેલા સૌ મુરબ્બીઓ અને મિત્રો, ગ્રામજનો, સર્વે કાર્યકરો અને પરિવારજનો તથા વહાલાં વિદ્યાર્થી ભાઈ-બહેનો.

છેલ્લાં બે વર્ષથી આપણે અનેક પ્રકારની મુસીબતોમાંથી પસાર થયાં છીએ, જેમાં પ્રથમ કોરોનાની મહામારી ત્યાર બાદ 'તાઉતે' વાવાઝોડાની વચ્ચે આપણે સૌ સુરક્ષિત છીએ તે માટે ઈશ્વરનો આભાર!

કોરોના અને લોકડાઉનને કારણે આપણી સંસ્થાના બંને કેમ્પસ પર વર્ષ ૨૦૨૦-૨૧માં ખૂબ જ ઓછા કાર્યક્રમોનું આયોજન થઈ શક્યું છે.

**- : શ્રદ્ધાંજલિ :-**

આ બે વર્ષ દરમિયાન કોરોનાની મહામારીને કારણે આપણે મોટી સંખ્યામાં સંસ્થા પરિવાર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાએલા અનેક વડીલો, આત્મીયજનો, માર્ગદર્શકો અને શુભેચ્છકોને ગુમાવ્યા છે. વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં પહેલાં દિવંગત આત્માઓને વંદન સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આંબલાના કાર્યકર શ્રી બિપિનભાઈનાં ભાભી શ્રી સકરીબહેન ઠાકોર, આંબલાના કાર્યકર શ્રી રામદેવસિંહજીનાં મોટીબા શ્રી અમજીબા ગોહિલ, આંબલાના કાર્યકર શ્રી રવિભાઈનાં માતુશ્રી જ્યોત્સ્નાબહેન પંડ્યા, આંબલાના કાર્યકર શ્રી રૂપાબહેનના જેઠ શ્રી ભૂપેશભાઈ માળી, આંબલાના બાલવાડી ચોકીદાર શ્રી ગવુભા ગોહિલ, લોકભારતીના કાર્યકર શ્રી રાણાભાઈના પિતાશ્રી સાદુળભાઈ લવતુકા, આંબલા પ્રાથમિક શાળાના પૂર્વ શિક્ષક શ્રી પ્રેમજીભાઈ ચૌહાણ, આંબલાના ચોકીદાર શ્રી ઉદયસિંહજી ગોહિલ, ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટના નિયામક શ્રી સુરરંગભાઈનાં પુત્રવધૂ શ્રી સોનલબહેન ચૌહાણ, આંબલા ઉદ્યોગ મંદિરના પૂર્વ કાર્યકર શ્રી ધનજીભાઈ બારડ, આંબલાના પૂર્વ ચોકીદાર લાલુબાપુનાં ધર્મપત્ની શ્રી નાનાબા ગોહિલ, આંબલાના પૂર્વવિદ્યાર્થી શ્રી રતિભાઈ દવે, આંબલાના પૂર્વવિદ્યાર્થી શ્રી ગોવિંદભાઈ ચૌહાણ, આંબલાના પૂર્વવિદ્યાર્થી જયંતીભાઈનાં ધર્મપત્ની શ્રી ચંદ્રિકાબહેન ઉમરાળિયા, આંબલાના કાર્યકર શ્રી વિક્રમભાઈ દેસાઈનાં માતુશ્રી પુનાબાઈબહેન, આંબલાના કાર્યકર શ્રી બિપિનભાઈના પિતાશ્રી ગોબરજી ઠાકોર, ગ્રામ દક્ષિણામૂર્તિ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કપિલભાઈનાં માતુશ્રી મંજુલાબહેન શાહ, ગ્રામદક્ષિણામૂર્તિ પરિવારના શુભેચ્છક શ્રી જયંતભાઈ મેઘાણી, લોકભારતીના પૂર્વનિયામકશ્રી દલપતભાઈ દાણીધારિયાનાં ધર્મપત્ની શ્રી નીલાબેન દાણીધારિયા, શ્રી લાલજીભાઈ નાકરાણીના પૌત્ર, આંબલાના કાર્યકર ઘનશ્યામભાઈ ગોવાળનાં માતુશ્રી, લોકભારતીના પૂર્વટ્રસ્ટી સ્વ.શ્રી દલસુખભાઈ ગોધાણીનાં ધર્મપત્ની શ્રી અજવાળીબહેન ગોધાણી, વેડછી ઉ.બુ. વિદ્યાલયના પૂર્વ આચાર્યશ્રી મનુભાઈ ચૌધરી, લોકભારતીના પૂર્વનિયામકશ્રી પ્રવીણભાઈ ઠક્કરનાં ધર્મપત્ની શ્રી દીપાબેન ઠક્કર, લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના આચાર્યશ્રી હસમુખભાઈ સુથારના પિતાશ્રી ભોગીભાઈ સુથાર, શુભેચ્છકો શ્રી ધીરુભાઈ ડોબરિયા, શ્રી પ્રતાપભાઈ શાહ, શ્રી દીપકભાઈ ત્રિવેદી, શ્રી રમાબહેન ના. વંડ્રા, શ્રી હર્ષદભાઈ પંડિત તેમ જ શ્રી જ્યોતિષભાઈ વોરા, મણાર સંસ્થાના પાયાના કાર્યકર શ્રી લાભશંકર જોશી, પૂર્વટ્રસ્ટીશ્રી અને શુભેચ્છક

શ્રી કાંતિસેનભાઈ શ્રોફ, લોકશાળા-મણારના પૂર્વઆચાર્યશ્રી શ્રી રમેશભાઈ વીરમગામીનાં માતુશ્રી લીલાવતીબહેન વીરમગામી, આંબલાના પૂર્વકાર્યકર દામાભાઈના પુત્ર શ્રી પ્રવીણભાઈ ગાંધી, આંબલાના કાર્યકર શ્રી ભાવેશભાઈના પિતાશ્રી બાલાભાઈ ડાંગર, આંબલાનાં પૂર્વવિદ્યાર્થિની ચેતનાબહેનના પતિ ડૉ. જયભાઈ સંઘવી, શુભેચ્છક શ્રી કુંદનિકાબહેન કાપડિયા, શુભેચ્છક શ્રી મનસુખભાઈ માંડવિયાના પિતાશ્રી લખમણભાઈ માંડવિયા, શુભેચ્છક શ્રી રઘુવીરભાઈ ચૌધરીનાં પત્ની શ્રી પારુલબહેન ચૌધરી, આંબલાના પૂર્વકાર્યકર(ખેતી વ્યવસ્થાપક) શ્રી દયાળભાઈ પટેલ, પૂર્વનિયામકશ્રી અનિલભાઈના નાનાભાઈ શ્રી ધ્રુવભાઈ ભટ્ટ, શુભેચ્છક શ્રી પ્રતાપભાઈ પંડ્યા. આમ આપણા બૃહદ્ પરિવારના દિવંગત આત્માઓને આપણા સૌ વતી વંદન સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**-: નવનિયુક્તોને આવકાર :-**

મણારમાં ઘણા સમયથી ખાલી પડેલ વિજ્ઞાનશિક્ષકની જગ્યા પર શ્રી પૃથ્વીરાજસિંહજી ગોહિલ તથા કૃષિશિક્ષકની જગ્યા પર શ્રી લાલજીભાઈ ખેરાળા તેમ જ ગૃહપતિ તરીકે શ્રી કિરણભાઈ ડેર નવનિયુક્ત થયા છે. સંગીતશિક્ષક તરીકે મણારમાં મહેન્દ્રભાઈ ડાભી અને આંબલામાં શ્રી તુષારભાઈ ગોસ્વામીને નિયુક્ત કર્યા છે. તેમને આવકાર સાથે અભિનંદન અને શુભેચ્છા.

**-: સેવાનિવૃત્તિ માટે શુભેચ્છાઓ :-**

આંબલાના ગ્રંથપાલ શ્રી અશોકભાઈ મહેતા અને આંબલાના ઉદ્યોગશિક્ષક અને ગૌશાળાના વ્યવસ્થાપક શ્રી શાંતિભાઈ હઠીલા તથા આંબલાના ખેતી વ્યવસ્થાપક શ્રી વિક્રમસિંહજી પરમાર વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા છે. આ સૌને શુભેચ્છાઓ.

**-: સંસ્થાના વિભાગનો વિભાગવાર અહેવાલ આપું તે પહેલાં કેટલાંક ખુશીના સમાચારની એક ઝલક :-**

- તારીખ ૦૯.૦૧.૨૦૨૦ના રોજના ઉજવાયેલ વાર્ષિકોત્સવના મુખ્ય વક્તા તરીકે કવિશ્રી કૃષ્ણ દવે આવ્યા, જેમણે કવિતાઓના રસપાન દ્વારા વાર્ષિકોત્સવના મુદ્દાઓને બરાબર વણી લઈ વક્તવ્ય આપ્યું. બપોર પછી આંબલા–મણારના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો.
- મણારના NCC કેડેટ્સની બીજા વર્ષની 'એ' સર્ટિફિકેટની પરીક્ષા ભાવનગર મુકામે લેવાઈ, તેમાં મોટા ભાગના કેડેટ્સ પાસ થયા. તેઓને અભિનંદન.
- મણારના શિક્ષક શ્રી અંકુરભાઈ શાહના પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે વિદ્યાર્થીઓને ગરમ સ્વેટર, શાલ તેમ જ જર્સીનું વિતરણ કરવામાં આવ્યું.
- મણારના ભૂતપૂર્વ આચાર્ય અને મણારના વડીલ શ્રી પ્રવીણભાઈ મહેતાનું મથાવડાના ગ્રામજનો તેમ જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું.
- કૌશલ્યવર્ધન કેન્દ્ર દ્વારા ખેડૂતો અને મહિલામંડળની બહેનો માટે કૃષિને લગતો ફૂડ અને ફૂડ પ્રોસેસિંગનો નવો ટ્રેડ શરૂ કરવામાં આવ્યો.
- સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે આપણી સંસ્થાના ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવેને એબીપી અસ્મિતા સન્માન પુરસ્કાર-૨૦૨૦થી સન્માનિત કરવામાં આવ્યા.
- મણાર કેન્દ્રમાં પીડીલાઇટ તથા શ્રી કેશુભાઈ ગોટી તેમ જ અન્ય દાતાઓની આર્થિક સહાયથી કન્યા છાત્રાલયનું નવનિર્માણ કરવામાં આવ્યું, તેનું ભૂમિપૂજન ૨૧ ફેબ્રુઆરી–૨૦૨૦માં શ્રી અરુણભાઈ દવેના હસ્તે થયું. આ છાત્રાલયનું કામ ઓગસ્ટ–૨૧ના રોજ પૂર્ણ થયું. ગાયત્રી યજ્ઞ કરી તેને વિદ્યાર્થિની બહેનો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું.

● આંબલા કેન્દ્રમાં નવી ઑફિસ તથા ચાર નવાં સ્ટાફ ક્વાર્ટરનું બાંધકામ પૂર્ણ થયું. ૦૪ ઓગસ્ટ-૨૦૨૦ના રોજ વડીલ શ્રી લાલજીભાઈ નાકરાણીના હસ્તે દીપ-પ્રાગટ્ય કરી, શાંતિપાઠ કરી, તેનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો.

● મણાર કેન્દ્રમાં ગૌશાળાના દુગ્ધાલય તથા ગોડાઉનનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું.

● મણાર સંસ્થા તથા પ્રાથમિક શાળાના સયુંક્ત ઉપક્રમે કોરોના વૈશ્વિક મહામારીના કારણે ગામના ગરીબ પરિવારોમાં અનાજની કિટનું વિતરણ કરવામાં આવ્યું.

● મણારમાં વર્ષ ૨૦૨૦ની પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા કોવિડ–૧૯ની મહામારીના કારણે બંધ રાખી અને તેના બદલે સ્થાનિક કક્ષાએ પ્રાર્થના અને વડીલશ્રી પ્રવીણભાઈ મહેતા અને નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણના ટૂંકાં વક્તવ્ય સાથે યોજાઈ.

● નેશનલ એસોશિયેશન ઓફ બ્લાઈન્ડ-ભાવનગરની અંધશાળા તરફથી મણાર લોકશાળાને શ્રેષ્ઠ ફંડ એકત્રિત કરવા માટે ઍવૉર્ડ મળ્યો.

● તા.૨૬-૦૯-૨૦૨૦ના રોજ આંબલા મુકામે આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત સરકારના સહિયારા પુરુષાર્થથી જી.આઈ.ડી.સી.ના ડાયરેક્ટર શ્રી પેથાભાઈની અધ્યક્ષતામાં ‘સાત પગલાં ખેડૂત-કલ્યાણનાં’ કાર્યક્રમ થયો. ૩૦૦ ખેડૂતોએ તેનો લાભ લીધો.

● મણાર લોકશાળાને વર્ષ ૨૦૨૦-૨૧ની ભાવનગરની શ્રેષ્ઠ શાળા એવૉર્ડ મળ્યો. આ એવૉર્ડ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે મણાર લોકશાળાના આચાર્ય શ્રી ડાયાભાઈ ડાંગરે સ્વીકાર્યો.

● ગત વર્ષે વાર્ષિકોત્સવની કોવિડ-૧૯ની મહામારીના કારણે સાદગીભરી ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી, તેમાં શ્રી ડૉ. અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ભાવનાબેન પાઠક, શ્રી નિગમભાઈ શુક્લ, શ્રી વિશાલભાઈ ભાદાણી વગેરે હાજર રહ્યા.

● આંબલા કેમ્પસ પર જૂના પુસ્તકાલયના નવનિર્માણનું કાર્ય પ્રારંભ કરવામાં આવ્યું, તેનું ખાતમુહૂર્ત શ્રી લાલજીભાઈ નાકારાણી, શ્રી અરુણભાઈ દવે તથા શ્રી સુરંસગભાઈ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું.

● તા.૧૮.૦૫.૨૧ના રોજ ‘તાઉતે’ વાવાઝોડામાં આંબલા તથા મણારના બંને કેમ્પસ તેમ જ સંસ્થાની કૃષિ, ગૌશાળાનાં તેમ જ અન્ય મકાનોને ખૂબ જ મોટું નુકસાન થયું. આ તારાજીને પહોંચી વળવા માટે પૂર્વવિદ્યાર્થીઓ તથા પૂર્વકાર્યકરો માતૃસંસ્થાની વહારે આવી પહોંચ્યા, તે દરેકનો હું આભાર માનું છું.

● વાવાઝોડામાં આંબલા અને મણાર એમ બંને કેમ્પસ પર કાર્યકરોના સહિયારા પુરુષાર્થથી આ પ્રાકૃતિક સંપદા પાછી મેળવવા ૮૦ જેટલાં ફળાઉ વૃક્ષો સહિતનાં વૃક્ષો ઊભાં કરી દેવામાં આવ્યાં અને મણારમાં ૮૨૦ અને આંબલામાં ૬૨૮ નવાં વૃક્ષો વાવવામાં આવ્યાં.

● આંબલાના વિદ્યાર્થીઓએ યુવક મહોત્સવમાં સમૂહગાન સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો. સંગીતશિક્ષક તુષારભાઈ ગોસ્વામીને અને ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને અભિનંદન.

● આંબલા કેન્દ્રમાં અભિમુખતા શિબિરનું જુદા જુદા ચાર મણકામાં આયોજન કરવામાં આવ્યું. પ્રથમ મણકામાં ભાવનગરની સંઘવી બી.એડ્. કૉલેજના પૂર્વઆચાર્ય શ્રી મનહરભાઈ ઠાકરે ‘આપણા આદ્યસ્થાપકોનો વિચારવારસો’માં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના સ્થાપક અને પાયાના શિલ્પીઓ; પૂજ્ય નાનાદાદા, મનુદાદા, મૂળશંકરદાદા અને બુચદાદા વિષે મનનીય વક્તવ્ય આપ્યું. બીજા મણકાના પ્રથમ ભાગમાં સંસ્થાના પૂર્વ આચાર્ય શ્રી ભાનુભાઈ ભટ્ટે સહશિક્ષણ, શ્રમ અને ખાદી વિષે અભ્યાસપૂર્ણ વિચારો વ્યક્ત કર્યા, જ્યારે બીજા ભાગમાં વિદ્યાર્થીઓના વહાલા શિક્ષક શ્રી અશોકભાઈ

ડાભીએ આપણી દિનચર્યાની વૈજ્ઞાનિકતા અને સ્વાવલંબન વિષે ખૂબ રસપૂર્ણ વાતો કરી અને સવારે ઉત્થાનથી રાતે શયન સુધીની દિનચર્યાનું વૈજ્ઞાનિક મહત્ત્વ શું છે તે લાક્ષણિક શૈલીમાં સમજાવ્યું. ત્રીજા મણકામાં લોકભારતીના બી.વૉક.ના સંચાલક શ્રી વિશાલભાઈ ભાદાણીએ અનુબંધિત કેળવણી, સમૂહ જીવન અને છાત્રાલય જીવન ઉપર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યું. ચોથા મણકામાં ભૂતપૂર્વ કાર્યકર ૮૧ વર્ષના શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટે 'જીવનઘડતર અને સહઅભ્યાસ પ્રવૃત્તિનું મહત્ત્વ' વિષે ગમ્મત સાથે જ્ઞાન પીરસ્યું. સમાપનમાં સંસ્થાના વડીલ શ્રી લાલજીદાદા ઉપસ્થિત રહ્યા.

- આંબલા લોકશાળાને આ વર્ષે નેવલ એન.સી.સી. યુનિટ શરૂ કરવાની મંજૂરી મળી.
- મણારનાં શિક્ષિકા કંચનબહેન થડોદાને શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે વર્ષ ૨૦૧૯-૨૦ના રાજ્યકક્ષાનો રાષ્ટ્રીય સેવા યોજનાના શ્રેષ્ઠ પ્રોગ્રામ ઑફિસરનો ઍવૉર્ડ એનાયત થયો.
- તા.૨૭.૧૨.૨૧ના રોજ મણારનાં શિક્ષિકા શ્રી કંચનબહેન થડોદાની પુત્રી સ્વ. મૈત્રીના જન્મદિવસ નિમિતે શ્રેષ્ઠ પ્રોગ્રામ ઑફિસર ઍવૉર્ડની રકમ તથા પોતાની એટલી જ ઉમેરીને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે નિયામકશ્રી તથા આચાર્યશ્રીને ચેક અર્પણ કરવામાં આવ્યો.
- 'ટોયફેર'માં મણારના શિક્ષક શ્રી વિનોદભાઈ વાઘેલાની કૃતિ 'ઈલેક્ટ્રિક સફાઈ મશીન'એ તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ કેટેગરી-૪માં પ્રથમ ક્રમ મેળવ્યો.
- મણાર સંસ્થામાં આવેલ પ્રાથમિક શાળાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં વાલી સંમેલન, ધો-૦૮ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ તેમ જ તેના આચાર્ય શ્રી વેલજીભાઈનો વિદાય સમારંભ એમ ત્રિવિધ કાર્યક્રમ યોજાયો.
- મણાર લોકશાળામાં અલંગ અને મણાર ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે કોવિડ-૧૯ આઇસોલેશન સેન્ટરની સુવિધા ઊભી કરવામાં આવી.
- તા.૧૧.૦૮.૨૧ના રોજ સ્વ. મૃદુલાબહેન મહેતાની સ્મૃતિમાં યોજાતી પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા કોરોનાને કારણે સ્થાનિક રીતે યોજાઈ, જેમાં મુખ્ય મહેમાન ભાષાવિદ્ અને આજીવન શિક્ષક એવા શ્રી ઉમાકાંતભાઈ રાજયગુરુએ 'પ્રેરણા પુરુષ પંડિત સુખલાલજી' વિષય પર વ્યાખ્યાન આપ્યું.
- આ વર્ષે આપણા સંસ્થા-સામયિક 'કોડિયું'ના ૭૫ વર્ષ એટલે કે અમૃત મહોત્સવ નિમિત્તે ચાર વિશેષાંક પ્રગટ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે, તેનો પહેલો વિશેષાંક 'સ્વાધ્યાય' નવેમ્બરમાં પ્રગટ થયો. તેને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

**-: હવે ગત બે વર્ષના લોકશાળાના કેટલાક સમૂહના કાર્યક્રમોની એક ઝલક :-**

- તારીખ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ મકર સંક્રાંતિ નિમિત્તે બન્ને સંસ્થાઓમાં ગોશાળા સફાઈ, ગો-પૂજન અને ગો-મહિમાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો, જે અંતર્ગત આંબલામાં શ્રી હરદેવસિંહજી વાળા તેમ જ મણારમાં શ્રી સુરસંગભાઈ ચૌહાણે ગો-મહિમાની વાત કરી.
- બન્ને સંસ્થાઓમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૦ના પ્રજાસતાક દિનની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી. આંબલામાં ભરતભાઈ મિસ્ત્રી તથા મણારમાં કંચનબેન થડોદાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. બન્ને સંસ્થામાં પી.ટી. પરેડ તેમ જ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા.
- આંબલામાં તા.૧૦.૦૨.૨૦૨૦ના તથા મણારમાં તા.૧૬.૦૨.૨૦ના રોજ વાલી મિટિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં યોજાઈ. વાલીઓ રસપૂર્વક બહોળી સંખ્યામાં હાજર રહ્યા.
- કોરોનાની મહામારી વધતાં તા.૨૧.૦૪.૨૦ના રોજ બન્ને કેમ્પસ પર સરકારશ્રીના આદેશ મુજબ તમામ શૈક્ષણિક કાર્ય તથા પરીક્ષા સ્થગિત કરી વિદ્યાર્થીઓને રજા આપવામાં આવી.

● બંને લોકશાળાનું ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ નીચે મુજબ આવેલ છે.

| ક્રમ | ધોરણ | આંબલા | મણાર |
|---|---|---|---|
| ૧ | ૧૦ | ૮૫% | ૭૨.૭૨% |
| ૨ | ૧૨ | ૯૪% | ૮૭.૮૦% |

● બન્ને કેમ્પસ પર ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનાં વોટ્સએપ ગ્રુપ બનાવીને શિક્ષકોએ ઓનલાઇન શિક્ષણ શરૂ કર્યું હતું. બન્ને લોકશાળાના વિદ્યાર્થીઓની એકમ કસોટી ઓનલાઇન જ લેવાઈ. તેનાં ઉત્તરપત્રો જે તે વિદ્યાર્થીના વાલી પાસેથી મંગાવી ચકાસણી કરવાનું કાર્ય સંપન્ન કરવામાં આવ્યું.

● બન્ને કેમ્પસ પરના વિદ્યાર્થીઓને શ્રી પિનાકિનભાઈ મકવાણા તરફથી ૫૦% રાહત દરે બે જોડી ખાદીનાં પહેરવેશ માટેનું ખાદીનું કાપડ આપવામાં આવ્યું.

● બન્ને કેમ્પસ પર ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૦એ સ્વાતંત્ર્યદિનની ઉજવણી કોવિડ-૧૯ના નિયમોને ધ્યાનમાં રાખી સાદાઈથી કરવામાં આવી.

● બન્ને લોકશાળામાં ૧૫.૦૧.૨૧ના રોજ લોકડાઉન પૂરું થતાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ હાજર થયા.

● બન્ને કેમ્પસ પર પ્રજાસતાક દિન નિમિત્તે ૨૬.૦૧.૨૧ના ઉજવણી કરવામાં આવી. તેમાં આંબલા લોકશાળામાં સોનગઢના પી.એસ.આઈ. શ્રી ધર્મેન્દ્રસિંહજી વાઘેલા સાહેબના હસ્તે પ્રાથમિક શાળાના પટાંગણમાં ધ્વજવંદન કરવામાં આવ્યું. તેમણે પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું. મણાર લોકશાળામાં નિયામકશ્રી સુરસંગભાઈ ચૌહાણના હસ્તે કૃષિ–બાગાયતના પટાંગણમાં ધ્વજવંદન કરવામાં આવ્યું.

● તા.૦૩.૦૨.૨૧ના રોજ આંબલામાં શ્રી ધ્રુવભાઈ દવેનો સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો.

● બન્ને કેમ્પસ પર નવા સત્રના પ્રારંભે નવા વિદ્યાર્થી મંત્રીમંડળની રચના કરવામાં આવી અને તેમનો શપથવિધિ કાર્યક્રમ પણ યોજાયો.

● તા.૧૮.૦૨.૨૧ના રોજ આંબલા લોકશાળામાં વિદ્યાર્થીઓનો મનગમતો કાર્યક્રમ 'ખજાનાની શોધ' રાખવામાં આવ્યો, તેમાં શ્રી ડૉ. મનહરભાઈ ઠાકર પણ જોડાયા.

● આંબલામાં તા.૨૧.૦૨.૨૧ના રોજ ગુજરાતી ભાષાદિન નિમિત્તે પુસ્તક-પ્રદર્શનનું આયોજન થયું અને વિદ્યાર્થીઓને તેના વિષે સમજણ આપવામાં આવી.

● આંબલામાં તા.૨૧.૦૨.૨૧ના રોજ સાંજે પ્રાર્થના પછી શ્રી અગરસંગભાઈ સોલંકી દ્વારા સંગીતસંધ્યાનો કાર્યકામ યોજાયો. વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવારો ઉત્સાહથી જોડાયા.

● તા.૦૭.૦૩.૨૧ના રોજ આંબલા મુકામે શ્રી રણછોડદાસ હોસ્પિટલ-રાજકોટના સહયોગથી નેત્રનિદાન કેમ્પનું આયોજન થયું. આજુબાજુના ગ્રામજનોએ બહોળી સંખ્યામાં લાભ લીધો.

● તા.૦૭.૦૩.૨૧ના રોજ આંબલા મુકામે આજદિન સુધીમાં ૧૨૦૦ જેટલા નિદાન કેમ્પ કરવામાં મદદરૂપ સેવાભાવી શ્રી નીતિનભાઈ પંચોળીનું શ્રી અરુણભાઈ દવેના હસ્તે સન્માન કરવામાં આવ્યું.

● બન્ને કેમ્પસ પર સરકારશ્રી તરફથી ધોરણ ૦૯ની ગરીબ વિદ્યાર્થિની બહેનોને સાયકલ આપવામાં આવી.

● તા.૨૬.૦૩.૨૧ના રોજ પી.એચ.સી.-મણાર અને એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે કોરોના રસીકરણ કેમ્પ યોજાયો.

● બન્ને કેમ્પસ પર તા.૨૮.૦૩.૨૧ના રોજ હોલિકા દહન કાર્યક્રમ યોજાયો. કોરોનાના કારણે ધૂળેટીનો કાર્યક્રમ બન્ને કેમ્પસ પર બંધ રાખવામાં આવ્યો.

● કોરોના સંક્રમણ વધતાં બન્ને કેમ્પસ પર ૧૬-૦૪-૨૦૨૧ના રોજ વિદ્યાર્થીઓને શાળામાંથી ઘરે જવા માટે રજા આપવામાં આવી.

● આંબલા અને મણાર બન્ને કેમ્પસ પર ૧૫.૦૭.૨૧ના રોજ ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ સરકારની ગાઈડલાઈન પ્રમાણે સંસ્થામાં હાજર થયા.

● તા.૨૪.૦૭.૨૧ના રોજ બન્ને કેમ્પસ પર ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી.

● તા.૧૫.૦૮.૨૧ના રોજ આંબલા-મણાર બન્ને કેમ્પસ પર સ્વાતંત્ર્ય દિન ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. આંબલામાં સંસ્થાના ભૂતપૂર્વ કાર્યકર શ્રી અશોકભાઈ ડાભીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું, ત્યાર બાદ વિદ્યાર્થીઓ દ્વારા કવાયતના દાવ રજૂ થયા. આ કાર્યક્રમમાં ગ્રામજનો અને પંચાયતના સભ્યો તેમ જ સૌ કાર્યકર પરિવાર જોડાયા. રાત્રે સમૂહ ગરબીનું આયોજન થયું. જ્યારે મણારમાં કૃષિ બાગાયત વિકાસ કેન્દ્રના પ્રાંગણમાં તળાજા તાલુકા પંચાયતના સદસ્યા શ્રીમતી શૈલીબહેનના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે એન.સી.સી.ના કેડેટ્સને 'એ' સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું.

● આંબલા તથા મણાર બન્ને કેમ્પસ પર રક્ષાબંધન ઉજવણી ખૂબ જ ધામધૂમથી થઈ. આ પ્રસંગ માટે વિદ્યાર્થિની બહેનોએ જાતે રાખડીઓ બનાવીને વિદ્યાર્થી ભાઈઓને બાંધી. આ પ્રસંગે આંબલામાં પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણાની અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા. તેઓએ આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી થાય તેવું વક્તવ્ય આપ્યું અને વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને આ પર્વનું મહત્ત્વ સમજાવ્યું. મહેમાનનો પરિચય તથા સ્વાગત શ્રી વાઘજીભાઈ કરમાટિયાએ કર્યાં અને આભારવિધિ શ્રી રાજેન્દ્રસિંહજી વાળાએ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગૌરાંગભાઈ વોરાએ કર્યું. રક્ષાબંધન પર્વ નિમિત્તે સાંજે સંગીતસંધ્યાનો કાર્યક્રમ યોજાયો, તેમાં શ્રી શ્યામભાઈ મકવાણાએ સુમધુર ગીતો રજૂ કર્યાં.

મણારનો રક્ષા બંધનનો કાર્યક્રમ લોકભારતી અધ્યાપન મંદિરના આચાર્યા શ્રી ભાવનાબહેન પાઠકની અધ્યક્ષતામાં તથા શ્રી અવનિબહેન રાવળના અતિથિવિશેષપદે યોજાયો. બન્નેએ પ્રસંગને અનુરૂપ ખૂબ જ સુંદર વાતો કરી અને રક્ષાબંધનના તહેવારનું મહત્ત્વ સમજાવ્યું.

● તા.૨૪.૦૮.૨૧ના રોજ મણારમાં ૩ ગુજરાત નેવલ એન.સી.સી.-ભાવનગરનો પી.આઈ. સ્ટાફ ધોરણ-૦૯ના કેડેટ્સના એનરોલમેન્ટ માટે આવી ગયો. તેમણે પ્રોગ્રામ ઓફિસર શ્રી અંકુરભાઈ શાહના કામને બીરદાવ્યું.

● તા.૦૫.૦૯.૨૧ના રોજ આંબલા અને મણારમાં વિદ્યાર્થીઓએ સ્વયંશિક્ષણ દિન ઉજવણી ખૂબ ઉત્સાહપૂર્વક કરી.

● તા.૧૭.૦૯.૨૧ના રોજ આંબલાના વિદ્યાર્થીઓએ તથા કાર્યકરો સાથે વર્ષાસ્નાન કર્યું. વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો.

● આંબલામાં ૧૯.૦૯.૨૧ના રોજ વિદ્યાર્થીઓનો અતિ પ્રિય 'ખજાનાની શોધ' કાર્યક્રમ યોજાયો. ડુંગરા ખૂંદતાં, કોતરમાંથી વહેતા ઝરણા સાથે કિલ્લોલ કરતાં, ગીતો ગાતાં, જુદી જુદી વનસ્પતિનો પરિચય કરતાં સૌ અજ્ઞાત અને અદભુત સ્થળે પહોંચ્યા. રામધારીના, મૂળ ધોલેરાના શ્રી હરદેવસિંહજીના ફાર્મ હાઉસ પરના સ્વીમિંગ પુલમાં સૌએ સ્નાનનો આનંદ માણ્યો. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ કાર્યકરો શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટ, શ્રી અશોકભાઈ ડાભી અને તેમનાં ધર્મપત્ની, શ્રી વિજયભાઈ ઉપાધ્યાય અને તેમનાં ધર્મપત્ની જોડાયાં અને વિધાર્થીઓનો ઉત્સાહ વધાર્યો.

● મણારમાં તા.૦૧.૦૯.૨૧થી ૧૫.૦૯.૨૧ દરમિયાન 'સ્વચ્છતા પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી.

● મણારમાં અંધાજન સપ્તાહ(ફ્લેગ ડે) નિમિત્તે ધોરણ ૧૧-૧૨ની કુલ ૧૫ ટુકડીઓએ મણાર ગામ, સોસિયા અને અલંગ ગામ તેમ જ શીપબ્રેકિંગ યાર્ડ પર સ્ટાફગણ સહિત અંધજનો માટે ફાળો એકત્રિત કર્યો અને મોકલી આપ્યો.

● આંબલા અને મણાર બન્ને કેમ્પસ પર નવરાત્રિ દરમિયાન એકાંતરા સમૂહ ગરબીનું આયોજન થયું, તેમાં કાર્યકર પરિવારો તથા વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાયા. આંબલામાં તા.૧૦.૧૦.૨૧ના રોજ ઑરકેસ્ટ્રા, ગાયનવાદન સાથે ગરબીનું ભાતીગળ પહેરવેશમાં આયોજન થયું. આ નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તથા તેમનાં ધર્મપત્ની, નવાગામ હાઈસ્કૂલના આચાર્ય શ્રી અગરસંગભાઈ સોલંકી, શ્રી લાલજીભાઈ નાકરાણી અને તેમનાં ધર્મપત્ની શ્રી નબુબા અને પાલીતાણાની ચ.મો. વિદ્યાલયના આચાર્ય શ્રી ઘનશ્યામસિંહજી રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી અગરસંગભાઈ સોલંકીએ મધુર કંઠે ગીતો અને ગરબાઓ ગાઈને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધાર્યો.

● આંબલા અને મણારમાં તા.૦૧થી ૨૧ સુધી દિવાળી વિકેશન રહ્યું. તા.૨૧.૧૨.૨૧ના રોજ શાળાનું ભાવાવરણ વિદ્યાર્થીઓથી ગુંજતું થયું.

**-: સંસ્થાના આંબલા-મણારના સંયુક્ત કાર્યક્રમોની ઝલક :-**

● બન્ને સંસ્થાઓમાં લોકડાઉનમાં કાર્યકરોએ દરરોજ ઓછામાં ઓછા ૪ કલાક શ્રમકાર્ય કર્યું.

● બન્ને કેમ્પસ પર તા.૨૬.૦૩.૨૦થી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના સયુંક્ત ઉપક્રમે ગરીબ કુટુંબો માટે બે માસ સુધી છાશ કેન્દ્ર ચલાવાયું.

● આંબલા લોકશાળાના ઉદ્યોગશિક્ષક શ્રી શાંતિભાઈ હઠીલા તરફથી કાર્યકર પરિવારો માટે ભોજન ગોઠવવામાં આવ્યું.

● બન્ને સંસ્થામાં કોવિડ-૧૯ની આચારસંહિતા પાળીને તારીખ ૧૭.૧૦.૨૦થી ૨૫.૧૦.૨૦ દરમિયાન નવરાત્રિ મહોત્સવની કાર્યકર પરિવારજનો સાથે ઉજવણી કરવામાં આવી. આ દરમિયાન નવ દિવસ ગરબીનું આયોજન કરવામાં આવ્યું હતું, સાથે નવેનવ દિવસ અલગ અલગ નાસ્તો કરાવવામાં આવ્યો. સૌ કાર્યકરો ઉત્સાહભેર જોડાયા. આ ઉજવણીમાં શ્રી અરુણભાઈ દવે અને મુનિભાઈ દવે પણ પરિવાર સાથે જોડાયા.

● બન્ને સંસ્થાઓમાં નૂતનવર્ષના પ્રભાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. આંબલામાં શ્રી લાલજીભાઈ નાકરાણી, શ્રી ફાજલભાઈ ચૌહાણ, સરપંચશ્રી કાનજીભાઈ પટેલ, શ્રી મેહુરભાઈ લવતુકા, પરિવારજનો, ગ્રામજનો તથા શુભેચ્છકો હાજર રહ્યા. જ્યારે મણારમાં શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી પ્રવીણભાઈ મહેતા તથા પરિવારજનોની હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો.

● બન્ને કેમ્પસ પર વર્ષ ૨૦૨૧ની ઉત્તરાયણ નિમિતે સૌ કાર્યકરોએ ગૌશાળાની સામૂહિક સફાઈ કરી.

● આંબલામાં વાવાઝોડામાં કેમ્પસ પરનાં વૃક્ષો પડી ગયાં હતાં. પરિસરને ફરી લીલુંછમ કરવા માટે તા.૨૪.૦૬.૨૧ના રોજ નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણ તથા શ્રી બાબુભાઈ પટેલ(નર્સરીવાળા), ભાવનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભરતસિંહ ગોહિલ, શિહોર તાલુકાના ભાજપના મહામંત્રી શ્રી સુરેશભાઈ દવે, સણોસરા ગામના સરપંચ શ્રી ભાવસંગભાઈ, આંબલાના તાલુકા પંચાયતના સભ્ય શ્રી સવજીભાઈ ચૌહાણ, આંબલા સહકારી મંડળીના શ્રી ભરતભાઈ પંડ્યા તેમ જ આંબલા ગ્રામપંચાયતના સભ્યોની પ્રેરક ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે શ્રી ભરતસિંહજી ગોહિલનું તથા આંબલાના તાલુકા પંચાયતના સભ્ય શ્રી સવજીભાઈ ચૌહાણનું શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું.

● મણારમાં વાવાઝોડામાં કેમ્પસ પરનાં વૃક્ષો પડી ગયાં હતાં. પરિસરને ફરીથી લીલુંછમ કરવા માટે તા.૧૩.૦૮.૨૧ના રોજ NCCના કેડેટ્સ દ્વારા શ્રી અંકુરભાઈ શાહના માર્ગદર્શન નીચે નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.

● તા.૦૨.૧૦.૨૧ના રોજ ગાંધીજયંતી નિમિત્તે આંબલા અને મણાર બન્ને કેમ્પસ પર કાર્યક્રમો થયા.

આંબલામાં સવારે આંબલા ગામમાં ધૂન-ભજનો ગાતાં ગાતાં પ્રભાત ફેરી કાઢવામાં આવી, તેમાં કાર્યકરો તેમ જ

વિદ્યાર્થીઓ જોડાયા. ત્યાર બાદ પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, તેમાં સંસ્થાના ભૂતપૂર્વ નિયામક/આચાર્ય વડીલ શ્રી લાલજીભાઈ નાકરાણીએ ગાંધીવિચાર વિષે વાતો કરી, સવારે ૮:૦૦ કલાકે જુદી જુદી ૧૬ ટુકડીઓએ ગ્રામસફાઈ કરી, જેમાં ગામલોકો તથા ગ્રામપંચાયતના સભ્યો પણ ઉત્સાહ સાથે જોડાયા. સિહોર મામલતદાર સાહેબે પણ ભાવપૂર્ણ ભાગીદારી કરી ધન્યતા અનુભવી.

મણારમાં મુંબઈથી દાતા શ્રી અજિતભાઈ દોશી તથા વલસાડના શ્રી નિકુંજભાઈ દેસાઈએ સાયં પ્રાર્થના અનુસંધાને પ્રાસંગિક સંબોધન કર્યું. વિદ્યાર્થીઓએ ગાંધીજી વિષે સ્વાધ્યાયનું પઠન કર્યું.

બંને સંસ્થાના કેમ્પસ પર નીચે મુજબની ઉજવણી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓ તથા કાર્યકરો જોડાયા.

| | | |
|---|---|---|
| રમતોત્સવ | સ્વયંપાક | ગાંધીજંયતી |
| લાલબહાદુર શાસ્ત્રી જંયતી | નવરાત્રિ | મનુભાઈ પંચોળી જન્મજંયતી |
| પૂ. નાનાભાઈ પુણ્યતિથિ | મતદાન જાગૃતિ દિવસ | સંગીત સંધ્યા |
| ગાંધી નિર્વાણદિન | ગરબી | સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતી |
| સમૂહ ભોજન | ખજાનાની શોધ | બોર ખાવાનો કાર્યક્રમ |
| વર્ષા સ્નાન | ફિલ્મ દર્શન | સાંસ્કૃતિક કાર્યક્રમ |
| હોલિકા દહન | આંતરરાષ્ટ્રીય મહિલા દિન | આંતરરાષ્ટ્રીય યોગ દિવસ |
| કાર્ગિલ વિજય દિવસ | સ્વયં શિક્ષણ દિન | પ્રજાસત્તાક દિન |
| સ્વાતંત્ર્યદિન | | |

**-: વિદ્યાર્થી સજ્જતા :-**

● વર્ષ ૨૦૨૦ની આંબલા લોકશાળાની NSSની વાર્ષિક ખાસ શિબિર સિહોર તાલુકાના ધ્રુપકા ગામે યોજાઈ. ઉદઘાટનમાં શ્રી ભાવનાબહેન પાઠક તથા સમાપનમાં સોનગઢ પી.એસ.આઈ. શ્રી ધર્મેન્દ્રસિંહજી વાઘેલા પધાર્યા. શ્રી જગદીશભાઈ ત્રિવેદી, શ્રી હિમાંશુભાઈ, શ્રી અમિતભાઈ તેમ જ શ્રી હિંમતભાઈએ ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’ વિષય પર વક્તવ્યો આપ્યાં. આ ૭ દિવસ દરમિયાન પતંજલિ યોગ વિદ્યાપીઠના યોગતજ્ઞ શ્રી જિજ્ઞેશભાઈએ યોગ શિબિર કરી.

● વર્ષ ૨૦૨૦ની મણાર લોકશાળાની NSSની વાર્ષિક ગ્રામ શિબિર તળાજા તાલુકાના કઠવા મુકામે યોજાઈ.

● આંબલામાં સિવિલાઈઝ મોડર્ન સ્કૂલ, નાના વરાછા, સુરતના સંચાલક શ્રી હિતેશભાઈએ સાંધ્ય પ્રાર્થનાના અનુસંધાને ‘સફળતાનાં સૂત્રો’ વિષય પર વક્તવ્ય આપ્યું.

● આંબલામાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ જાગે તે અંગે નીતિનભાઈ પંચોલી પાંચ દિવસ વક્તવ્ય આપવા માટે આવી ગયા.

● આંબલા—તા.૧૩.૦૯.૨૧ના રોજ ધોરણ ૧૧નાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ સિહોરની સર્વોત્તમ ડેરીની મુલાકાત લઈ ડેરીના એમ.ડી. શ્રી હરિભાઈ જોશી સાથે વાર્તાલાપ કરી તેની માહિતી મેળવી.

● આંબલા- તા.૧૬.૧૦.૨૧ના રોજ ૩૦ ભાઈઓ-બહેનોએ એચિવમેન્ટની GASની પરીક્ષા આપી.

● શિશુવિહાર સંસ્થા આયોજિત શ્રી હીરાબહેન માનભાઈ ભટ્ટ મહિલા ઉત્કર્ષ કાર્યક્રમ અંતર્ગત ઉત્તર બુનિયાદી વિદ્યાલય-બેલા મુકામે આંબલા અને મણાર બંને લોકશાળાની ૧૦-૧૦ વિદ્યાર્થિની બહેનોને ૨૫૦૦/- લેખે સહાય આપવામાં આવી.

● આપણી જૂની પરંપરા મુજબ વિદ્યાર્થીઓનો ગુજરાતનો શૈક્ષણિક પ્રવાસ ગોઠવાયો. શ્રી વાઘજીભાઈ કરમટિયા, શ્રી ગૌરાંગભાઈ વોરા, શ્રી નરેન્દ્રભાઈ મકવાણા, શ્રી મુકેશભાઈ મહેતા, શ્રી સુરેશભાઈ ઢેઢી તથા શ્રી તૃપ્તિબહેન ગોસ્વામી

પ્રવાસમાં સાથે જોડાયાં.

- તા.૨૭.૧૦.૨૧ના રોજ પ્રભાસ પાટણ મુકામે ઝોનલ કક્ષાએ સમૂહગાન હરીફાઈમાં વિદ્યાર્થીઓ તથા સંગીતશિક્ષક શ્રી તુષારભાઈ ગોસ્વામી જઈ આવ્યા.
- મણારમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ક્યૂ.ડી.સી. કક્ષાએ કલા ઉત્સવની ઉજવણી કરવામાં આવી, જેમાં મણાર કેમ્પસના ચાર વિદ્યાર્થીઓ પ્રથમ અને તૃતીય ક્રમાંકે વિજેતા થયા.
- મણારના વિદ્યાર્થીઓએ આ વર્ષે શાળાકીય રમતોત્સવમાં શ્રી વિપુલભાઈ સરવૈયાના માર્ગદર્શન નીચે ભાગ લીધો, જેમાં ખો-ખોની ટીમ જિલ્લા કક્ષાએ પણ પંસદગી પામી અને એક વિદ્યાર્થિની બહેનની રાજ્ય કક્ષા માટે ખો-ખોમાં પંસદગી થઈ.
- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત માધ્યમિક શિષ્યવૃત્તિની પરીક્ષામાં મણારના ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**- : કાર્યકર સજ્જતા :-**

- ભાવનગરના ડાયેટ મુકામે નવનિયુક્ત આચાર્યોની ટ્રેનિંગમાં આંબલામાંથી શ્રી વાઘજીભાઈ કરમટિયાએ તથા મણારમાંથી શ્રી ડાહ્યાભાઈ ડાંગરે હાજરી આપી.
- લોકભારતી—સણોસરા મુકામે લોકશાળાઓના આચાર્યોની સજ્જતા તાલીમમાં આંબલામાંથી શ્રી વાઘજીભાઈ કરમટિયાએ તથા મણારમાંથી શ્રી ડાહ્યાભાઈ ડાંગરે હાજરી આપી.
- તા.૧૪.૦૧.૨૦ના રોજ ખડસલી લોકશાળા મુકામે રાજયપાલશ્રી દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ગાય આધારિત ખેતીના ખેડૂત સંમેલનમાં ટ્રસ્ટી શ્રી કપિલભાઈ શાહની સાથે સુરસંગભાઈ ચૌહાણ જઈ આવ્યા.
- મણારના એન.એસ.એસ. કોર્ડિનેટર શ્રીમતી કંચનબહેન થડોદા ગૂજરાત વિદ્યાપીઠ—સાદરા મુકામે ૭ દિવસ તાલીમમાં જઈ આવ્યાં.
- તા.૧૮.૦૨.૨૦ના રોજ શ્રી વાઘજીભાઈ કરમટિયા તથા શ્રી રાજુભાઈ વાળા કળસાર સંસ્થાની મુલાકાતે જઈ આવ્યા.
- તા.૨૫.૦૭.૨૦ના રોજ મણાર મુકામે શ્રી ગોવિંદભાઈ બતાડાની અધ્યક્ષતામાં QDC તાલીમ યોજાઈ.
- તા.૧૮.૦૯.૨૦ના રોજ આંબલાના કાર્યકરોનો ગીર પ્રવાસ થયો.
- બંને સંસ્થાના કાર્યકરોએ ઓનલાઇન કોવિડ સજ્જતા તથા શાળા-સફાઈની તાલીમ લીધી અને સર્ટિફિકેટ્સ મેળવ્યાં.
- જ્ઞાનસત્ર કાર્યક્રમ અંતર્ગત 'શિક્ષક અને સામાજિક દાયિત્વ' વિષય ઉપર શ્રી અરુણભાઈ દવેએ આપેલું ઓનલાઇન વ્યાખ્યાન તમામ કાર્યકરોએ સાંભળ્યું.
- શ્રી અતિષભાઈ ડાંગર એસ.આઈ. દ્વારા આયોજિત માઇક્રોસોફ્ટ ટીમ એપ્લિકેશન અંગેની ઓનલાઇન તાલીમમાં સમગ્ર કાર્યકરો જોડાયા.
- તા.૧૦.૦૨.૨૧ના રોજ લોકભારતી ખાતે હિસાબી કાર્ય અપડેટશન વર્કશોપમાં રવિભાઈ પંડ્યા જઈ આવ્યા.
- તા.૧૯.૦૨.૨૧ના રોજ આચાર્ય શ્રી વાઘજીભાઈ કરમટિયા તથા શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ મકવાણા ખડસલી સંસ્થાની મુલાકાતે જઈ આવ્યા.
- સેફર ઇન્ટરનેટ ડે નિમિત્તે યોજાયેલ 'રિ-ઇમેજિનિંગ: અ સેફર વર્લ્ડ ફૉર ચિલ્ડ્રન' વિષયના સેમિનારમાં મણારના શ્રી કંચનબહેન થડોદાએ ભાગ લીધો.
- ભાવનગર જિલ્લા માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક સંચાલક સંઘની બેઠકમાં શ્રી સુરસંગભાઈ ચૌહાણે તથા ડાહ્યાભાઈ ડાંગરે હાજરી આપી.

- વાળુકડ મુકામે વાઘજીભાઈ કરમટિયા ઉદઘાટન કાર્યક્રમમાં જઈ આવ્યા.
- બન્ને સંસ્થાના કાર્યકરોએ દીક્ષા પોર્ટલ પર ત્રણ દિવસની 'નિષ્ઠા'ની તાલીમ લીધી.
- તા.૦૫.૦૮.૨૧ના રોજ અમદાવાદ મુકામે ગુજરાત નઈ તાલીમ સંઘની કારોબારીની મિટિંગમાં શ્રી સુરસંગભાઈ ચૌહાણ જઈ આવ્યા.
- સંસ્થાના ટ્રસ્ટી શ્રી મધુકરભાઈ પારેખના ૭૫મા જન્મદિવસ નિમિત્તે કળસાર મુકામે થયેલી વ્યાખ્યાનમાળામાં શ્રી સુરસંગભાઈ ચૌહાણ તથા ડાહ્યાભાઈ ડાંગરે હાજરી આપી.
- તા.૦૩.૧૦.૨૧ના રોજ લોકભારતીના પૂર્વ નિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કરના પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ભાવનગર શિશુવિહાર સંસ્થામાં શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી વાઘજીભાઈ કરમટિયા તથા શ્રી ગૌરાંગભાઈ વોરાએ હાજરી આપી.
- શ્રી ગૌરાંગભાઈ વોરાએ કલોલ મુકામે મંથન સંસ્થામાં કાશ્મીર પર ચર્ચાની ૩ દિવસની શિબિરમાં હાજરી આપી.
- શ્રી ગૌરાંગભાઈ વોરા ઉત્તરાંચલમાં ઉત્તર કાશી જિલ્લામાં પુષ્તારા રીઝ ટ્રેક જે ૧૨૬૦૦ ફીટની ઊંચાઈ ઉપર છે, તેમાં ટ્રેકિંગમાં જઈ આવ્યા.
- શ્રી બળવંત પારેખ વિજ્ઞાનનગરી આયોજિત એક દિવસીય આચાર્ય કાર્યશિબિરમાં આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગરે ભાગ લીધો.

**- : ગૃહવિજ્ઞાન :-**

- આંબલાની ગૃહવિજ્ઞાનની બહેનોએ શ્રી રૂપાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ પ્રેક્ટિકલમાં બનવેલાં ખાદીના પર્સ, ફાઈલ વગેરે લઈને ભાવનગર મુકામે યોજાયેલ અમૃત મહોત્સવમાં ભાગ લીધો.
- આંબલા ગૃહવિજ્ઞાન વિભાગ દ્વારા બનાવેલા આમળાનું જીવન, ચોકલેટ વગેરેનું પરિવારમાં વ્યાજબી કિંમતે વેચાણ કરવામાં આવ્યું.

**- : બેઠક :-**

- આંબલા–મણારની વ્યવસ્થાપક બેઠકો ક્રમાનુસાર દર માસે નીતિવિષયક નિર્ણયો તેમ જ આગામી આયોજન માટે મળી.
- તા.૨૨.૦૧.૨૧ના રોજ કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખી ગ્રાદમૂ ટ્રસ્ટી મંડળની બેઠક ઓનલાઇન પદ્ધતિથી થઈ, તેમાં શ્રી અરુણભાઈ દવે તથા શ્રી સુરસંગભાઈ ચૌહાણ લોકભારતીની બી-વૉક ઓફિસમાંથી, શ્રી મધુકરભાઈ પારેખ મુંબઈ પીડીલાઇટ ઓફિસમાંથી, શ્રી પ્રકાશભાઈ શાહ અમદાવાદ 'નિરીક્ષક' ઓફિસમાંથી, શ્રી કપિલભાઈ શાહ વડોદરાથી અને શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ ભાવનગર દક્ષિણામૂર્તિની ઓફિસમાંથી ઓનલાઇન હાજર રહ્યા, તેમાં ગત વર્ષના કામનો અહેવાલ, ગત વર્ષના હિસાબો, તથા આવનાર વર્ષો અંગેના આયોજન તેમ જ નીતિવિષયક નિર્ણયો લેવામાં આવ્યા.
- આંબલા મુકામે વ્યવસ્થાપક મંડળની બેઠક શ્રી સુરસંગભાઈની અધ્યક્ષતામાં તા.૦૨.૦૭.૨૦, તા.૩૧.૦૮.૨૦, તા.૩૦.૦૯.૨૦, તા.૨૨.૧૦.૨૦, તા.૧૫.૧૧.૨૦, તા.૨૨.૦૬.૨૧ યોજાઈ ગઈ, તેમાં સંસ્થાના નીતિવિષાયક નિર્ણયો લેવામાં આવ્યા.
- તા.૨૦.૦૭.૨૦૨૧ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની બેઠક લોકભારતી મુકામે સાંજે ૦૪:૦૦ કલાકે મહેમાન રૂમમાં મળી, તેમાં નીતિવિષયક નિર્ણયો લેવાયા. આ બેઠકમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી વાઘજીભાઈ કરમટિયા, શ્રી રાજેન્દ્રસિંહજી વાળા તેમ જ શ્રી ડાહ્યાભાઈ ડાંગર હાજર રહ્યા હતા.

● તા.૧૭.૦૮.૨૦૨૧ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની બેઠક લોકભારતી મુકામે મહેમાન રૂમમાં મળી, તેમાં નીતિવિષયક નિર્ણયો લેવામાં આવ્યા. આ બેઠકમાં શ્રીઅરુણભાઈ દવે, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી વાઘજીભાઈ કરમટિયા, શ્રી રાજેન્દ્રસિંહ વાળા તેમ જ શ્રી ડાહ્યાભાઈ ડાંગર હાજર રહ્યા હતા.

**- : કૃષિ :-**

● મણારમાં વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૨૨ એકરમાં સોયાબીનનું વાવેતર કરવામાં આવ્યું અને બાકીના એકરમાં કપાસ, અડદ અને જુવારનું વાવેતર કરવામાં આવ્યું.

● શિયાળુ મોસમમાં ૩૦ એકરમાં લોક-૧નું બ્રીડરસીડનું વાવેતર કરવામાં આવ્યું. ગૌશાળા માટે ૩ એકરમાં રજકો વાવવામાં આવ્યો.

● તા.૧૮.૦૨.૨૧ના રોજ જૂનાગઢ તથા આણંદ કૃષિ યુનિ.ના તજજ્ઞો લોક-૧ ઘઉંનું છેલ્લું મોનિટરિંગ કરવા માટે આવી ગયા.

● વાવાઝોડાના કારણે પરિસરમાં થયેલ મિલકતોને થયેલાં વિવિધ પ્રકારનાં નુકસાનોનું સમારકામ પૂર્ણ થયું છે. સાથોસાથ ૮૦૦ નાળિયેરીનું વાવેતર પણ કરી લેવામાં આવ્યું છે.

● કૃષિ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ ૫૦૦૦ આંબાની કલમોનું વેચાણ પૂર્ણ થયું છે.

● આંબલા છેટીવાડીએ વાવાઝોડાના કારણે લીંબુ, જામફળનાં વૃક્ષો પડી ગયેલાં, તેના નવા રોપા સાથે સીતાફળના રોપા પણ નાખ્યા.

● આંબલા નર્સરી વિભાગમાં જે આંબાઓ પડી ગયા હતા, તેની જગ્યાએ નવા આંબા રોપ્યા. સાથોસાથ લીંબુના રોપા પણ નવા નાખ્યા.

● મણારમાં તા.૨૨.૦૮.૨૧ના રોજ સોયાબીન બ્રીડરસીડ પ્લોટનું નિરીક્ષણ કરવા માટે ડૉ. સી.પી. સિંગ આવી ગયા.

● મણાર સંસ્થાની ખેતીમાં ૪૦ એકરમાં સોયાબીનનું વાવેતર પૂર્ણ થયું. તેની જગ્યાએ હાલ ૪૦ એકરમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું.

● મણાર ખેતી વિભાગના નર્સરીમાં ૧૦ હજાર કેસર કેરી આંબાની કલમ તૈયાર કરવામાં આવી છે.

**- : ગોશાળા :-**

● મણાર ગૌશાળામાં ૪૫ ઘનમીટરનો નવો બીજો બાયોગેસ પ્લાન્ટ બનાવવામાં આવ્યો. હાલ મણારમાં ૪૫ ઘનમીટરના બે બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે. આ પ્લાન્ટમાં ઉત્પન્ન થતા ગેસનો ઉપયોગ સમૂહ રસોડામાં કરવામાં આવે છે.

● આંબલા અને મણાર બંને સંસ્થાઓમાં દર વર્ષની જેમ આ કોરોનાકાળ દરમિયાન પણ છાશકેન્દ્ર ચાલુ રાખવામાં આવ્યું છે.

**- : મોજીલું શિક્ષણ પ્રોજેક્ટ આંબલા/મણાર :-**

● કોરોનાની મહામારીના કારણે 'મોજીલું શિક્ષણ પ્રોજેક્ટ' બંધ હતો, જે તા.૦૧.૦૧.૨૧થી ફરી શરૂ કરવામાં આવ્યો.

● આંબલા અને મણાર યુનિટના કાર્યકરો શાળાઓ બંધ હોવાથી પ્રોજેક્ટનાં ગામોમાં જાય છે અને અનૌપચારિક રીતે સ્વેચ્છાએ જે બાળકો આવે તેમને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવે છે.

● બંને યુનિટના ચારેય કાર્યકરોએ લોકભારતીમાં તા.૦૩.૦૨.૨૧થી ૦૫.૦૨.૨૧ ત્રણ દિવસની તાલીમ લીધી.

● શાળાઓ ફરી બંધ થતાં આંબલા અને મણાર યુનિટના કાર્યકરોએ ખૂબ જ રસપૂર્વક અને ઉત્સાહથી વિદ્યાર્થીઓને

શેરીશિક્ષણ આપ્યું.

● દિવાળી વેકેશન દરમ્યાન આંબલા મોજીલું શિક્ષણ પ્રોજેક્ટના કાર્યકરોએ આંબલા મુકામે બાળકો સાથે ત્રણ શિબિરો કરી, (૧) વિન્ટર શિબિર (૨) સ્પ્રે વર્ક શિબિર અને (૩) માટીકામ શિબિર. આ શિબિરોમાં ગામનાં ૫૦ બાળકોએ ભાગ લીધો.

● આંબલાના મોજીલું શિક્ષણ પ્રોજેક્ટના કાર્યકરો ચાંપરડા મુકામે મુક્તાનંદબાપુના શૈક્ષણિક સંકુલમાં તાલીમમાં તા.૨૯-૩૦ બે દિવસ જઈ આવ્યા.

**-: કૃષિ બાગાયત સંશોધન કેન્દ્ર :-**

● મણાર તથા મણાર ગામની આસપાસના ખેડૂતો, જેઓ એલોવીરા વાવવામાં રુચિ ધરાવે છે, તેમની એકદિવસીય તાલીમ યોજવામાં આવી, તેમાં તજજ્ઞ તરીકે ગુજરાત રાજયના આયુર્વેદિક વિભાગના સચિવશ્રી પ્રસાદ સાહેબે માર્ગદર્શક હાજરી આપી.

● મે-૨૦ માસ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી બરનવાલ સાહેબના અધ્યક્ષસ્થાને સિટ્રોનીલા ઘાસ(સુગંધી ઘાસ) વાવનારા ખેડૂતોની એક દિવસય તાલીમ યોજાઈ ગઈ. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા બાગાયત અધિકારીશ્રી તથા આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટરશ્રીએ ઉપસ્થિત રહી લાભાર્થી ખેડૂતોને માર્ગદર્શન આપ્યું.

● સી-વીડ દરિયાઈ શેવાળ પ્રોજેકટ અંતર્ગત હાથબના દરિયા કિનારાનું પાણી ચકાસવા માટે તે સ્થળની મુલાકાત લેવામાં આવી. આ પ્રોજેક્ટ અંગે એક બેઠક સઘન ક્ષેત્ર યોજના-મણાર મુકામે યોજાઈ.

● ડીઆઈજી-ભાવનગર શ્રી અશોકકુમાર યાદવ તથા રેન્જ કમા. ઑફ મ્યુનિસિપાલિટી-ભાવનગર શ્રી યોગેશભાઈ કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● ભાવનગર જિલ્લા કલેક્ટર શ્રી ગૌરાંગભાઈ મકવાણા અને તેમના અધિકારીઓ સાથે કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● કૃષિ–બાગાયત વિકાસ કેન્દ્ર પીડીલાઈટ અને ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આકોલાનું ઉત્પાદન પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યું.

● તા.૩૦.૧૦.૨૦ના રોજ મહારાષ્ટ્રના અછતગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂતોની આર્થિક સુધારણા માટે કામ કરતાં શ્રી મયંકભાઈ ગાંધી તથા શ્રી સ્નેહલભાઈની અધ્યક્ષતામાં ખેડૂત સંમેલન યોજાયું. આ સંમેલનમાં શ્રી અરુણભાઈ દવે, માંડવી-કચ્છથી ડૉ. રેડી હાજર રહ્યા અને દરિયાઈ શેવાળ વિષેના પ્રોજેક્ટ વિષે માહિતી આપવામાં આવી.

● કૃષિ બાગાયત કેન્દ્રના મહિલા મંડળની બહેનો દ્વારા દિવાળી નિમિત્તે સિટ્રોનીલા ગ્રાસના સુગંધવાળા દીવડા બનાવવાનું શરૂ થયું.

● કેન્દ્રમાં પશુઓના આહાર માટે અજોલાનો પ્રોજેક્ટ પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યો છે. હાલ તેનાં પરિણામ પ્રોત્સાહક છે.

● લોકભારતીના બી-વૉકના વિદ્યાર્થીઓ કેન્દ્રમાં ત્રણ માસ તાલીમ માટે આવી ગયા.

● ભાવનગર જિલ્લા પોલીસવડા શ્રી રાઠોડ સાહેબ કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● તા.૧૦.૦૨.૨૧ના રોજ જૂનાગઢ કૃષિ યુનિ.ના રીટાયર્ડ અધિકારી શ્રી પાઠક સાહેબ તેમ જ તેમની સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી બરનવાલ સાહેબ કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● તા.૨૭.૦૨.૨૧ના રોજ મુંબઈ પીડીલાઇટમાંથી ડૉ. શુકલાજી તથા તેમની ટીમ સાથે કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● ભાવનગર સ્થિત વિશ્વવિખ્યાત રાષ્ટ્રીય સંશોધન પ્રયોગશાળા સેન્ટ્રલ સોલ્ટ રિસર્ચ, ગ્રામદક્ષિણામૂર્તિ-મણાર અને પીડીલાઇટ વચ્ચે દરિયાઈ શેવાળની ખેતી સંદર્ભે એક કરાર કરવામાં આવ્યો. આથી દરિયા કિનારે વસતા ખેડૂતોને આર્થિક ઉપાર્જન વધારવામાં મદદ મળશે. ત્રણેય સંસ્થાઓના સંબંધિત પદાધિકારીશ્રીઓ સાથે આ અંગે તા.૧૭ના રોજ એક ફળદાયી બેઠક યોજાઈ ગઈ.

● કેન્દ્રમાં હાઇડ્રોપોનિક્સનો પ્રયોગ સફળતાપૂર્વક પૂર્ણ થયો. હાલ તેમાં કાકડીનું વાવેતર કરવામાં આવ્યું છે.

**-: સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ :-**

● તા.૨૫.૦૩.૨૧ના રોજ વાળુકડ મુકામે સંઘની વાર્ષિક બેઠક શ્રી અરુણભાઈ દવેની અધ્યક્ષતામાં યોજાઈ, તેમાં આ વર્ષે પ્રમુખ તરીકે શ્રી નાનુભાઈ શિરોયા, ઉપપ્રમુખ તરીકે ખોડાભાઈ ખસિયા, મંત્રીઓ તરીકે શ્રી વાઘજીભાઈ કરમટિયા, શ્રી સંજયભાઈ કાત્રોડિયા, શ્રી જશવંતભાઈ કાકડિયા અને શ્રી રમેશભાઈ મકવાણાની સર્વાનુમતે વરણી કરવામાં આવી. આ બેઠકમાં વર્ષ ૨૦૧૯-૨૦ના હિસાબો રજૂ કરવામાં આવ્યા. તેમ જ સંઘના આગામી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

● તા.૨૨.૦૯.૨૧ના રોજ વાંગધ્રા મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની આગામી વર્ષોના કાર્યક્રમ માટે વાર્ષિક મિટિંગ મળી. આ મિટિંગમાં વાર્ષિક ૨૦-૨૧ના હિસાબો અને ગત વર્ષનો અહેવાલ રજૂ કર્યા અને આવતા વર્ષનું આયોજન રજૂ કરવામાં આવ્યુ, તેમાં કુલ ૧૮ લોકશાળાના આચાર્યશ્રીઓ તથા સંચાલકશ્રીઓ હાજર રહ્યા.

**-: મણાર વૉટર શેડ પ્રોજેક્ટ :-**

વર્ષ ૨૦૨૦/૨૧માં પીડીલાઈટ, ગ્રામદક્ષિણામૂર્તિ મણાર અને ગુજરાત સરકારના સહિયારા પુરુષાર્થથી ૧૪ નવા ચેકડેમ, ૧૭ ચેકડેમ રીપેરિંગ, ૨૫ ચેકડેમનું ડીશીલ્ટિંગ તેમ જ વલસાડ જિલ્લામાં નર્સરી વૉટર ટેંક નિર્માણનાં કાર્યો થયાં.

**-: મુલાકાત(આંબલા) :-**

● ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાના(આઈ.આઈ.ટી.ઈ.)-ગાંધીનગરથી તાલીમાર્થીની એક ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ.

● અતુલ ફાઉન્ડેશન વલસાડથી મહેમાનો સંસ્થાની મુલાકાતે આવી ગયા.

● ફેબ્રુઆરી-૨૦૨૦માં મેક્સિકોથી મહેમાનો સંસ્થા મુલાકાતે આવી ગયા.

● ફેબ્રુઆરી-૨૦૨૦માં વડનગરથી સહકારી મંડળીના ૫૫ સભ્યોનું ગ્રુપ સંસ્થા મુલાકાતે આવી ગયું.

● તા.૦૫.૦૭.૨૦ના રોજ પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ સંસ્થા મુલાકાતે આવી ગયા.

● ચીનથી અધ્યાપક શ્રી જયેશભાઈ પંડ્યા શ્રી વિશાલભાઈ ભાદાણીની સાથે મુલાકાતે આવી ગયા.

● તા.૧૫.૦૯.૨૦ના રોજ DEO ઓફીસમાંથી E.I. શ્રી વિક્રમસિંહજી પરમાર અને તેમની ટીમ હોમ લર્નિંગ અનુસંધાને શાળાની મુલાકાતે આવી ગઈ.

● ભાજપના ચેરમેન શ્રી મહેન્દ્રસિંહજી સરવૈયાએ ‘સાત પગલાં ખેડૂત-કલ્યાણનાં’ સંમેલનમાં હાજરી આપી.

● નવેમ્બર ૨૦૨૦માં સેવાદળના રાષ્ટ્રીય કાર્યકર શ્રી લાલજીભાઈ દેસાઈ તથા ‘મારગ’ સંસ્થાના નીતાબહેન પંડ્યા શુભેચ્છા મુલાકાતે આવી ગયાં.

● તા.૧૦.૦૨.૨૧ના રોજ પૂર્વઆચાર્ય શ્રી ભાનુભાઈ ભટ્ટ પરિવાર સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા.

● તા.૧૭.૦૨.૨૧ના રોજ પ્રાર્થનાના અનુસંધાને જાણીતા શિક્ષણવિદ ડૉ. મનહરભાઈ ઠાકરે વક્તવ્ય આપ્યું.

● તા.૧૪.૦૨.૨૧ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી આર. કે. કવા(D.Y.S.P. વડોદરા) સંસ્થા મુલાકાતે આવી ગયા. સાંજની પ્રાર્થનામાં પ્રેરક વક્તવ્ય આપ્યું.

● તા.૧૬.૦૨.૨૧ના રોજ GS અધિકારી માધવભાઈ ઠાકર પરિવાર સાથે સંસ્થા મુલાકાતે આવ્યા અને નઈ તાલીમ શિક્ષણ પ્રણાલીથી પ્રભાવિત થયા.

● તા.૨૯.૦૨.૨૧ના રોજ ૧૯૭૮-૧૯૮૦ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી રામજીભાઈ સતાસિયા(GNFC ભાવનગર જિલ્લા એરિયા મેનેજર) પરિવાર સાથે તેમ જ બીજ નિગમના નિવૃત્ત મેનેજર દાનજીભાઈ કુવાડિયા સંસ્થા મુલાકાતે આવી ગયા. સાંજની પ્રાર્થનામાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં.

● આંબલામાં સંસ્થાની જૂની યાદો તાજી કરવા પાંચ દિવસ રોકાવા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી કીર્તિભાઈ રામાનુજ આવી ગયા. મોટા ભાગનો સમય ગોશાળામાં પસાર કર્યો.

● વાવાઝોડામાં સંસ્થાની ખેતીમાં ખૂબ નુકસાન થયું. તેમાં હવે પછી બાગાયતી વૃક્ષોનું આયોજન કરવું, એ અંગે તેમ જ ખેતી અને બાગાયતી પાકોનું માર્ગદર્શન દેવા શ્રી અક્ષયભાઈ રામાનુજ આવી ગયા.

● તા.૦૮.૦૬.૨૧ના રોજ ૩૦ જૈન સાધ્વીજીઓ રાત્રિ રોકાણ માટે આવી ગયાં. રાત્રે પરિવારને પ્રવચનનો પણ લાભ આપ્યો. તેમની સાથે નવનીત પ્રકાશનના ચેરમેન તેમ જ ૬૦ જેટલા તેમના અનુયાયીઓ પણ હતા.

● તા.૨૬.૦૮.૨૧ના રોજ જિલ્લા રજિસ્ટ્રાર શ્રી ડી.સી. ડીરથાણી સાહેબ સંસ્થા મુલાકાતે આવી ગયા.

● લોકભારતીના પૂર્વનિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કર સંસ્થા મુલાકાતે આવી ગયા.

● તા.૦૨.૧૦.૨૧ના રોજ શ્રી વિક્રમભાઈ ભટ્ટ પરિવાર સાથે બે દિવસ સંસ્થામાં રોકાઈ, જૂનાં સંસ્મરણોને તાજાં કરી ગયા.

● તા.૦૮.૧૦.૨૧ના રોજ સાહિત્ય પરિષદના સભ્યો સંસ્થા મુલાકાતે આવી ગયા. તેમાં શ્રી રમેશભાઈ ર. દવે, સ્વામીશ્રી સત્યમુનિજી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રેખાબહેન માટલિયા, શ્રી મુક્તિબહેન ખીમાણી વગેરેએ સંસ્થા મુલાકાત લીધી અને સંસ્થાની પ્રવૃત્તિઓ જોઈ પ્રભાવિત થયાં.

● તા.૧૧.૧૦.૨૧ના રોજ શ્રી માણેકભાઈ દેસાઈ, શ્રી શામજીભાઈ દેસાઈ, તથા કડી કેમ્પસના સંચાલક સંસ્થા મુલાકાતે આવ્યા અને રાત્રિ રોકાણ પણ કર્યું.

● ૨૨ના રોજ ભાવનગર જિલ્લાસહકારી બેંકના ચેરમેન શ્રી નાનુભાઈ વાઘાણી તેમ બેંક્ના મેનેજર શ્રી ચલાળિયા સાહેબ સંસ્થા મુલાકાતે આવી ગયા.

● ઝીલિયા સંસ્થાના સંચાલક શ્રી માવજીભાઈ દેસાઈના દીકરા શ્રી લાલુભાઈ દેસાઈ તથા પૂર્વ માધ્યમિક શિક્ષણ બોર્ડના મેમ્બર શ્રી જશુભાઈ દેસાઈ સંસ્થાની મુલાકાતે આવી ગયા.

● સુરત બારડોલી સુગર કો-ઓપરેટીવ સોસાયટીના પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ તથા તેમની ટીમ સંસ્થાની મુલાકાતે આવી ગયા.

● શારદાગ્રામ સંસ્થાના ખીમજીભાઈ ચંદ્રાવાડિયા સંસ્થાની મુલાકાતે આવી ગયા.

**-: મુલાકાત (મણાર):-**

● તા.૧૨.૦૧.૨૦ના રોજ ટ્રસ્ટી શ્રી કપિલભાઈ શાહ બે દિવસ રોકાઈ ગયા. દરેક વિભાગની શુભેચ્છા મુલાકાત લીધી અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું.

● તા.૦૮ના રોજ કેટલાંક શુભેચ્છકો પીડીલાઇટના શ્રી નરેન્દ્રભાઈ પારેખ-દંપતી, પેન્ટાગૉન ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી સુનિલભાઈ અને સ્વાતિબહેન દલાલ અને તેમની સાથે અન્ય કેટલાંક અન્ય મહેમાનો સંસ્થાની પરિચય મુલાકાતે આવી ગયા. તેઓએ પૂરો સમય આપીને બહુ ઝીણવટથી સંસ્થાદર્શન કર્યું.

● ફેબ્રુઆરી ૨૦૨૦માં વડનગરથી સહકારી મંડળીના ૫૫ સભ્યોનું ગ્રુપ સંસ્થા મુલાકાતે આવી ગયું.

● મણારમાં કુણાલભાઈ કક્કડ શુભેચ્છા કાર્યક્રમમાં આવી ગયા.

● તા.૨૮.૦૨.૨૦ના રોજ પીડીલાઈટના શ્રી લવીનાબહેન કૃષિ બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે આવી ગયાં.

● તા.૨૪.૦૪.૨૦ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના કાર્યકર અબ્દુલચાચા સંસ્થાની મુલાકાતે આવી ગયા.

● તા.૧૪.૦૯.૨૦ના રોજ આણંદ કૃષિ યુનિ.ના નિવૃત્ત અધ્યાપક શ્રી બોરડ સાહેબ તથા શ્રી વિશાલભાઈ ભાદાણી સંસ્થાની મુલાકાતે આવી ગયા.

● તા.૨૦.૦૯.૨૦ના રોજ G.C.E.R.T.ના નિયામક શ્રી ડૉ. ટી.એસ. જોશી સાહેબ સંસ્થાની મુલાકાતે આવી ગયા.

● તા.૨૦.૧૦.૨૦ના રોજ ગુજરાત પતંજલિ કિસાન સેવા સમિતિના પ્રભારી તથા કસ્તૂરબા ઉ.બુ. વિદ્યાલયના સંચાલક શ્રી લાલજીભાઈ સોલંકી વર્મીકમ્પોસ્ટ પ્રોજેક્ટ સમજવા આવી ગયા.

● તા.૦૫.૧૧.૨૦ના રોજ DEO ઓફીસમાંથી E.I શ્રી વિક્રમસિંહજી પરમાર અને તેમની ટીમ શ્રેષ્ઠશાળા ઍવૉર્ડના મૂલ્યાંકન માટે શાળાની મુલાકાતે આવી ગઈ.

● મણાર લોકશાળામાં ભણેલા ૧૯૬૫ની સાલના પૂર્વવિદ્યાર્થીઓ સંસ્થામાં રાતવાસો કરી સંસ્મરણો વાગોળી ગયા.

● મહુવા માર્કેટિંગ યાર્ડના ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ પટેલ, અગ્રણી ઉદ્યોગપતિ શ્રી પંકજભાઈ રૂપારેલ વગેરે સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● ઉનાળામાં ચલાવેલાં છાશકેન્દ્રોના સંદર્ભે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિમાંથી શ્રી હિંમતભાઈ ગોડા અને શ્રી વલ્લભભાઈ લાખાણી શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● દિવાળી વેકેશન દરમિયાન પ્રવીણભાઈ ઠક્કર તથા તેમના પરિવારજનો બે દિવસ શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

સુરસંગભાઈ ચૌહાણ
નિયામક
ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર

**લોકભારતીના નિવૃત્ત કાર્યકરોનાં સંતાનોની ડિરેક્ટરી**

ગ્રામીણ ઉચ્ચ શિક્ષણ માટે કાર્યરત ભારતની સૌ પ્રથમ ગ્રામવિદ્યાપીઠ લોકભારતીના ૧૯૫૩થી આજ સુધીના તમામ વિભાગના સૌ નિવૃત્ત શૈક્ષણિક તેમજ વહીવટી કાર્યકરોનાં સંતાનોની એક ડિરેક્ટરી પ્રકાશિત કરવાની કાર્યવાહી ચાલી રહી છે. સબંધિતો પુત્ર/પુત્રીનુ પૂરું નામ, વ્યવસાય, સ્થળ તથા મોબાઈલ નંબર ડૉ. પ્રા. નરેન્દ્રભાઈ ધાંધલ્યાને મો. ૯૪૨૯૩૪૪૩૨૧ પર મોકલી આપે તેવી વિનંતી.

–પ્રવીણચંદ્ર ઠક્કર, મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## ૦૩. સંસ્થા સમાચાર

**પ્રશાંત મહેતા**

---

### લોકભારતી સમાચાર

- તા.૦૧ના રોજ ચાંપરડા બ્રહ્માનંદ વિદ્યાધામના યુ.કે. સ્થિત ટ્રસ્ટી શ્રી અજયભાઈ ગુડખા અને શ્રી ચિરાગભાઈ પડિયા, શ્રી નલિનભાઈ પંડિતના નેતૃત્વ નીચે લોકદક્ષિણામૂર્તિ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૦૧ના રોજ સાયં પ્રાર્થના પછી લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની આમસભા રાખવામાં આવી. નિવૃત્ત થતા મંત્રીઓનો આભાર માન્યો અને નવનિયુક્ત મંત્રીઓને શુભેચ્છાઓ પાઠવી.
- તા.૦૨ના લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના બી.આર.એસ.ના વિદ્યાર્થીઓની સુખપર ગામે યોજાનાર ગ્રામશિબિરનો અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શ્રી જયવંતસિંહજી ગોહિલ, શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી કાંતિભાઈ ગોઠીએ જરૂરી માર્ગદર્શન આપ્યું.
- તા.૦૩થી ૦૮ના સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલય ત્રીજા વર્ષના બી.આર.એસ.ની ગ્રામશિબિર સુખપર ગામે યોજાઈ ગઈ. આ શિબિરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી કાંતિભાઈ ગોઠી ઉપસ્થિત રહ્યા. જ્યારે પૂર્ણાહુતિ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા. આ શિબિરમાં કાર્યકરો શ્રી મનોજભાઈ અગ્રાવત, શ્રી જયેન્દ્રસિંહજી સરવૈયા, શ્રી મહોબતસિંહજી ચાવડા, શ્રી કિશોરભાઈ હીરાણી અને શ્રી ભાનુપ્રસાદભાઈ ટુંડિયા વિદ્યાર્થીઓ સાથે જોડાયા.
- તા.૦૭ના રોજ બૌદ્ધ ભિક્ષુએ લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ ધર્મ વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા.૦૮ના રોજ રાજુલા વિસ્તારમાં અનૌપચારિક શિક્ષણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા 'સ્વદીપ' દ્વારા આયોજિત સરકારી પ્રાથમિક શાળાઓનાં શિક્ષક-શિક્ષિકાઓનું એક જૂથ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયું. શ્રી વિશાલભાઈ ભાદાણીએ લોકભારતી અંગેની પરિચયાત્મક વાતો કરી.
- તા.૦૯ના ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા-મણારના વાર્ષિકોત્સવના કાર્યક્રમને વર્તમાન પરિસ્થિતિ સંદર્ભે સિમિત રાખવામાં આવ્યો હતો, તેમાં લોકભારતીથી કેટલાક કાર્યકરો જઈ આવ્યા.
- તા.૧૧થી ૧૫ સુધી અધ્યાપન મંદિરના બંને વર્ષના તાલીમાર્થીઓની ચિત્ર, સંગીત, વ્યાયામની વાર્ષિક પ્રાયોગિક પરીક્ષાઓ યોજાઈ ગઈ.
- અધ્યાપન મંદિરમાં બોટાદ નગર પ્રા.શિ. સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓના આચાર્યો અને શાસનાધિકારીશ્રીએ સંમેલનમાં આવીને રસપ્રદ વાતો કરી.
- તા.૧૩મીના રોજ શ્રી જયવંતસિંહજી ગોહિલે મકરસંક્રાંતિ પર્વની ઉજવણી નિમિત્તે સાયં પ્રાર્થના પછી વિદ્યાર્થીઓને જરૂરી સૂચનાઓ આપી.
- તા.૧૪મીના રોજ મકસંક્રાંતિ પર્વની ઉજવણી

વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ મેદાનમાં પતંગો ઉડાડી તથા શેરડી, મમરાના લાડુ અને સીંગની ચીકી ખાઈને કરી.

- તા.૧૮ના રોજ સરકારી વિનયન કૉલેજ-વલ્લભીપુરના અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓને લઈને તેનાં પ્રિન્સીપાલ ડૉ. સુનિતાબહેન નિમાવત લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયાં.
- તા.૧૮ના રોજ ચાંપરડા મુકામે ચાલતી શિક્ષણ સંસ્થાના નેચરોપથી સેન્ટરનાં યુ.કે. સ્થિત ટ્રસ્ટી શ્રી જ્યોતિબહેન ગુડખા અને નેચરોપથી સેન્ટરના એડમિન શ્રી યોગેન્દ્રસિંહજી ધાધલ, શ્રી નલિનભાઈ પંડિતના નેતૃત્વ નીચે લોકભારતીની શુભેચ્છા અને પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૧૯ના રોજ બોટાદ નગરપાલિકાની પ્રાથમિકશાળાઓના વીશ જેટલા આચાર્યો અને તેના શાસનાધિકારીશ્રી લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયા. નવી શિક્ષણ નીતિ અંગે શ્રી વિશાલભાઈ ભાદાણીએ સમજ આપી.
- તા.૧૯ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની અંતિમ પરીક્ષાઓ યોજાઈ ગઈ.
- તા.૨૦ના રોજ સૂચના અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકારના પ્રાદેશિક લોકસંપર્ક કાર્યાલય-અમદાવાદ દ્વારા ‘સ્વચ્છતા એ જ સેવા’ વિષય પર આયોજિત વેબિનારમાં શ્રી હસમુખભાઈ સુથારે પ્રાસંગિક વાત કરી.
- તા.૨૧ના રોજ તરઘડિયા મુકામે યોજાએલ ઝોનલ રિસર્ચ એન્ડ એક્સ્ટેન્શન એક્શન કમિટી-‘ઝર્ક’ની મિટિંગમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુક્લ તથા શ્રી પ્રદીપભાઈ ક્યાડા જઈ આવ્યા.
- શ્રી અતુલભાઈ પંડ્યા સપરિવાર તા.૨૨-૨૩ના લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને ‘મારગ’ સંસ્થાના સ્થાપક શ્રી લાલજીભાઈ દેસાઈ અને નીતાબહેન દેસાઈ તા.૨૩ના રોજ લોકભારતીની મુલાકાતે આવી ગયાં.
- તા. ૨૩ના રોજ અધ્યાપન મંદિરના પૂર્વવિદ્યાર્થી, નિવૃત્ત શિક્ષક અને હાલ મોટા ચારોડિયા ગામના સરપંચ તરીકે પ્રવૃત્ત શ્રી પ્રવીણભાઈ ઝાલાએ તાલીમાર્થીઓને સંમેલનમાં પ્રેરક વાતો કરી.
- તા.૨૪ના રોજ સોમવારે સમગ્ર લોકભારતી પરિવારના થોડા મિત્રોએ રાજેન્દ્ર હિલ અને તેની આસપાસના વિસ્તારને પ્લાસ્ટિકમુક્ત બનાવવા માટે સ્વૈચ્છિક રીતે જ એક સફાઈ યજ્ઞ ગોઠવ્યો.
- તા.૨૫ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-સણોસરાના આરોગ્ય અધિકારીશ્રી અને તેની ટીમ તથા જિલ્લાના આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પરવેઝભાઈ પઠાણ આપણા પરિવારજનોની કોરોના તપાસ કરવા આવ્યા. જે કોઈ કાર્યકર કે વિદ્યાર્થી પોઝીટીવ આવ્યા, તેને અંગે યોગ્ય નિર્ણય કરીને તેની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી અને/અથવા તેને તેના વતન મોકલવામાં આવ્યા. બાકીનાં સઘળાં શૈક્ષણિક અને અન્ય કાર્યો રાબેતા મુજબ ચાલુ છે.
- તા.૨૫ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી ડીપાર્ટમેન્ટના પચ્ચીસેક વિદ્યાર્થીઓ લોકભારતીની પરિચય મુલાકાતે શ્રી મહેન્દ્રસિંહજી પરમારની આગેવાની તળે આવી ગયા. તેઓને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ સંસ્થા દર્શન કરાવ્યું. જ્યારે રાજેન્દ્ર હિલ પર શ્રી ધરતી બહેન જોગરાણાએ

આકાશદર્શન કરાવ્યું.

- તા.૨૯ના રોજ અધ્યાપન મંદિરમાંથી કવિતાબેન વ્યાસે ઓલ ઇન્ડિયા હાયર એજ્યુકેશન સર્વે(AISHE)ની કામગીરીના માર્ગદર્શન અંગે યોજાયેલ વેબિનારમાં ભાગ લીધો.
- પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સવારે પરેડ અને શ્રી મહેન્દ્રસિંહજી પરમારના હસ્તે ધ્વજવંદન તથા ત્યાર બાદ સારસ્વતભવનમાં તેમનું વ્યાખ્યાન યોજાયું. તેઓએ 'ચાલો, ગણમિત્ર બનીએ' વિષય પર વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય પણ રજૂ કર્યા. ત્યાર બાદ એક ગીત-સંગીત-લોકગીતોનો નાનકડો કાર્યક્રમ પણ યોજાયો.
- ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સવારે પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, ટુકડીવાર સફાઈ, ૧૧ વાગે મૌન અને પછી ૦૩-૩૦ કલાકે સારસ્વતભવનમાં શિશુવિહાર-ભાવનગરના શ્રી નાનકભાઈ ભટ્ટે 'ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોમાં વૈજ્ઞાનિકતા' વિષય પર વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય પણ રજૂ કર્યા.
- લોકભારતીના પૂર્વ અને સન્માનિત વિદ્યાર્થી શ્રી વી.ડી. બાલા આકાશવાણી-રાજકોટની ટીમને લઈને તા.૩૧મીના રોજ લોકભારતીની મુલાકાતે આવ્યા અને એ ટીમે લોકભારતી પરિચય માટેનું ઑડિયો રેકોર્ડિંગ કર્યું.
- લોકભારતી પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના પડતર પ્રશ્નો અંગે રાજ્યના મંત્રી મા.શ્રી બ્રિજેશભાઈ મેરજાને તથા સંબંધિત અધિકારીશ્રીઓને મળવા શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ગિરીશભાઈ દવે તા.૩૧મીના રોજ જઈ આવ્યા.
- તા.૦૧ના રોજ ઇંગ્લૅન્ડથી આવેલ મહેમાનો સાથે શ્રી અરુણભાઈ દવે લોકભારતી-દર્શન કરાવીને માઈધાર ગયા. તા.૦૨જીએ કળસારની સદ્‌ભાવના હોસ્પિટલના મહાસંમેલનમાં કળસાર જઈ તા.૦૩જીએ ભાવનગર ખાતે ગાંધીસ્મૃતિની બેઠકમાં ટ્રસ્ટીઓ સાથે ચિંતન કર્યું. વિશ્વવાત્સલ્ય બગસરા સંસ્થાના રજતજંયતી નિમિત્તે યોજાએલ ગ્રામોત્સવના ઉદ્‌ઘાટકીય પ્રભાવક અને ભાવુક કાર્યક્રમમાં સમઢિયાળા અને ઝાંઝરિયા ગામે તા.૦૪થીએ શુભારંભ કરાવ્યો. મણાર ખાતે તા.૦૫મીએ શિશુવિહાર પુરસ્કૃત મહિલા ઉત્કર્ષના કાર્યક્રમમાં અધ્યક્ષીય સંબોધન કરવા જઈ આવ્યા. તા.૦૮મીએ લોકસેવા મહાવિદ્યાલયની સુખપર ખાતેની ગ્રામશિબિરમાં સમાપન પ્રસંગે પ્રાસંગિક વ્યાખ્યાન આપી, ગ્રામજનોનો આભાર માન્યો. તા.૦૯મીએ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણારના સંયુક્ત વાર્ષિકોત્સવમાં સંજોગોવશાત્ મુખ્ય મહેમાન ન આવતા યજ્ઞાર્થે સંબોધન કરીને સ્થાનિક વિદ્યાર્થીઓ અને પરિવારજનો સાથે આનંદ માણ્યો. યુનિવર્સિટીની સ્થાપના સંદર્ભે તજજ્ઞોનું માર્ગદર્શન લેવા અને દાતાશ્રીઓને મળવા તા.૨૨મીએ અમદાવાદ જઈ આવ્યા.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ સ્વયંપાકનો કાર્યક્રમ રાખવામાં આવેલ, જેમાં ભાવનગર જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના એજ્યુકેશન ઇન્સ્પેક્ટર શ્રી પ્રતિપાલસિંહજીએ પરિવાર સાથે હાજરી આપી.
- તા.૦૯ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ટ્રસ્ટનો આંબલા-મણારનો સંયુક્ત વાર્ષિકોત્સવ શ્રી અરુણભાઈ દવેની અધ્યક્ષતામાં અને શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી લાલજીભાઈ

નાકરાણી, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી પ્રવીણભાઈ મહેતા, શ્રી ફાજલભાઈ ચૌહાણ, શ્રી હસમુખભાઈ દેવમુરારિ તથા લોકભારતીના કાર્યકરોની પ્રેરક હાજરીમાં ઉત્સાહભેર યોજાઈ ગયો. શ્રી સુરસંગભાઈએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો. સંસ્થાની સ્વચ્છતા, સુઘડતા અને સુશોભનથી સૌ પ્રભાવિત થયા.

- તા.૧૨ના રોજ ગોશાળામાં ઉત્તરાયણ નિમિતે ગો-પૂજન તથા ગૌશાળા સફાઈનો કાર્યક્રમ ગોઠવાયો, જેમાં મુખ્ય વક્તા મહેમાન શ્રી શ્રીધરભાઈ ગજ્જર ઉપસ્થિત રહ્યા.
- તા.૨૩ના રોજ સંસ્થામાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું.
- તા.૨૬ના પ્રજાસત્તાક દિને જિલ્લા પંચાયત સદસ્ય શ્રી મુકેશભાઈ રાઠોડના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ ગોઠવાયો.
- શ્રી રૂપાબેન પટેલ તેમ જ શ્રી સુરેશભાઈ પટેલ અમદાવાદ મુકામે પેપર પ્રેઝન્ટેશન માટે જઈ આવ્યાં.
- તા.૩૧ના રોજ વિદ્યાર્થીઓને કોરોના રસીકરણના બંને ડોઝ આપવામાં આવ્યા.
- શ્રી નરેન્દ્રભાઈ મકવાણાના દાદા શ્રી હરિલાલ કાળુભાઈ મકવાણનું ૯૩ વર્ષની ઉંમરે અવસાન થતાં, તેઓના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં કાર્યકરો જઈ આવ્યા.
- તા.૩૦ના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે શ્રી ગૌરાંગભાઈ વોરાએ વિદ્યાર્થીઓને ગાંધીજી અને તેમણે પ્રબોધેલાં અગિયાર વ્રતો વિષે વક્તવ્ય આપ્યું.

**મણાર સમાચાર**

- મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી સંચાલિત શામળદાસ કોલેજ-ભાવનગરના ૧૦૦ વિદ્યાર્થીઓનો એન.એસ.એસ. શિબિર આચાર્યશ્રી જયવંતસિંહજીની પ્રેરક હાજરીમાં તા.૨૭-૧૨-૨૦૨૧થી તા.૦૨-૦૧-૨૦૨૨ દરમિયાન મણાર સંસ્થામાં યોજાયો.
- તા.૦૨ના રોજ સદ્ભાવના હોસ્પિટલ-કળસાર મુકામે યોજાયેલ સીટીસ્કેન મશીન લોકાર્પણ કાર્યક્રમમાં શ્રી સુરસંગભાઈ અને ગૃહપતિશ્રી ઉપસ્થિત રહ્યા.
- તા.૦૩ના રોજ ૧૫થી ૧૮ વય જૂથના છાત્ર-છાત્રાઓનો કોરાનાના રસીકરણનો કાર્યક્રમ સરકારશ્રી તરફથી મણાર કેમ્પસ ઉપર યોજવામાં આવ્યો.
- શિશુવિહાર-ભાવનગર સંચાલિત હીરાબેન માનભાઈ ભટ્ટ મહિલા સશક્તીકરણ કાર્યક્રમ અંતર્ગત સૌરાષ્ટ્ર વિસ્તારની દસ-દસ બહેનો મળીને કુલ ૧૦૦ બહેનોને રૂ. ૨૫૦૦/-લેખે કુલ રૂ. ૨,૫૦,૦૦૦/-ની આર્થિક સહાય આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રી હીરાબેન ભટ્ટ તેમ જ મુંબઈ નિવાસી શ્રી રચનાબેન અને શ્રી ગૌરાંગભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યાં અને છાત્રાઓને પુરસ્કૃત કર્યા. શ્રી અરુણભાઈ દવેએ મનનીય વક્તવ્ય આપ્યું. આ પ્રસંગે શ્રી નાનકભાઈ ભટ્ટે પ્રાસંગિક સંબોધન કર્યું.
- મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે સંસ્થાના કાર્યકર પરિવારો દ્વારા ગૌશાળા સફાઈનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. સમૂહમાં શેરડી અને બોર ખાવાનો કાર્યક્રમ પણ રહ્યો. કાર્યકરોએ ગોશાળાની ગાયો માટે ખોળ સ્વરૂપે ભેટ પણ આપી.
- તા.૨૬ના રોજ પ્રજાસત્તાકદિનની ઉત્સાહ ભેર

ઉજવણી કરવામાં આવી. સવારમાં પ્રભાત ફેરી, ગાંધીગીતો, સૂત્રોચ્ચાર અને પરેડ જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા. 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની પણ ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓનાં વક્તવ્યો અને દેશ ભક્તિનાં ગીતો ગાવાનું યોજવામાં આવ્યું. ધ્વજવંદન શાળાના કૃષિ શિક્ષક શ્રી લાલજીભાઈ ખેરાળાના હસ્તે કરવામાં આવ્યું.

- તા.૨૬મીએ ભાવનગરના જાણીતા ડૉક્ટર શ્રી તેજસભાઈ અને તેમના ડોક્ટર મિત્રોની ટીમ સંસ્થા દર્શને આવી, તેમણે ખુશી વ્યક્ત કરી.
- મણાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૪૮ કાર્યકરોને કોવેક્સીનનો ત્રીજો ડોઝ આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી.
- ગાંધીનિર્વાણ દિન નિમિત્તે ભાવનગર જિલ્લા સહકારી સંઘ-ભાવનગર દ્વારા સહજાનંદ વિદ્યાલય-બપાડા મુકામે 'આઝાદીકા અમૃત મહોત્સવ' નિમિત્તે ખેડૂત સંમેલન અને જિલ્લા સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ઈફકોના ચેરમેન શ્રી માન. દિલીપભાઈ સંઘાણી ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા અને શ્રી જયવંતસિંહજી જાડેજાએ પ્રમુખસ્થાન સંભાળ્યું. આ કાર્યક્રમમાં શ્રી પ્રવીણભાઈ મહેતા અને સુરસંગભાઈ હાજર રહ્યા.
- 'મોજીલું શિક્ષણ' પ્રોજેક્ટ અંતર્ગત આ વિસ્તારની પ્રા. શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ હોવાથી શેરી શિક્ષણમાં 'મેઘધનુષ્ય રાઉન્ડ'ની અલગ-અલગ ૨૦ જેટલી પ્રવૃત્તિઓ ૨૫ શાળાઓમાં કરાવવામાં આવી.
- 'પાણી બચત પ્રોજેક્ટ' અંતર્ગત આ દિવસોમાં વિવિધ ચાર ગામોમાં ચાર ચેકડેમનું રીપેરિંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું. હાલ દીહોર ગામ મુકામે એક ચેકડેમનું કામ ચાલી રહ્યું છે.
- અંધ ઉદ્યોગ શાળા-ભાવનગરને રૂપિયા ૫૦,૦૦૦/- જેવી માતબર રકમનો શ્રેષ્ઠ ફાળો એકત્ર કરીને ચેક અર્પણ કરવા બદલ વિશ્વ વિકલાંગ દિને શાળાના આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગરને સન્માનિત કરવામાં આવ્યા.

**માઈધાર સમાચાર**

- તા.૦૧ના રોજ શ્રી નલિનભાઈ પંડિત તેમ જ શ્રી અરુણભાઈ દવે સંસ્થા શુભેચ્છા મુલાકાત માટે આવી ગયા.
- તા.૦૨ના રોજ શ્રી પાતુભાઈ આહિર સદ્ભાવના હોસ્પિટલમાં સી.ટી. સ્કેન મશીન લોકાર્પણ કાર્યક્રમમાં જઈ આવ્યા.
- તા.૦૩ના રોજ 'મોજીલું શિક્ષણ' કાર્યક્રમ અંતર્ગત ગઢપુર સંસ્થાના ૦૪ કાર્યકરો માઈધાર કેન્દ્રમાં તાલીમ અર્થે આવી ગયા.
- જોધપુર સ્થિત શ્રી સોહનલાલ વડેરા અને તેમનાં પત્નીને લઈને પૂર્વ વિદ્યાર્થી શ્રી ઘનશ્યામભાઈ ચભાડિયા માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા. સંસ્થામાં પાણીનું પરબ બનાવવા માટે તેઓએ આર્થિક મદદ આપી.
- તા.૦૫ના રોજ લોકભારતી તથા આંબલા સંસ્થાના બહેનો તથા કાર્યકરો શ્રી રેખાબેન વ્યાસ, શ્રી રમાબેન દેવમુરારિ, શ્રી મુક્તાબેન ગોડા, શ્રી વાઘજીભાઈ કરમટિયા સંસ્થા મુલાકાતે આવી ગયાં.
- તા.૦૬ના રોજ લોક વિદ્યાલય-માઈધાર ધોરણ-૦૯ના વિદ્યાર્થીઓ અને કાર્યકરો દ્વારા NO Plastic Use Day અંતર્ગત છાપાની ટોપી

બનાવી તેમાં સૂત્રો લખી ગ્રામજનો તેમ જ સંસ્થામાં પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા માટે જાગૃતિ કાર્યક્રમો કર્યા.

- તા.૦૬એ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા તથા શ્રી મિલનભાઈ કેરાશિયા માઈધાર કેન્દ્રમાં બગીચામાં ડ્રીપ ફીટિંગ માટે આવી ગયા.
- તા.૦૮ના રોજ લોકભારતી ખાદીભંડાર દ્વારા ખાદી વેચાણ મેળો ગોઠવાયો. સ્થાનિક વિદ્યાર્થીઓ, કાર્યકરો તેમ જ આસપાસના શિક્ષકોએ ૧ લાખ રૂપિયાની ખાદીની ખરીદી કરી.
- તા.૧૨ના રોજ ડૉ. પરવેઝભાઈ પઠાણ અને શ્રી સમીરભાઈ પઠાણને લઈને ડૉ. વિશાલભાઈ ભાદાણી માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા. તેઓએ વિદ્યાર્થીઓ સાથે આરોગ્ય, વ્યસનમુક્તિ વિષયક તેમ જ બેલ્જિયમ દેશ વિશેની વાતો કરી. વિદ્યાર્થીઓએ ખૂબ જ પ્રશ્નો પૂછ્યા.
- તા. ૧૯ના રોજ અહિંસાની કેળવણી કાર્યક્રમના કાર્યકરોની બે દિવસની તાલીમ માઈધાર કેન્દ્રમાં યોજાઈ ગઈ.
- તા.૨૦ના રોજ વિજ્ઞાનનગરી-ભાવનગરના શ્રી પરાગભાઈએ વિદ્યાર્થીઓને ISO અને ICO પરીક્ષાઓ વિશે વાતો કરી.
- તા.૨૬ના રોજ ચાર મનપસંદ ટુકડીઓમાં વિદ્યાર્થીઓએ રમતગમત, ક્રાફ્ટ બનાવવા, વીડિઓ ક્લિપ જોવી અને ગીત-અભિનય જેવી પ્રવૃત્તિઓ કરીને પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી.
- તા. ૨૭ના રોજ કળસાર ત્રિવેણીતીર્થ પ્રા.શાળાના શિક્ષકોએ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં જાતે પ્રયોગ કરીને તાલીમ મેળવી.
- તા.૩૦ના રોજ શ્રી પાતુભાઈ આહિર, શ્રી એભલભાઈ અને શ્રી જગદીશભાઈ જિલ્લા સહકારી સંમેલનમાં બપાડા મુકામે જઈ આવ્યા.
- ગાંધી નિર્વાણ દિનના અનુસંધાને ધોરણ-૦૯ અને ૧૧ના વિદ્યાર્થીઓએ ગાંધી સાહિત્ય તેમ જ અન્ય ઈતર સાહિત્યનું વાચન કરીને તેની રજૂઆત કરી.

### શ્રદ્ધાંજલિ

- પૂજ્ય મૂળશંકરભાઈ ભટ્ટનાં દીકરી શ્રી ઊર્મિલાબહેનનું તા. ૦૯-૦૧-૨૦૨૨ના રોજ ૮૪ વર્ષની વયે ભાવનગર ખાતે અને તે જ દિવસે તેમનાં નાનાંબહેન શ્રી મીનાબહેનનું ૮૦ વર્ષની વયે ગાંધીનગર ખાતે દુઃખદ અવસાન થયું છે.
  સંપર્ક : શ્રી વિક્રમભાઈ ભટ્ટ
  મો. ૯૮૭૯૨૧૨૨૨૬
- લોકભારતીના પૂર્વકાર્યકર શ્રી હર્ષિદાબહેન પ્રમોદભાઈ પંડિતનું તા. ૨૭-૦૧-૨૦૨૨ના રોજ ૯૦ વર્ષની વયે વડોદરા ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતી પૂર્વકાર્યકર શ્રી યશવંતભાઈ ત્રિવેદીનાં ધર્મપત્ની શ્રી રમાબહેન યશવંતભાઈ ત્રિવેદીનું ૯૧ વર્ષની વયે તા. ૦૨-૦૨-૨૦૨૨ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
  સંપર્ક : શ્રી નિખિલભાઈ ત્રિવેદી
  મો. ૯૮૭૯૧૯૨૭૩૨

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ-પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

# ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર વાર્ષિકોત્સવની એક ઝલક



સંચાલન : શ્રીનરેન્દ્રભાઈ મકવાણા



સંદેશવાચન : શ્રી ડાહ્યાભાઈ ડાંગર




રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને આપણું શિક્ષણ
શ્રી અરુણભાઈ દવે




પ્રાસંગિક- આવકાર : શ્રી વાઘજીભાઈ કરમટિયા




આભાર દર્શન : શ્રી રાજુભાઈ વાળા




વાર્ષિક અહેવાલ
શ્રી સુરસંગભાઈ ચૌહાણ








પ્રાસંગિક ઉદ્‌બોધન
શ્રી રામચંદ્રભાઈ પંચોળી











TO.

From :


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-